મચ્છવેધ.

(દ્રૌપદી સ્વયંવર)

વ્યાસ શ્રીકેમત્તાલ ઈચ્છાશંકરનું બનાવેલું

રાગ રાગણીથી ભરપુર.

છાપી પ્રસિદ્ધ કરનાર

માહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણદરવાજા—અમદાવાદ.

આવૃતી. ૨ જી. પ્રત. ૨૨૦૦.

સને ૧૯૦૮ સંવત ૧૯૬૪

શ્રી 'રાસ સાગર' પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

કિંમત ૮ આના.

૨૩૫૮ શ્રી ગણેશાય નમઃ

મચ્છવેધ

(દ્રૌપદી સ્વયંવર.)

કડવું ૧ લુ રાગ ધનાશ્રી

પ્રથમ પ્રેમ આણીને કહુછું સાંભળને રાજન, આજ્ઞા આપો આદ્ય શક્તી કરૂં સ્વયંવર વર્ણન, ૧ શંભુ સુતને વરણવું પ્રેમે પુજીને લાગુ પાય; ગર્વો ગ્રંથ રચવાની મારા મનમાં થઇ ઇચ્છાય. ૨ પાંચ પાંડવ કુન્તા સાથે આવ્યા દ્રોમ આશ્રમ; કાપડીના વેશે વશ્યા નથી ઓળખ્યાની ગમ. ૩ પર્ણકુટીકા પ્રેમે બાંધી વનમાં વનફળ ખાય; રૂષીની સેવા કરેછે ધર્મ ધોરીંધર રાય. ૪ એ કથા રહી એટલે તું સુણ જનમેજય રાય; પંચાળ દેશનો ધરૂપત રાજા તેનો કહું મહીમાય. ૫ પ્રભુએ તેને એક પુત્ર આપ્યો છે પ્રસન્ન થયો છે રાજાન, એક કન્યા ઇશ્વર આપે તો દેઉં કન્યાદાન. ૬ એમ જાણી ઉલટ આણી ધ્યાન હરીનાં ધરીયાં, કન્યાદાનનું ફળ લેવાને પુણ્યદાન બહુ કરીયાં. ૭ બ્રહ્મારે બેઠા વેદ ભણે છે, બ્રહ્મ સભાની માંહ; એચીંતા ત્યાં આવી પહોચ્યા પશુપતિ શંકર રાય. ૮ ચારે મુખે વેદ ભણતા સુણતાં થયું સુખ; ગર્વવની પેઠે ભુંકેછે બ્રહ્માનુ પાંચમુ મુખ. ૯ દારૂણ દુઃખ ત્યાં થવારે માંડયું શંકરને તે દીશ; ત્રીશુળ લીધુ હાથમાં ને છેદી નાખ્યું શીશ. ૧૦ પાંચમુ મુસ્તક છેદી નાખ્યુ ચીતમાં ચીંતા પેઠી, મહાદેવ મનમાં પસ્તાયા છે બ્રહ્મહત્યા મને બેઠી, ૧૧ હાથ જોડી કહેવા લાગ્યા શંકરને થયો સંતાપ; પાંચમુ મુસ્તક છેદી નાંખ્યું તેનું લાગ્યું પાપ ૧૨ ઉપાય એનો શો કરવો, બ્રહ્મા કહે તત્પર થઇએ;વિવેક વિષ્ણુ બતાવશે માટે તેની પાસે જઇએ. ૧૩ વીઠલ બીરાજ્યા વૈકુંઠ વિષે આવ્યા બન્ને ત્યાંહ; શામતા દીઠી શંકરને ત્યારે બોલ્યા વૈકુંઠરાય. ૧૪ શંકર કહે મેં શી છેદયું બ્રહ્માનું મહારાજ, આ હત્યા હવે દુર કરોને રાખો મારી લાજ. ૧૫ હરી હાથ જોડીને કહેછે હત્યાને તેણીવાર; મહાદેવને તમે મુકી દો એમ બોલ્યા મુખ ઉચ્ચાર.૧૬ હત્યા ત્યારે બોલી ઉઠી કષ્ટજ મારૂં કાપો; મને વેગળી [illegible]ઢવી હોય તો ભક્ષ ભારે આપો. ૧૭ વિષ્ણુ વીવેકે વાણી બોલ્યા વચન તારૂં થાપુ મહાદેવથી વેગળી ખશે તો અઢાર ક્ષોણી દર આપું. ૧૮ પ્રસન્ન થઇને વચન લઇને પુરણ આણી પેર, શંકર બ્રહ્મા ઉઠી ચાલ્યા પોતપોતાને ઘેર. ૧૯ કૃષ્ણાઅવતાર થયોરે

જ્યારે કરતા લીલાલેહેર. હત્યા પેલી અવતરી મેધાવી રૂષીને ઘેર, ૨૦ સુંદરીનું સ્વરૂપ સારૂં દ્વીજ કેરે ધામ; શાંન્તાને તે સાંપડી ગુણસુંદરી એનું નામ ૨૧ ઉછરીને મોટી થઇ છે નવ વરસની જ્યારે; માતા એની મરણ પામી તે ઠેકાણે ત્યારે. ૨૨ શોક સંતાપ ઠરવા લાગ્યા ઘણારે વીત્યા દન; પુત્રી મારી મોટી થઇ છે હવે તેનું કરવું લગન ૨૩ એમ જાણી ઉલટ આણી જામાત્ર ખોળવા જાય; દેશ દેશમાં ફરી વળ્યાને વૃદ્ધ થઇ છે કાય. ૨૪ વનને વીષે થોડે દહાડે મેધારી પામ્યા મર્ણ પુત્રીને દારૂણ દુઃખ લાગ્યું હું રહી કોને શર્ણ ૨૫ અઘોર વનમાં રહિ એકલી કરે ઘણું કલ્પાંત,દુર્વાસા દારૂણ દુઃખ દેખી પુત્રિને પમાડી શાન્ત. ૨૬ વાસણ વસ્ત્રને પાના પુસ્તક રૂષીઓને આપી દીધાં, વનમાં જઇને શાન્ત થઇને શંકરનાં તપ કીધાં. ૨૭ ઘણાક કષ્ટે શંકર મળીયા દીધુ છે દરશન; તપથી જાગા પાયે લાગી મન થયું પ્રસન્ન. ૨૮ માગ માગે તે આપુ એમ બોલ્યા નિરધાર; માગુછું હું માગુછું હું માગછું ભરથાર. ૨૯ ઉમાપતિ પતી સ્વામી આપો ન આવે ઉની આંચ હુંશ ધરીને હર બોલ્યા છે તને પતીરે મળશે પાંચ. ૩૦ ઓ મહારાજા એવુ શુ બોલ્યા એવું તે કેમ થાય; પુરૂષને નારી ઘણી નારીથી બીજો નવ થાય ૩૧ પાંચવાર જો તેં માગ્યા તો પાંચ થશે તારે સ્વામી; આશીરવાદ હુંશેથી દઉછું, નથીરે તપમાં ખામી ૩૨ હર ત્યાં અંતરધ્યાન થયાને કન્યા રહી ત્યાં વરી; કાષ્ટજ લાવી ચીતા ખડકી કન્યા બળી મરી. ૩૩ બીજે અવતાર અવતરીએ ગુણસુંદરી થઈ ગાય; પાંચ વૃષભ પુંઠે પડયા છે કૈલાશ આગળ જાય. ૩૪ પાર્વતી પ્રેમેથી ઉઠયાં, રૂઠયા પોતે મન આ છે શો અપરાધ એનો, તમે જુઓને પંચવદન. ૩૫ એક ધેનુને પાંચ વૃષભ શા. કરી મશ્કરી જ્યારે; ગાયને વાચા થઇને, શ્રાપ દીધો ત્યારે. ૩૬ પાંચ પતી પણ તમને થાજો, એવો બોલ સાંભળીઓ; અંશ એનો ઉડી ગયોતે, પાર્વતી એ ગળીઓ ૩૭ શંકરની પાસે આવીને, નયણે નીરખી નામી;ઓ મહારાજા હવે શું કરવુ. પાંચ થયા મ્હારે સ્વામી. ૩૮ શીવકહે સંતાપનકરશો, ધ્યાનજ મારૂં ધરજો; ધરૂપતને ઘેર વહી થાય છે, તમે અંશે ત્યાં અવતરજો ૩૯ વીરપુરૂપ હું એક બનાવું,તે કરે ચતુરાઇથી ચેન;તમારા તેજની કરોરેકન્યા તે થશે ભાઇ બ્હેન ૪૦ હું પાંચ પુરૂપનો અવતાર થઇને ઉતારીશ ભુ ભાર; ધરૂપદને ઘેર છાયા રૂપે, ધરો ભાઇ બ્હેનનો અવતાર. ૪૧ કન્યા બનાવી પાર્વતીએ, શ્રાપનો રાખી ટેક; સત્યશંકરે રાખવાને વીરપુરૂષ બનાવ્યોએક. ૪૨ અવતારનો તો અગ્ની કેરો શીવે તેડયો જ્યારે; ધરૂપદને ત્યાં વહીમાંતું અવતરજે અત્યારે. ૪૩ પંચ વર્ષના બે બાળક ત્યાં, ચીતામાં નવ પેઠાં; શંકરે

ત્યાં રથ આપ્યો, તેમાં બંને બેઠાં ૪૪ વહીની પુર્ણાહુતી વેળા, હોમે શ્રીફળ જ્યારે પુત્ર પુત્રી રથમાં બેઠેલાં પ્રગટ થયાંછે ત્યારે ૪૫ દેવના દુંદભી ગડગડયા ને પુષ્પની વૃષ્ટી થાય; કન્યાનું સ્વરૂપ દેખીને આણંદ અંગ નમાય ૪૬ દ્રષ્ટદ્યુમન નામ પુત્રનું ધર્યું દ્રુપતને ધામ; અલૌકીક કન્યા દેખીને, દ્રૌપતી ધરીયું નામ ૪૭ બ્રાહ્મણ સર્વેવીદાય થયાને પ્રસન્ન થયો રાજન;ઓછંગે બેસારી બેઉને, રાય બોલ્યા વચન. ૪૮ પુત્રને તો ઘેર રાખ્યો, કન્યા બાગની માંહ; હજાર દાશી રાખ્યા અર્થે સોંપી દીધી ત્યાંહ. ૪૯ ખાન પાન સારૂં આપે છે, પોતે ત્યાં રાજન; એવામાં નારદજી આવી, બોલ્યા મુખ વચન. ૫૦ તુજ ઘેર અંબા અવતરી. જે નીકળી જગન; તે તમે મુજને બતલાવો, કરવું છે દરશન. ૫૧ ॥ વળણ ॥ બ્રહ્મા પુત્ર દરશન કરવા, આવીમન ઇચ્છાય; વ્યાસ ત્રીકમ વાણી વદે, સુણજો સઉ શ્રોતાયરે.

કડવુ ૨ જુ રાગ દોહરો.

વૈસંપાયે એણીપેરે બોલ્યા, શુણુજનમેજેરાય; વીસ્તારી તુજને સંભાળાવું, મછવેધનો મહીમાય.૧નારદજી આવા દ્રુપતને ઘેર, બોલ્યા મુખ વચન; તમારી પુત્રી પરમ પવીત્ર, તેનાં કરવાં છે દરસંન. ૨ વચન સાંભળી રાય બોલ્યો એશી બોલ્યા વાણી; તમો સત્ય પુરૂશ પધારા, ઝાઝી ઉલટ જાણી. ૩ નારદ કહે એ જુગત અંબા, સતી સાધવી નાર; અવતાર ધારી તમ ઘેર પધારાં, મેં જાણ્યા સમાચાર. ૪ તરત રાયે ત્યાં તેડાવી સતી સાધવી જ્યારે; નારદજી દરસંન કરીને ઘેર ગયાછે ત્યારે. ૫ પછે થોડે દહાડે વેદમ વ્યાસજી, આવ્યા દ્રુપત ઘેર; વ્યાસ જાણી ઉલટ આણી. કરી આસનની પેર. ૬ આસંન આપી પુજા કીધી, બોલ્યા મુખ વચન કહો વ્યાસ કેમ પધારા મને દીધુ આજ દરસન ૭ વ્યાસ કહે જુગત અંબાના, દરસનનો મને લાવ. તે માટે હું અહી આવ્યો છું, ભલી રીતનો ભાવ ૮ ઓ માહારાજા એ શું બોલ્યા મમપુત્રી તેજ તમારી; વ્યાસ કહે તમે હવે ન કેહેશો, દો પુત્રી ભાવ વીસારી. ૯ કારણરૂપ એ ખપર ભરવા, લીધો છે અવતાર; માટે હવે નવ બોલશો, તમ ખપર ભરે એ નાર ૧૦ વળી કયાંય વીવા કર્યો છે એનો, કરો વાત સરવથી; દ્રુપત કેહે ઘણા દેશ જોયા, પણ જામાત્ર જડતો નથી.૧૧રૂપછે ત્યાં ગુણ નહીને, નહી ગુણ ત્યાં રૂપ; કોઇક ઉંચો કુળવાન જોઉ છું ભારે બળીયો ભુપ ૧૨ પણ કોઇ મળતો નથી, તમે હરખ મનમાં લાવો; જુગપતી તગે જાણતા હોતો, કાંઇ ઉપાય બતલાવો૧૩વાણી સાંભળી વ્યાસ બોલ્યા,

સાંભળને રાજન; સયંવર સારો રચવો, લઈ રે મછવેધંન ૧૪ તેની સાથે પરણાવો પુત્રી હેવી વાત કરી છે જ્યારે; વીસકર્માને તેડાવી શયંવર કરશો ત્યારે, ૧૫ સયંવરની રચનાસારી, મંડપ મોટો કરવો; માટે મારૂ કહ્યુ માનીને, વીશકર્માને તેડાવો ૧૬ તે સભા સારી આવી કરશે, જોવા જેવી જુક્તી; દેવ સરવે આવશે ગગને, જંન જોઇ પામે મુક્તી ૧૭ ચોરાશી હજાર દેશના મળશે રાંણા રાય; અડાશીહજાર રૂશી, આવશે સભામાંય. ૧૮ રાજાને જેવો અધિકાર, તેનું તેવુ આશાંન; મધ્યે ત્રણજોજંનનો, સ્થંભ કરશે સ્થાપંન ૧૯ નીચે જળની કુડી કરશે, મહી પાણી ભરશે સ્વછ; મધ્યગાળે બે ત્રાસ બાંધશે, ઉપર સવા મણનું મંછ.૨૦ છપનકોટી જાદવ આવે, દેશદેશાના વેહેપારી; માલ અતીશે લાવસે, શોભા થાશે સારી. ૨૧ ચાર દીશાના ચાર દરવાજા, ફરતો કરશે કોટ; વીશકર્માની વીદયા મોટી નથી વાતની ખોટ. ૨૨ જળકુડીના ઉપર પાટીયું તે ઉપર જે કોઇ જાય; સ્થંભને જઇ બાથ ભીડાવે પછે પાટીયું ખેંચાય ૨૩ ધીમે ધીમે ઉપર ચડવુ જ્યાં બે બાંધ્યા ત્રાસ; તે એમાં પગ સાથે મુકે, ત્યારે પોચે આશ. ૨૪ ધનુષ બાણ ખભે લીધેલા. તે લે પોતાને હાથ; પરચંચા ચડાવી જળ જુવે, પ્રતીબીંબ શાક્ષાત. ૨૫ સવામણ સોવ્રણ મછજ, ઉપર ચકડી ફરશે; એક બાંણે નેત્ર વેધીને, તે જળ કુડીમાં પડશે. ૨૬ પછે હેઠો ધીમે ધીમે, સ્થંભ ઉપરથી ઉતરશે; તેને તમારી પુત્રી આ સતી. નીશચે રાજા વરેસે. ૨૭ વળી જે કોઈ ઉપર ચડસે. તે પડે ચંતામાં પેસે; તેને માટે કાસ્ટા આશંન રચે, તે ઉપર તે બેસે. ૨૮ માંન ભંગ રાજા તે થાસે, સૌ જોશે રહ્યા રાય; ગમે તેવો મોટો રાજા પણ તેની આબરૂ જાય. ૨૯ આ રીતે તું કામ કરાવજે, હેવું કહી થયા વીદાય, વેદમ વ્યાસ અંતર્ધાન થયા, રાય ચતુરને થઈ ચંતાય. ૩૦ અરે ઇશ્વર હવે શુ કરવું, મુજ રાંકને હાથ રતંન; મુજ ગરીબને ગેર આવસે. મોટા મોટા રાજન. ૩૧ ધ્રુષ્ટધુમન શીખંડી તેડા, પ્રેમે બોલાવો પ્રધાન; પુત્રીને પરણાવવાની, સામગ્રી કરો રાજન. ૩૨ દ્રોણી ગોર કહે દ્રુપતને, ચંતા ન કરશો રાય; પેહેલા વીશકર્માને બોલાવી,ર ચાવો સભાય. ૩૩ દ્રુપત રાયે ધાન ધરૂ છે વાશ્વકરમાનું જ્યારે, મંત્ર આધિન દેવતા તે આવી પોહોચ્યા ત્યારે. ૩૪ આસન આપી પુજા કીધી. તવ બોલ્યા મુખ વચન; શા કામે ને સેને અરથે, મને તેડાવ્યો રાજન. ૩૫ દ્રુપત કહે મુજઘેર કન્યાછે, તેનું કરવુ છે લગંન; મછવેધનનો સ્યંવર રચવો તેડવા સરવ રાજંન. ૩૬ અડાશીહજાર રૂશીને,વળી છપંન જાદવ કોટી;વળી દેશદેશના વેપારી માટે

સભા રચોને મોટી. ૩૭ કન્યાને બેસવા મેહેલ જુદો. તમે બનાવો માહારજ; તે માટે તમને તેડાવ્યા, કરો એટલું કાજ. ૩૮ વાત સાંભળી વીસ્વકર્માએ, થયા છે મંન પરસન; ભારે ભારે ભુપતી આવશે, દ્રુપત તણે ભોવન. ૩૯ માટે જગીયા બતાવો મુજને નગર બારણે જેહ; તે જગીયા મુજને દેખાડો, મેદાંન કરાવી તેહ. ૪૦ વાત સાભળી વિસ્વકર્માની, અનુચરને તેડા જ્યારે; હુકમ માની રાયનોને, તે ગયો બારણે ત્યારે. ૪૧ ઝાઝા ઝાડ ઉખેડી નાંખ્યા; સાફ કરૂ મેદાન, સાંજે જઇને વીસ્વકર્માએ, ધર્યું વિદ્યાનું ધ્યાન. ૪૨ ॥ વળણ ॥ વીધ્યા કેરૂ ધ્યાન ધરીયું પાંહચે મનમાં કોડ; સભા રચેછે શોભતી ભાઈજે જે શ્રી રણછોડ.

કડવું ૩ જું રાગ ચોપાઈ.

બોલ્યા વૈશંપાયન વચન, સાંભળ જનમેજય રાજન; કહું કથા મરછા વેધન, જગ્યા આપી સોળજોજન ૧ પહેલી વીદ્યાવીવેક લીધી, સ્ફટીકમણીની ભોમી કીધી; જેને નથી વિદ્યાની ખોટ, પછે કરીયો કનકનો કોટ. ૨ કોટ કાંગરે હિરાઝળકે, મણી મોતીની ઝુલોલળકે; ચારદિશાના દરવાજા ચાર બબ્બે ઉભા છે છડીદાર. ૩ હાથે આપી ઉઘાડી તરવાર, જેની શોભા તણો નહી પાર; લાલ લીલાને પીળા રંગ, તેની શોભા બની છે અનગ. ૪ દરવાજે કરીને કમાન, જોતાં જાય શુદ્ધનેસાન; એકેક દરવાજે ઘડીઆળ ચાર, જોડે પુતળીઓની હાર. ૫ હાથ રત્ન દીવડા શોભે મોટા રાજાના મન લોભે; હીરા રત્ન ઝાઝાં જડીયાં,લીલાપીળા કાચમહી મઢીઆ.૬ કારીગરીના કમાડ છાજે, ઉપર નોબત ડંકા ગાજે;પુર્વદિશાનો દરવાજો જેહ, રાજસભાનો મારગતેહ.૭ ઉપર હીંડીને જાય રાજન, આવે રાજસભાના આસન.૮ ઝાઝી જુકતી જોઇ ચંતમાં પેસે, નામ વાંચીને આસન બેસે; જ્યાંજેવો જોઇએ રાજન, ત્યાંતેવું તેને આસન ૯ કર્યાં સોવણનાં આસન, મહીં જડયા હીરાને રતન; એક એકથી શોભા અપાર, સીંહાસન હારોહાર. ૧૦ સભા મધ્યે મોટું આસન, ત્યાં બેસશે દુરયોધન; સીંહાસનપર પુતળી ચાર, તેનાં પગથીઆં અગીઆર.૧૧ રચી રાજસભા એવી જ્યારે, એક મહેલ કર્યો જોડે ત્યારે; ગોખ બારી અને અટારી. જેની શોભા કહીયે ભારી. ૧૨ મોટામોતીનાં તોરણ લળકે,હીરા માણેક ઝાઝા ઝળકે;ત્રણ માળનો મહેલઅગાસી, જેની શોભા કરીછે ખાસી.૧૩ ઉપર સોનાનું સીંહાસન, મહિ ઝાઝાં જડયાંછે રતન; કારીગરીનું કામ ત્યાં કીધું, સોનાછત્ર ઉપર મુકીદીધું.૧૪ આવી બેસશે જગદંબાય,જેની જુકતી

ઝાઝી દેખાય; જોડે જાદવનીરે સભાય, ત્યાં આવશે રણછોડરાય ૧૫ જે ધારણુ રાખે ધીર, જોડે બેસશે હળધર વીર; જાદવ આવશે છપ્પનકરોડ, વચ્ચે બેસશે શ્રી રણછોડ. ૧૬ પગથીયાં નવનું સીંહાસન ત્યાં બેસે જુગજીવન; એવી જાદવની સભા કીધી, સામી રૂપીની સભા લીધી. ૧૭ જેને જેવું તપનું આધન, તેને તેવું છે આસન; ઝાઝી જુકતીઓને તે ઠામ, વાઘ ચર્મ મુકી લખ્યાં નામ. ૧૮ વળી દર્ભતણાં આસન, રૂષી બેસે થઇ પ્રસન્ન; પંચ પાત્રને આચમની જાણું જોડે ત્રાંબાનું તરભાણું. ૧૯ વિભુતિને માળા મુકી, ગૌમુખી ના ગયા ચુકી; કર્યા કુંડ અગનીના ત્યાંય બેઠા જવતલ ત્યાં હોમાય. ૨૦ મધ્યે સ્થંભ રોપ્યો નીરમળ, ફરતું ભરીયું અખંડીતજળ; જુએ સભામાં બેઠેલાજન, સ્થંભ ઉંચો ત્રણ જોજન. ૨૧ સકળ સભા થાય ઉલ્લાસ, મધ્યે બાંધીદીધા બેત્રાસ; ટોચે સવામણનું મચ્છ. ફરે ફેરપુંદડી સ્વચ્છ. ૨૨ શોભા અલૌકીક બનાવી. રાજા દરૂપદનીજ તેડાવી; જોઈ સ્વયંવરનું ધામ; કર્યું વિશ્વકર્માએકામ. ૨૩ વિશ્વકર્મા થયા અંતરધાન, પછી ઘેર ગયો રાજન; પછે હરખમનમાં લાવ્યા, પોતાના પુત્ર બોલાવ્યા. ૨૪ કંકાવટીમાં કંકુ ભરીયું, કંકોતરી લખવા મન કરીયું; લખો દેશ દેશના રાય, સઉ તેડાવો સભા માંહ. ૨૫ અનુચરને આજ્ઞા દીધી. ત્રણ જળની પેરણા કીધી. બેઠા લખવાને કંકોતરી, સઉ રાયના ધાન ધરી. ૨૬ ॥ વળણ ॥ કંકોતરી લખવાને બેઠા, કહીએ દરૂપતરાય. ૨૭ પ્રથમ પહેલી લખો લાખેણી, જે દુરીયોધન રાયરે; શ્રોતા વકતા સમજતા, કહે કવીતા કરજોડરે; એક વાર સઉ બોલજો ભાઈ, જય જય શ્રી રણછોડરે.

કડવું ૪ થું રાગ ધોળની દેશી.

વૈશંપાયે રૂપી એમ બોલીયા, સાંભળ જનમેજેરાજન, શોભા સ્વયંવરતણી લખવા માંડી લાખેણી કંકોતરી બે પુત્રને જોડે રાજન. શોભા ૧. કુંકુ છાંટી કંકોતરી મોકલે, દલથી લખે છે ધ્રુષ્ટધુમન. શોભા સઘળી પ્રથ્વીમાં મોટા રાયજી, દુરયોધન દુઃશાસન શોભા ૨ હુશ ધરી હસ્તીનાપુરમાં, ગુણશાળા ગંગાજીના તન. શોભા. કંન્યા પ્રગટીરે મુજઘેર કોડથી, મેં માંડયોછે મચ્છવેધન શોભા ૩ સકળ સૈન્ય સાથે સઉ આવજો, તમે કહાવો મોટા મહારાજ. શોભા તમ પ્રતાપે કામ આરંભીયું, તમ આવે રહેશે મારી લાજ. શોભા ૪ પ્રેમે પત્રલખી એમ પાઠવ્યો, આપ્યો અનુચર કેરે હાથ. સોભા. સારા શુકન જોઇને સંચર્યો, જયાં છે હસ્તીનાપુરનો નાથ. શોભા ૫ પછે પ્રેમે લખે પરીબ્રમને, દ્વારકામાં શ્રી જદુરાય. શોભા. તમ પ્રતાપે કામ આરંભીયું, શામળીયા થાજો સા

હાય શોભા. ૬ સાથે છપન કોટી યાદવ લાવજો, સુરસેનને પ્રદુમન. શોભા. બાહુબળીયા બલીભદ્ર તેડીને, સઉ સાથે તમારા તન. શોભા.૭ મંડપ મછવે ધન મોટો માંડીયો, ભલા ભરાસે મોટા ભુપ. સોભા. વિઠલ વિશ્વપતી વેહેલા આવજો, તમ દરશને થઉ તદરૂપ. શોભા. ૮ કંકુ છાંટી કશ્નજીને મોકલી, અનુચરને કર્યા છે વીદાય શોભા. રાજી થઇને લખે બીજા રાયને, દંતવક્ર શીશુપાળ રાય. સોભા. ૯ જોર ઝાઝુ તમારૂ જાણીને, બે બહાદુર બળીયા હોય.સોભા. સુરપુર નુર સઉ આણીને, તમને જીતી શકે નહી કોય. શોભા. ૧૦ પુરણ પ્રીતે પેહેલા પધારજો, તી જસ લો જગની માંહ.સોભા. તમે દમઘોષરાયના દિકરા, ઝાઝુ ઓળખે જાદવરાય. સોભા. ૧૧ લખીઅનુચર આપીને મોકલ્યો, લઈતર્ત થયો છે વિદાય. સોભા. પછે લખે લાખેણી કંકોતરી, જે છે માગધ-દેશનો રાય. સોભા. ૧૨ જબરા જોદ્ધા જોરાવર જાણીયા, જીવે જગતમાં જરાસન. સોભા. ત્રણ વખત ત્રીભોવન ત્રાસીયા, તમને નવ જીતે જુગજીવન. સોભા. ૧૩ સાઠ હજાર દેશના રાયને, નાંખ્યા બંધીખાના માંહ. સોભા. દારૂણ દુખ દે દયણાં દળાવીને, તમને જાણે છે જગમાંહ. સોભા ૧૪ મુજ ઘેર સ્વયંવર માંડીયો, તે આવજો કરવા કાજ.શોભા. પત્ર વાંચીને તત્ર આવીને, તમે રાખજો મારી લાજ. સોમા. ૧૫ સમાચાર લેઇ સેવક સંચર્યો,પછે લખેછે મારવાડ માંહ. સોભા. મોટા મહીપતી માલવા દેશના, શુરા પુરા છો સત્યરાય. શોભા. ૧૬ માથે બાર તે મણુનિ પાઘડી, હાથે બાતેર મણનુ માદળીયુ.સોભા. તમે પધારજો પુરણ પરેમથી,જેથી ભાગ્ય મારૂ ભળીયું.સોભા.૧૭ અંક બંક કલંક ને કાશીમાં, લખવા માંડયા લાખીણા દેશ. શોભા.રાજી થઇને રાજા સઉ ઉઠીયા, જાય સેન્યા લેઇ વિદેશ. સોભા. ૧૮ દેશ દેશના વહેપારી આવિયા, માલ લાવીયા જુજવી જાત. સોભા. ભીડ ભરાઇ મારે ભાગોળથી, રસ્તે વાગે લોકનિ લાત. સોભા. ૧૯ રાય રાજીથઇ લખે રૂશી માત્રને, તેડાવવા પોતાને ઘેર સોભા. સઉને ઉતરવાનિ સોઇ કરી, ભલે ભાવથી આણંદભેર. સોભા. ૨૦ અત્રિ ગોત્રી વશીષ્ટ ભારદ્વાજને, ચવંન જમદગની મુની જન,સોભા. ગાતમ ગારગી વીશ્વામીત્રને, રાજી થઇને લખે છે રાજન. સોભા.૨૧ ભાવથકી લખે છે ભુપતી, તમે આવજો અહિં માહારાજ. સોભા. તમ આવેસ્વયંવર સોભસે. રેહેસે લાખેણિ મુજ લાજ. સોભા. ૨૨ મેહેર ધરિ લખી મારકંડને આવિ કરજો મને પાવન. શોભા. દ્રોમરૂષીને ધિરજથી મોકલી, અહીં આરંભો મછવેધન. શોભા. ૨૩ સાથે વિદ્યારથી સઉ લાવજો, તમોઆવજો આણી મેહેર. શોભા. આવે આબરૂ ઇજીત વાધશે, માટે પધારો મુજ ઘેર. શોભા.

૨૪ એમ પત્ર લખી સઉને મોકલ્યા, સઉ આવે રૂષીને રાજન. શોભા આપે ઉતારા સરવેને હેતથી, જ્યાં ભરાયા ઝાઝા જન. શોભા. ૨૫ વીધવિધના વહેપારી માલ લાવીયા ઉતરે ઉતારા જ્યાં છે અપાર. શોભા. શહેર સાહુકારથી સઉ ભરાઇ ગયું બાહાર મોટો માંડો બજાર. શોભા. ૨૬ શેલા પાઘડી શાલો શોહામણી, સઉ રાયને ઉતારે જાય. શોભા. દેશદેશના રાજાજી આવીઆ, તેના માલ ખપે છે ત્યાંય. શોભા. ૨૭ પંચાળ દેશમાં આણંદ વાધિયો,તરીયા તોરણ ત્યાં બધાય. શોભા.જન જાણેવીવા ઘેર આવીયો,તયાંતો મોતીએ ચોકપુરાય. શોભા. ૨૮ રાય રાજીથઇને આવીઆ, સાથેસેન્ય લાવ્યા અપાર.સોભા.અનુચરે આવા ઉતારા આપીયા જેને જેવો હોય અધિકાર. શોભા.૨ નગ્રબારણેતંબુ ઠોકાવીયા, તોય ભીડ ભરાઈ તયાંહ. શોભા. અંનજળ ત્યાંકાંટે તોલાયછે,દાસ ફરી ફરી આપવા જાય. શોભા. ૩૦ ચારે પાસે ફરે સેવક રાયના. સૌની તજવીજ ત્યાં સચવાય શોભા. રૂષી માટે મઠ ત્યાં બાંધિયા, તેનેઉતારે તેની પાસ. શોભા. દલથી દીવસ પાસે આવીઓ. સુદ પંચમી વઈશાક માસ. શોભા. ૩૧ દરોમ રૂશીને પોહોચી કકોતરી, વાંચી મંન થાય પરસન. શોભા. પાંચે પાંડવે વાત ત્યાં સાંભળી, દલ દાઝુ પોતાનું અથાગ; સોભા. માંડી આવી કહી વાત માતને, જઇ કેમ લેવાસે ત્યાં ભાગ. સોભા. ૩૨ પંચાલ દેસે સ્વયંવર માંડ્યો, આખી પૃથ્વીના ભરાસે રાય શોભા. રૂષી અઠાસી હજાર આવશે, વળી આવશે જાદવરાય. શોભા. ૩૩ પાંચ પુત્ર કુંતાએ વીચારીયુ. હવે શો કરવોઉપાય. શોભા. મને મોટી ફકર છે ભીમની, ડાહયો થાય તો નકી જવાય. સોભા ૩૪ ત્યાંતો કઉરવ સઘળા આવશે. દેખી ચાર થશે એની ચક્ષ. સોભા. હુંતો ડાહયો થયો તારો દીકરો, નહી રાખુ એ વાતે લક્ષ. શોભા. ૩૫ તમે નીરાંતે રાખજો માહરી, કરશું ભગવાનનું ત્યાંભજન. સોભા.એમ કહીને સરવે સુઈરહ્યા, થયો પ્રાતુસ કાળનો દન. શોભા. ૩૬ દરોમરૂશી વિચારથી ઉઠીયા, નાહી ધોઇ થયા તેયાર સોભા પંચાળ દેશ જવા સઉ નીકળ્યા, પેલા કાપડી નીકળ્યા બહાર. સોભા. ૩૭ રૂશી રાજી થઇને બોલીયા, કેમ કાપડી આવોછો સાથ. સોભા. ડાહ્યાં થઇને ડોસી તયાં બોલીયાં, અમે અહી રહયા તમારે હાથ. સોભા. ૩૮ ત્યારે દરોમ રૂશી વાણી બોલીયા, નહી રાખીએ ઉતારા માંહ. શોભા. તમે ફકર ન કરસો એ વાતની ઉતરશું જગીયા જડે જાંય. સોભા. ૩૯ એમ કહીને પુઠે પરવરા. મનમાં આણી મહારાજે મેહેર; સોભા૦ સામા માણુસ રાયના આવીઆ. આપો ઉતારો અણુંદ ભેર; શોભા ૪૦ પાંચ પુત્રને ડોશી જુદા ભીડ ભારે દેખી ગભરાય; શોભા. ત્યારે ભીમ ભારેખમ બોલી-

થો, મને આગળ દોચાલજાય; શોભા. ૪૧ કઇને કુણીઓ કારમી મારતો સામાં આવે માણસનાં ટોળાં; સોભા તોયે ધક્કા મુક્કી એ મારતો, ઘણા જનને દે ખાડે ડોળા ૪૨ માતા ઠપકો દેછે એ દીકરા, હાવું નવકરસો તોફાન; સોભા. ડાહયો થયો હતો તે ગાંડો થયો, પાછો ભુલી ગયો તારૂં ભાન; સોભા૦ ૪૩ એ મા એમ હવે હું નહી કરૂં એમ, કહીને અગાડી જાય; સોભા. ૪૪ કુંતા કુભારણ ડોશી પાસે ગયા, અમો આવ્યા અહી જોવાય; સોભા. આ પાંચ તમારા મા દીકરા, ત્યારે આવી ડોસીને દયાય. સોભા. ૪૫ ઓરડીમાં ઉતારો આપીયો, રહ્યા પાંડવ પુરણ પેર સોભા. ભીમે કુંતાને કહેવા માંડીયું, કન્યા લેઇ આવું આપણે ઘેર; શોભા. ૪૬ કહે કુંતા એવું નવ બોલીયે, દીકરા ઓછું તમારૂં ભાગ્ય; શોભા. ભીમ કહે મા ભુખે મરી ગયા, કહે કુંતાં વખત જોઇ માગ્ય; શોભા. ૪૭ આવ્યા આંસુ ભીમનિ આંખમાં, પુજાકાકાને આવીદયાય; શોભા. કેમ રોવરાવોછો એને તમે, આવ્ય હું આપું ખાવા ચણાય; શોભા. ૪૮ લે આ કુંચીને કોઠારમાં જજે, મહીથી લાવજે મુઠી એક; શોભા. હુંશે કોઠાર એને ઉઘાડીયો, ભરી ભાવે રાખી મુઠી ટેક. શોભા. ૪૯ માંડ્યું વાસીદુ એને કોઠારમાં, મહી મણ ભરય હજાર; શોભા. ખાવાં ગર્વને ભરી રાખીયા, કર્યા પુરા પાંડુ કુમાર. શોભા. ૫૦ આવી મુઠી દેખાડી માતને, ઠો એકો ચાવે છે, એહ; શોભા. પુજા કાકાને દેખાડી પ્રમથી, કોઇને રાખ્યો નહી સંદેહ. ૫૧ ॥ વળણ ॥ સંદેહ ના રાખ્યો મન વિષે, હઇડામાં હરખાય; પાંચ પેલા ભુખ્યા રહયા તેની થઈ ચિંતાયરે.

કડવું ૫ મું અહોરાયજી સુણીએ એ રાગ

વૈશમપાયે રૂશી એણીપેરે બોલ્યા, સુણજનમેજયરાય; વિસ્તારી તુજને સંભાળાવું. હવે ત્યાર પુઠે શું થાય. અહો૦ ૧ ભીમભરીને એકો પટારો, પેલાં પાંચને ચીંતા થાય; કુન્તા કેછે કુંવરમાહારા, કરો ખાવાના ઉપાય અહો૦ ૨ ધર્મ ધોરીશ્વર બોલી ઉઠયાં, બે બાંધવ જોડે લીધ, વધેલુ કાપડ રહ્યું તું તેના વેચાવાના વિચાર કીધા. અહો૦ ૩ ગયા ગામમાં ત્રણે ભાઇઓ, જયાંકાપડનીદુકાન, વેપારિએ કોઇએ માલ ન લીધો. ત્યારે શેનું લાવે ધાન અહો. ૪ અન્ન જળ ત્યાં કોટે તોળાયછે કહીએ મોઘુડાટ; સોંઘે ભાવે સવળુ આપ્યું, મનમાં થયોઉચાટ અહે૦ ૫ અન્ન થોડું તેનું લેઇને આવ્યા, કુંતાએ [illegible]રાંધિ; સુત સાંભળો ઉઠો જમવા, ભીમે વાત સાંભળી બાધિ. અહો ૬ નથીરે ખાવું મુજ માતા માહરે સાંભળજો સરવથી ચણા ફાકીને પાણિ પીધું, ભીમ કહે છે ભુખ મને નથી અહો૦ ૭ ભગતડાં બાઇ ખાઇ ઓને; પછે સરવે કરયું ભો-

જન; એક એકને વાતો કરે, કેમ કરશું કાલનોદન. અહો૦ ૮ સહદેવ કહેછે સતીરે માતા, અમે વાત પહેલી કહીએ; વેહેલા અમને ઉઠાડસો તો અમે નનદીએ નહવા જઇએ. અહો૦ ૯ ભીમ ભાઇ તમે સાથે આવજો ત્યાં પડસે તરૂં કામ એવું કહીને સઘળા સુતા, રાખી હૈડે હામ અહો૦ ૧૦ વહેલા ઉઠીને પાંચે જણા, ત્યાં જઈ ગંગામાં નહાયા; ઘણાલોક ન્હાવા આવ્યા છે, જોડે જાદવરાય અહો૦ ૧૧ પાંડવે ત્યાં પ્રભુને દીઠા, ભજનની વાણિ છુટે; ભીમ એકલો સામે રહીને, પેટ પોતાનું કુટે અહો૦ ૧૨ ભગતને દેખી ભગવાન સમજ્યા,સહેદેવનેકરીસાન;સહેદેવ કહે હવે પેટ ના કુટસો, આજ મોકલસે રાજન અહો૦૧૩ કાણેકહુનેકોણ મોકલ , પુછી ભીમે પેર;સહદેવ કહે સઉસારૂ થા , ચાલોઆપણેઘેર. એહો૦૧૪ પાંચેભાઇઓ ગયા ગામમાં પ્રજાપતિને ત્યાંય; ભગ ભાઈ બારણે બેઠા, માંડી વાટ જોવાય. અહો૦ ૧૫ જે કોઈ રસ્તે જન જાયછે, તેને ઉભા રાખે ભેમ; પ્રેમ આણી પુછે સીધાંનુ. ભાઇ કોઇ નવ આવ્યું કેમ. અહો૦ ૧૫ પ્રભુ જાદવ નાહી ઘેર ગયા છે, હરખઅતીસે લાવ્યા;મનમાં મોહન કરી મનસુબો, દ્રુપદ પાસે આવ્યા અહો૦ ૧૬ રાજા જોઇ રાજી થયા છે, આપ્યું છે આસન; કૃપા કરી કૃશ્ન કેમ આવ્યા ત્યારે બોલ્યા જુગજીવન એહો૦ ૧૭ ભગવાન બોલયા ભાવ ધરીને રાય નથી ભાગ્યનિ નુન્ય સ્વયંવર સારો તુજ સોભે, પણ કરો પરમારથ પુન્ય. અહો૦ ૧૮ પરદેશી કોઈ હોય અજાણ્યા, મોડે નવ મંગાય;તેવાને તમો અપાવો સીધાં, એવી કરો આગનાય. અહો ૧૯ અનુચરને આપી આગના, મોકલ્યો મોહન સાથ; ત્રીભોવન તેડીનેઆવ્યા,ઝાલો જુગજીવનનો હાથ. અહો૦૨૦ પાસે રહીને પ્રભુએ બતાવ્યો, પ્રજાપતિનો ઠામ; અનુચર એ ઘરમાં જઈ પુછો કોઇએ કર્યો છે મુકામ અહો૦ ૨૧ સાદ પાડયા સેવકે ત્યાં, કહે પ્રજાપત ભાઇ કેમ; કર્યો ઉતારો અહી કોઇએ, ત્યારે ભડાક બોલ્યો ભેમ. અહો૦ ૨૨ અહી ઉતારો અમે કર્યો છે એવુ કહુંછે જયારે; થાલો સીધુ અપાવુ તમને, હુકમ છે અત્યારે.. અહો૦ ૨૩ ભીમ કહે ભાઇ તમેરે ખસો હુતો તતબર થાઉં; રાજાના સેવકની સાથે મોદીને ઘેર જાઉં. અહો૦ ૨૪ કુંતા કહે છે કુવર મારા. હુંશ હઇઆમાં લાવો; જોડે જઇ જુકતીથી લેજો, ડાહ્યા થઇ અહીં આવો. અહો૦૨૫ એજણ મોદીને ગેર આવ્યા, વચન થીર કરી થાપો; રાયે રાજી થઇને કહાવ્યું, સીધાં પાકાં એમને આપો. અહો૦ ૨૬ કહો કેટલું આપુ તમને, કાંઈ નવ બલશો આડુ ભીમ કહે ભાઇ સાચું કહીએ સોમણનો. જોઇએ લાડું. અહો૦ ૨૭ તે પ્રમાણે સઉ સામગ્રી સાંભળી થયો સંતાપ; અનુચરને કહે કયાંથી લાવ્યા,

ઓરે મારા બાપ. અહો૦ ૨૮ ભીમભાઇ ત્યાં બોલ્યી ઉઠયા, મન સંગાથે માહ-
લો; એમાં છાંડયુ છોડયુ રહેવા દઉતો; તમો મારા સાથે ચાલો. અહો૦ ૨૯
સીધુ અનુચરે અપાવ્યુ; જોડે લઇ એ જાય; રસોઇ રાંધવા માંડી ત્યાં; ખોદ
ચારી ને ચુલાય અહો. ૩૦ માંહી જુવે તો કાંઇ રહ્યુ નહી, સઉ થયા પરસન;
સાંજ પડીને સઘળા સાથે, સેજમાં કરયુ છે શયન.અહો૦૩૧ એ પ્રમાણે રોજ
ચાલે, રાજી મનમાં થાય; કુંવર કહે છે કુંતા માને કહોતો લેઇઆવું કન્યાય.
અહો૦૩૨ અરે દીકરા એશું બોલ્યો, એવું તે કેમ થાય; જો રાજા કોઇ જા-
ણશે તો, આબરૂ ઇજત જાય અહો૦૩૩ વાસણ કુસણ ભેગા કીધાં; કર્યાં દા-
ળ ભાતને શાક; લાડુ લાખેણો કર્યાં ભીમે, ઘણોજ લાગ્યો થાક. અહો.૩૧ જ-
મવા બેઠા માત ભ્રાત ત્યાં, થોડો વધ્યો મોદીક; સઘળી રસોઇ સપાટે ખાધી,
ભીમે કરયુ છે ઠીકાઠીક અહો૦૩૨ અનુચર કહે આ કેમ વધીયું, બોલે ભી-
મજ સાંખે; એક હાથે દસવીસ લાડુ, ભીમ મોંમાં સાથેનાંખે. અહો૦૩૩ હાથ
મોડું ધોઇને ઉઠયો, અનુચરને કહે હર્ખ લાવ્યો; શ્રધા સાચી હોય તમારી તો,
હજુ પચ્ચાસ મણ લાવો. અહો૦૩૪ શેવકે ત્યાંશ્રધામુકી બોલ્યો મુકો હામ;
રોજ રાજા ખવરાવે તો, વેચે ઘરને ગામ. અહો૦ ૩૫ કહે અનુચર બાહાદુર
બળીયા, તમે તતબર થાજો; નીત્ય મોદીખાનેથી લાવી. ખુશીથી ખુબખાજો;
અહો૦ ૩૬ રાજી થઇ રાજા પાસે આવ્યો, બોલયો મુખ વચન; કાલે ચતુરથી
થઇ પણ, નથી આવ્યો દુરજોધન. અહો૦ ૩૭ હવે શો ઉપાય કરવો આપણે,
વધા વીવેકથી રાય; સારાચારરાજા બોલાવ્યા, તેડાવો જાદવરાય. અહો૦ ૪૦
જરાસંધને શલય આવ્યા દંતવક્રનેશીશુપાળ; આસન આપી બેસારયા છે,
ત્યાં આવ્યા ગોપાળ. અહો૦૪૧ કહો માહરાજા હવે કેમ કરવું, લીધુ મહુરત
કાલનો દન; સાથે સઉને લખી કંકોતરી, નથી આવ્યા દુરયોધન અહો૦ ૪૨
કહે કશાન તમે ફકર ન કરશો, એનો અવળો ચાલ; ગરજ હશે તો આવશે વ-
હેલો, કાલે પ્રતુસકાળ. અહો૦ ૪૩ એને માટે કોણ ખોટી થાશે, મુખબોલયા
વચન, શુભ મહુરત તમે કાલે સાધજો, કહે છે જુગજીવન. અહો૦ ૪૪
દ્રુપતરાજા બોલ્યી ઉઠયો મુજને ઠપકો દેશે; કદાપી જો કાલે આવે તો મારૂં
રાજ છીનાવા લેશે એ. સઉ રાજા કહે સાચું કહે છો, એ હંકારી છે
રાય; મારામારી થાય કદાપી, તયારે શો કરવો ઉપાય અહો. ૪૬ કશ્ન ક-
હે તમો ફકર ન કરશો, શું રાજા એ મોટા અમારે મને એ તરણા તોલે, આશ
ધણા શું ખોટા અહો.૪૭ બોલય તારા મનની ઇચ્છા, કહે કશ્ન વચન; કન્યા
કોને પરણાવવી છે તયારે બોલયોછે રાજન અહો. ૪૮ ધિરજરાખી દ્રુપત

બોલયો, જે કરશે મછવેધન; મારે મન સીરોસણી છે તેનિ સાથે કરૂં લગં-
ન. અહો. ૪૯ આજ્ઞા આપો દ્રુપત રાજા, બીસો નહી લગાર અમો સઘળા
પક્ષ કરીશું, એના તે શા ભાર અહો.૫૦ તારી પક્ષમાં સઘળા રાજા, એ
હંકારી ભુપાળ; રંગમાં ભંગ નથી થવાનો, હુ આણું એનો કાળ અહો. ૫૧
રાજા મન રાજી થયો છે તેડયા શેવક ત્યાંહ; આજ્ઞા આપી હુંશ ધરીને, ડુંડી
લેઇને જાય. અ. રાયના ઉતારા જયાંછે, વળી જાદવ છપન કરોડ; બલી
ભદ્ર છે બાહુ બલાયા, વળી જોડે શ્રી રણછોડ અ. તે સઘળાને આપી
આજ્ઞા, ચીંતામાં નવ્ય પેસે કહેજો કાલે આવે વેહેલા, પહેલાં આસને
બેસે. અઠાસી હજાર રૂશીને, આપો આજ્ઞા આજ; સ્વયંવરમાં વેહેલા કાલે.
પધારજો માહારાજ. બહાર ગામના લોકો સરવે, હરખ મનમાં લાવે; રૂશી
મંડળની પછાડી, સઘળા જોવા આવે અ. એમ ચાર દીશામાં ડુંડીવાળા
ફરી વળ્યા છે તહાં હસ્તાનાપુરમાં શું નીપન્યું હું તેનો કહુ મહીમાય.
નવા નવા શણગાર કરાવે, મોઘા મોતી અમુલય. હાથી ઘોડા શણગારવાને
કરી જરીનિ જુલ. અ.. વીધ,વીધના વસ્ત્રને પેહેર્યા, પીલા લીલા લાલ;
જરીના જાનમાં શાવડાવ્યા, સોનેરી સુરવાળ. અ. હુશ હઇયામાં થઇ
અતિશે, પુરણ પરણવાનિ પેર; દુરજોધન દાજે બાળવાને. આવ્યો ભાનુમતી
ને ગેર ૬૦ સ્વામીનિ શોભા શારી દીઠી, આવ્યો હરખ અથોક; ભલે પધારયા
પ્રેમી પ્યારા બાહાર ઝાઝા લોક. અ. બની ઠણીને બહાદુર આવ્યા
આતે શું કહેવાય તું ભુતડી સરખી ભામની, લાવુ રૂપાળી કન્યાય. અ.
તું જાણે જે હેત કરી આવ્યા, પણ આવ્યો તારો કાળ; એક બે દનમાં
પરણી લાવી, તને કરૂં શોકયનું સાલ. અ. રીસ લાવી દયા ન આવી,
કર તારૂં મોં કાળુ; આજથી અમ ઘેર ન આવશો, તારો છેડો વાળુ. અ.
ધણીએ ધણીઆણીને ધબોઇ પછીરે તારી વાત; ઘેર પરણી ઘરૂણી લાવી-
ને, તુજને મારૂં લાત. અહો૬૫ અબળાનો નીસાસો લીધો, વનીતા વાળુ વેર,
જાઓ ત્યાંના ત્યાં રહેજો, કાગળ આવજો ઘેર. અહો૦ ૬૬ એમ સાંભળી તે-
તો બોલયો, જયાં વડીયો પાપડ થાય; ગાંધારી માતાને મામી,ગીત મધુરાં ગા
ય. અહો. ૬૭ એમ લગ્ન આદરી બેઠા છે ત્યાં, સેન્યા તતબર થાય; હવે પં-
ચાલ દેશમાં શું થયું, તેની માંડી કહુ કથાય. અહો૦ ૬૯ ાાવળણાા દરૂપદરા
યનાં અનુચર ફરતાં, સઉ સાંભળે રાય; સયંવરમાં કાલે જાવું, માટે સઉને હ
રખ ન માય. ૭૦

કડવું ૬ ઠું રાગ ચોપાઈ.

બોલ્યા વઇશંપાયે વચંન,સાંભળ પરીક્ષતકેરા તંન.ફુટી ફરી નગરની માંહ,
સઉ સાંભળી વીસમે થાય. ૧ સઉએ તઇયારી કરવા ત્યાંય, હજામ બોલા
વ્યા ઘરનિ માંહ. જાણે ભાયેગ અમારા ભલાયાં, કંઈ બેઠા ટુપાત્રે પલીયાં. ૨
ઘણા હોય સ્વભાવના ભોળા,કંઇના ઉંડા ગયેલા ડોળા. કંઈયે કલપ કરા મુ-
છપર, ઘરડાં બેઠા થવા નાના વર. ૩ ફુલેલ અતરને ધુપેલ,કંઇક શરીરે રગ-
ડાવે તેલ. કેશર કસ્તુરી ઉસ્નોદક, લાવે નાવા માટે ધ-ી તક. ૪ નાહી ધોઇ
થાય તઈઆર, જોવા જોશી લાવે હુસીઆર. જુવોને મહારાજ જનમોતરી,
દ્રુપતી પરણુશે ખરી. ૫ તો તો વાણિ તમારી થાપુ, જે જે માગો તે
દક્ષણા આપુ, એમ આશીરવાદ લેવાય, જાણે પરણે મને એ કન્યાય.
કંઇ દરપણ મુખ આગળ રાખે,સારા શોભીતા શણુગાર જાંખે. ૬ નવ શોભે
તો નાંખે કાહાડી, કોઈની વાત ન સાંભળે આડી; વસ્રને વીલોકે મુગટ, શોભે
નહી તો કાડે ઝટ. ૭ વૃતી વરવાની ડાહ્યાં મળીયા,કંઇ બેઠા ટુપાવે પલાયાં;
૧ કરે કલપથી કાળા કેશ, ઘરડા બહુ બનીયા છે બેશ;જેના બેશી ગયા ગળ-
સ્થળ, રાખે મુખમાં બબ્બે ફોફળ. ૮ મુખે ચાવે પાનનાં બીડાં, ખોડ ખાંપણ
કાહાડે છીંડા; એમ રાત બધિ રગડાઈ, પડે ઉજાગરે અથડાઈ. ૯ એમ કરતાં
વાયુ વહાણું, જમવા બેઠા ભરીને ભાણું;જમે શુકનમાં કંસાર, જાણે પરણુશે
દ્રુપતી નાર. ૧૦ પાન સોપારી બીડાં ચાવી, હુશે રથમાં ચડે છે આવા;સઉ
શુકન જોઈ રથ હાંકે, નવ આવીએ પરણા પાકે. ૧૧ આપે કંઇક દક્ષણા ત્યાંય,
આશીરવાદ લેઈ જાય; બ્રાહ્મણ બોલે મધુરી વાણિ, તમને પરણુશે દ્રુપતી રા-
ણી. ૧૨ એમ આશીરવાદ સઉ લેતા, દાન રાજી થઇ સઉ દેતા, આગળ ચાલે
સઉ સેનાય, સઉના મનમાં હરખ ના માંહ. ૧૩ હાથી ઘોડાની ચાલે હાર,નવ
આવે સેન્યાનો પાર; કંઈ રથે રથ આખડતા, કંઇ ઘોડા ઘોડામાં પડતાં. ૧૫
થઈ રહ્યા છે થેઇથેઇકાર, સઉને હરખ હૈયામાં અપાર; ચાલે છડીદાર ચોપદાર,
૧ હાથી ઘોડાની ચાલે હાર. ૧૬ ઉડે અબીલ ગુલાલ, ચડી નિસરયા ત્યાં તતકા-
ળ; ઉપરા ઉપરી ચાલે છે ધસી, કઇના મુગટ પડીયા ખશી. ૧૭ તે ફરિ ફરિને
પેહેરે, ચાલે ચતુરાઇ કરી ચેહેરે; ભીડ ભારે ભરાઈ ભાગોળ, આવે તાજાં ખાઇ
તંબોળ. ૧૮ ઉડે રેણુ નભની માંહ, જેથી રેણુ છવાએ છાંહ; ત્યાં થઇ રહ્યો
અંધકાર, આવે દરવાજે રાજકુમાર. ૧૯ વાણી થતા કરીને થાપે નામ પુછી
આગના આપે; પછે તે દરવાજામાં પેસે. નામ વાંચી આશનપરબેસે ૨૦ જોઇ
સભાની રચનાય, કોને હઇએ હરખ ના માય; હું શ આવે છે આસન જોઇ,
જોઇ સભા રહીછે મોહી. ૨૧ રસ્તો જોઇ મારગે પળે, કંઇના મુગટ માંથેથી

ઢળે; નાંખે ખંખેરી મુકે શીશ, જણાવે સેવક ઉપર બહુ રીસ. ૨૨ માંહોમાંહી રથ અથડાય, ઘોડા ભડકે તમાસો થાય; હાથી કુદે તો વાળે ઘાણ, બહુ ભીડમાં થાય ઘુમરાણ. ૨૩ એમ ચાલે છે રાય સર્વ, ઉંચા કુળનો આણે ગર્વ; કોઇને જોબનનો ને ધન, એમ ગર્વ ધરે છે રાજન. ૨૪ ટંટો ફીસાદ કોઇ નવ કરે, સઉ આવી સ્વયંવરમાં ફરે, સઉ આવ્યા ક્ષત્રીના તન,નથી આવ્યો ધ્રુતરાષ્ટનો તન. ૨૫ એ સીંહાન મોટુ ખાસી, રહ્યા રાજકુમાર સૌ ભાળી; જુવે એક એકના રૂપ, ભારેખમ થઇ બેઠા ભુપ. ૨૬ મને વરશે એ કન્યાય, એમ વાત વદે મીથ્યાય; હુંછું કુળવંતો રાય, મારૂ આદ્દય ઘર કહેવાય.૨૭ મારી પાસે ઝાઝુ વીત, માટે મને વરશે ખચીત; એમ મનમાં મનસુબા ધરે, મુખ દરપણુમાં જોયા કરે. ૨૮ સઉને લાગ્યું સતીનું ધ્યાન, બેઠા વરડા થઇનેજુવાન પ્રભુ પધાર્યા છપનકોડ, જાદવ સાથે શ્રી રણછોડ. ૨૯ બાહુબળીયાબળદેવ વીર,જેને ધારણુ રાખી ધીર; દામોદરનાં દરશન કરે, નાસ્તીકજન નીંદાઓ ચરે. ૩૦ દક્ષીણ દીશામાં દેવ મોરાર, બેઠા આસનેહારોહાર; આવ્યાઅઠ્ઠાશી હજારરૂષી, જેને દેખી થયા સૌખુશી. ૧૩ પ્રેમે લાગ્યા ત્યાં સો પાય, ભલે પધાર્યા મુનીરાય; દુરવાશાદર્ભ આશન, બેઠા પ્રશન થઇને મન. ૩૨ સઉ આછમની પવાલાં ઝાલ્યાં, કઠે રૂદ્રાક્ષની છે માળા; ભસ્મ ધરી લેલાટે ત્યાંહ, માળા ગઉમુખીની માંહ. ૩૩ પ્રેમે પાથરીયા મ્રગચર્મ, ધારી દ્વીજતણો એ ધર્મ; બેઠા સન્યાસી ઝાલી ડંડી, સભા સઘળી થઇ છે ઠંડી. ૩૪ સઉ પોતાને આસને ચડીયા, કંઇનિ પાસે તુંબડાં પડીયાં; સભા ભરાઇ ત્યાં ખરાખરી, રહીધુન્ય વેદની મચી. ૩૫ એમ આવ્યા સરવે અથોક પછે આવ્યા પુરના લોક; પાંચ પાંડવ થાય તઇયરા આપો આગના બોલ્યા કુમાર. ત્યારે બોલ્યાં કુન્તા માત; જાઓ જોવાને ચારે ભ્રાત; ભીમ બોલયો ભારે થઈ રાંક, માતા મારો શો છે વાંક. ૩૭ કુન્તા કહે તું સભામાં જો જાઇશ, દેખી દુર્યોધન ઝાલયો ન રહીશ; માટે નથી જવુ મારા બાળ, કહેછે કુન્તા તને આવે કાળ. ૩૮ ના મા એ શા બોલયાં વાત, તમે નવ ધરશો ઉચાટ; મેં તો બોલ તમારો એ સાહો,ત્યાં બેશીશ થઇને ડાહયો. ૩૯ મને મોટી મોટા ભાઇની માઝા, જ્યાં ભરાશે ઝાઝા રાજા; માટે મોટાની રાખવિ શર્મ, એવો ક્ષત્રી કેરો ધર્મ. ૪૦ બોલયા ધર્મ ધોરીંધર ધિર, ડાહ્યા થજો માહારા વીર; તમે સાંભળો મારી માત, લઇશુ સાચવી ચારે ભ્રાત. ૪૧ આપી કુન્તાએ આગનાય, તમે જાઓસભાની માહ; સૌ ભીમભાઇના ઝાલયા હાથ; રસ્તે ચાલે મનમાં માહાલે, મારા શેવક બે કર ઝાલે. ૪૨ સાંભળ્યુ કુન્તાએ સરવથી, તું સખણો. રહેવાનો નથી; અમે

બોલતાં માતા ભુલયા, તમે તેમાં શું ફોગટ ફુલયા. ૪૪ એતો હસવાની મારી ટેવ, હું હવે છું ડાહ્યો દેવ; સારા શુકન લેઇને જાય, આવ્યા બ્રહ્મસભાની માંહ. ૪૫ બ્રહ્મસભામાં પાંડવ પેઠા, ધોમપુંઠે જઇને બેઠા; જોવા કાપડીરૂપે કુમાર, આવ્યા વીધારથીએ સાર. ૪૬ હૂં એ ગરીબને શું કરૂં, એમને જોઇને લાજી મરૂં; કરશે કાંઇ ચરીત્ર, સઉ જાણશે મારા મીત્ર. ૪૭ ઓછી આબરૂ માહારી થાય, ફજેતિની નહી મણાય; બોલ્યા વિધારથી તેડામ, તમે ઉઘાડુ ન કરશો કામ. ૪૮ તમ સાથે એને શું કામ, ન કરો ઉઘાડુ નામ. કોઇ જાણે ઝાઝી વાત ત્યારે તેમાં થાય ઉતપાત. ૪૯ એમ વીદાયરથીએ બોલ કહ્યા પુંઠેછો બેશી રહ્યા નથી ધરતાં એ કાંઇ મોટ, નથી જગીયાનો કાંઈ ખોટ. ૫૦ સઉથી સત્રળુ બેઠ દેખાય, નથી આવ્યો છત્રપતિ રાય. સેવકે ઉભા જળકુડાળે વીશ, કાષ્ટ આસંન કર્યા છે ત્રીશ. ૫૧ એમ ભરાયો સ્યંવર જ્યારે, દ્રૂપતરાજા તાં આવ્યા ત્યારે. ૫૨ ઉભા જળકુડાંળે ભુપદ્રોણીક ગોરનું તેવુ રૂપ. આપી ગોરે ાં આગનાય, સતી તેડાવો શભાની માંહ. ૫૩ મહા સેવક સમાચાર દાસી સાથે કાહાવવુ નીરધાર સતી સાધવી થયા તઇયાર, જોડે દાસી છે એક હજાર. ૫૪ આગળ પાછળ વાગે વાજીંત્ર, બે દાસી સાથે મીત્ર. સભા મધે હોકારો હોય, સઉ નીરખી નજરે જોય. ૫૫ જોઇ ઝાંખા પડયા છે રાજંન, સઉના ઉંચા થાયછે મંન. ખરીવાતે પરણાવાના ખાંખાં, જુવતીજાણી પડયાછે ઝાખાં. ૫૬ જેની શોભા તણો નહી પાર, લજ્યા પામ્યા રાજકુમાર, હવે શોકરવો ઉપાય આતો કામ કદી નહી થાય. ૫૭ જાણે આકાશે ઉગ્યો રવી, નોહોતી જાણીઆ અનુભવી. સઉ બેઠા હંકાર ખોઇ, હાવી જુવતી નથી જોઇ. ૫૮ ઉતરોનારી તણો હંકાર, કરે અભીમાન તે ધીકાર. વલણ. રૂપ જોવાને વખાણ કરવા, લાગ્યા તાં રાજંન; કન્યાનું રૂપ શું વખાણું, સાંભળને એક મંનરે. ૬૦

કડવું ૭ મું રાગ ત્રીતાલી ચોઇનો.

વૈશંપાયે બોલ્યા વચંનરે, સાંભળ જનમેજય રાજંનરે, કરી એ કંન્યાનું શું વર્ણન, જગદંબા આવીઆરે. જોતાં આવે હઇઆમાં વાહલરે, પગ પાંની લાખેણી લાલ. એની હંશના સરખી છે ચાલકે, જગદંબા આવીઆરે. ૧ જાણે આવી એ જગદંબારે, હારે રૂપ એનું જોઈ રંભારે. એવી ઝાંગ છે કદલી થંભા, જગદંબા આવીઆરે. ૨ દેખી દારૂણ જાયે દુખરે, કરે સ્નેહ શાંતીથી સુખ. એનું ચંદ્રના સરખુ મુખ, જગદંબા આવીઆરે. ૩ કેડ સીંહના સરખી શોઇરે, જેણે નારી નજરે ન જોઇરે. તેને એળે ઉમર ખોઇ, જગદંબા આવી આરે. ૪ એની કાયા છે કાચ શમાંનરે, પેટ પોયણ સરખુ પાંનરે. નારી માત્રનું

ઉતરૂ માંન, જગદંબા આવીઆરે. ૫ જાણે દંત હાઢમની કલીઓરે, ચતુરાની ચંપકની આંગળીઓ. હોઠ હીંગળોકનો રંગ મલીયો, જગદંબા આવીઆરે.૬ અંગ ખીલે જાણે બામ, સારો સોભીતો શોહાગરે. કેશ કામનીના કાળો નાગ, જગદંબા આવીઆરે ૭ કોમળ કાયામાં નહી કેહેશીરે, જેવી કેહેણી નહી તેવી રેહેણીરે.એતો માનની મ્રૃગનેણી,જગદંબા આવીઆરે.૮નશો દીશે લીલીઝીણી ખાળરે, જેના હેઠ છે લાલ ગુલાલરે. છુંદુ છુદણું ગોરીને ગાલ, જંગદબા આવી આરે. ૯પગપાંનીયે નેપુર ઝળકેરે, એને હાથે ચુડો ચળકેરે. કાનેએરીંગમાં લીલમ લળકે, જંગદંબા આવીયા. ૧૦ જંન ઝાઝા જોવાને અડીયારે, સતી સ્વરૂપે મોડે ચડીયારે. કંઈ સીંહાસને આડા પડીયા, જગદંબા આવી આરે. ૧૧ ગઈ કોહેલમાં તે અટાલીરે, પ્રમદાપોતે પંચાલીરે. અટારીયે ચડી બેઠી બાળી, જગદંબા આવીઆરે. ૧૨ એને શણગાર શજીયા શોળ ગોરીને ચાંદલો છે ગોળ. ને મુખ ભરા તંબોળ, જંગદંબા આવીઆરે. ૧૩ ધાબા ઉપર બેઠી આવીરે, એના હૈઆમાં હરખ લાવીએરે. બીડી પાંનની ચુતરાયે ચાવી, જગદંબા આવીઆરે. ૧૪ ગોરી ગાય છે ગરબા ગીતરે, ચોરે ચતુરા સૌનું ચીતરે. જેવી હોય રાજની રીત, જગદંબા આવીઆરે ૧૫ વળણ. ગીતજ ગોરી ગાયછે;મનમાંપરસંનથાય.પછે સભામાંઆવીઆ,પોતેદ્રુપતરાય.

કડવુ ૮ મું રાગ ધનાસરી દોહરાનો

વૈશપાયેરૂશી એણીપેર બોલયા,સાંભળને તું રાય ત્યારપુઠેશું નીપનું,કહુ વીસ્તારી મહીમાય.૧ આશ્ચર્ય પામી સભા સઘળી જુવે સઘળા લોક. આ કંન્યાનેવરવાની આશા.ધરીયે સરવે લોક.૨ઘણાકજન ત્યાં હતા અહંકારી, તેનામાં ઉતરી તાંય. એટલે સભા વીનંતી કરવા, આવ્યા દ્રુપતરાય. ૩ સઉ સભાને કહુ સમજુતી, કહુ હકીકત અત્યારે, પછે સરવેને આપુ આગના, કામ કરજો તે વારે. ૪ એમ કહીને એવું બોલયા, જેને વરવાની ઇચ્છાય, ઉભા થઇને અહી આવવું, આ કુડાળા માંહ. ૫ શણગાર વસ્ત્ર ઉતારવાને, શરીરે થાવુ સ્વછ. જંગાથી તે કટી સુધી, પછે વાળવો કચ્છ. ૬ પછે ખભા ઉપર ધનુશ લેવું, ભાથામાં એક બાણ. તે કરતાં કોઇ વીશેસ રાખે, તેને પરભુની આંણ. ૭ હથીઆર ખભે ભેરવી લેવા, પછે રાયને તતબર, થાવું. પાટીયા ઉપર પ્રેમે ચડવુ, પછે સ્થંભની પાસે જાવું. ૮ જે જન જાય તેને ચેતાવુ, પછે સ્થંભે કર દેશો, સેવક મારા પાછળથી આવી, પાટીયુ ખેંચી લેશે. ૯ ચતુર નરચેતીને ચાલજો, ઉપડ ચડવુ સપાટે, સ્વાસ વચમાં લેવો નહીં, જાવું ઝાઝે જપાટે. ૧૦ આડા ખીલા છે છ ગાઉ ઉપર, તાં કરવો જરી વિશ્રામ, ત્રાજવે

તાંથી ઉતરીને, હઇએ ધાલવી હામ. ૧૧ ત્રાજવે એ પગ ગોઠવી, લેવું ધનુષ નિરધાર; પછે પદપંચા ચડાવી ધનુષની, તર્ત કરે ટંકાર. ૧૨ ભાથામાંથી બાણ પછે લેવું, આણવો મનમાં ટેક; મચ્છ તાકવા જળમાં જોવું, બાણ મારવું એક. ૧૩ નીચું જોઇને ઉંચે મારવું, સાંભળો સઉ રાજંન; છ ગાઉ ઉપર મચ્છ ફરે છે, તેનું વેંધવું લોચન. ૧૪ બાણ પાછું પુંછડી વીંધીને, પોતાનું દૈવત દાખે મચ્છ ઉપાડી બાણ લઇને, જળકુંડાળે નાખે ૧૫ એવું પ્રાક્રમ જે કોઇ કરશે, ધારણ મનમાં ધરશે; તે રાજાને હું પુજ્ય જાણીશ માહરી પુત્રીને તે વરશે. ૧૬ વળી ઉપર ચડતાં હેઠે પડતાં, તે ચંતામાં નવ પેસે; ઉંધાડે માથે આવીને, કાષ્ટાસન ઉપર બેસે. ૧૭ મત કોઇને ઝાલવો નહીને, તેને માથે બ્રમ હત્યાય; કામ કરવાનું છે આંટીનું આ, તમો સમજજો સૌ રાય. ૧૮ છાતી વરાણે ઉપર ચડવું, ત્યાં છે મોટી ઘાંટી; પછે ત્રાંસમાં ઉતરવાનું, છે એ ઠેકાણે આંટી. ૧૯ સપ્ત હાથ છે ત્રાંસ નીચાં, કેમ કરી ઉતરાય; ત્રાસની જો ઝાલે ડાંડી તો, તે ભલી રીતે ભસી જાય. ૨૦ એક પાસે ધારે ઉતરવું, ઉતરવાનો ઉપાય; બધું તોલ એકમાં આવે તો, બીજું ઉંચુ જાય. ૨૧ તેના ચરણ ત્રાંસે નવ પોચે, સ્થંભેથી ઉતરે; સ્થંભ ઉપર ઉભો રહીને, તાજવામાં પગ ધરે, ૨૨ ત્યારે ત્રાજવા આઘા જાયે, પગ તેના લડથડે; તેન ત્રાજવાનો ઝોલો લાગે, તરતજ હેઠો પડે. ૨૩ ધનુષ પોતાનું વાંકું વાળવું, પછે ચડાવવો દોર; એક છેડો નીચે મુકવો પછે ઘણું રાખવું જોર. ૨૪ એક ત્રાસમાં મુકે છેડો, બળ બુદ્ધિથી વાંકો થાય; તો તો તાલ જોણ જેવો પડે, અને બીજું ત્રાંસ ઉંચુ થાય. ૨૫ તેથી પગ એના પોહોળા થાય, ઢળી પડે એ ધણું, પોતે પગ તાણવા જાય તો, નીચે નિશ્ચય પામે મર્ણ. ૨૬ ત્રાસ ધક્કાથી આઘે જાય પછે પડે બહુ ઘાંટી; ઉપરથી એને થાંભલે, જો ભરાવે પગની આંટી ૨૭ હું નથી કેહેતો પોતાની ઇચ્છા, શુરો પુરો જાયે કોય; પોતાને જો ફાવે તો ચડજો, હઇયામાં હીમત હોય. ૨૮ પછી મને કોય દોશ ન દેશો, સઉ જશો હુંકારે ફુલી; તમે જાણો જે કન્યાય રૂપાળી, માટે કરી છે શુળી. ૨૯ માટે હુંશ હઇઆમાં હોય તે ઉઠો, સાંભળો સઉ રાજંન; હુંશીલા મારે ઘેર આવ્યા, કોઇ ઉઠો ક્ષત્રીનો તંન ૩૦ એવી અરજ સરવે સાંભળી, વિચાર મનમાં કરતા, આ કામ અતિશે કપરૂ કહીયે, ધ્યાન પ્રભુનું ધરતા. ૩૧ હુંશીલા હુંસે આવેલા, તે બેઠા હીમત હારી; ઉપર ચડીએ ને હેઠા પડીયે, નહીપરણાય એ નારી. ૩૨ આ તો આબરૂ જાય એવું કરૂં છે કોડે કામ; જો કોઈ રાજા ઉઠે નહી તો, બોળાય બાપનું નામ. ૩૩ વળી [illegible] એમ વિચારે, થનાર હશે તે થાશે; પણ પેલી

રૂપાળી કન્યા, કોય વરી લઇ જાશે. ૩૪ માટે હીમત નથી હારવી, એમ વિચારે કોઇ રાજંન, હુંશ ધરીને ઉપર ચડીને, કરવો મછવેધંન. ૩૫ એમ સર્વના વિચાર જુદા, ધરે પોતાને મન; શીવનો સાચો ભક્ત કહીયે, જબરો જરાસંન ૩૬ વળણ. ભરી સભામાં હુંશ આણી. ઉઠયો જરાસન રાય. સભા સઉ વિસમે થઈ, મચ્છવેધ કરવા જાય.

કડવું ૯ મું રાગ હાહાંરેનો

હાંહાં રે કે બોલ્યા વૈશમપાયે વચ્ચ નરે, હાંહાં રે સાંભળ પરિક્ષ કેરા તનરે; હાંહાં રે જરાસન જબરો જોધો જાયરે હાંહાં રે એને હુશ ધરી મન માંહરે. ૧ હાંહાં રે કે જેને સંભારા ભોળોનાથરે, હાહાં રે, એને હથીઆર લીધા હાથરે; હાંહાં રે હુંશ હ્રયામાં લાવ્યોરે સ્થીરતા રાખી સ્થંભની પાસે આવ્યોરે. ૨ હાંહાં રે ત્યાં તો બીજા રાજાની નજર બગડીરે, હાંહાં રે એ તો નાંખશે મચ્છને રગડીરે; હાહાં રે હવે શો કરશું ઉપાયરે, હાંહાં રે મારા ભાગ્યની કન્યા એ લઇ જાયરે. માટે ઇશ્વર વાહારે વેલા ચડજોરે, જરાસન તરત હેઠો પડજોરે. ૩ મારે હતી એ કન્યાની ઇચ્છાયરે, હું તો જોઉં છું કેવો એ લઇ જાયરે; એમ સઘળા વિચારે છે આપરે, માંહોમાંહી દે છે એને શ્રાપરે. ૪ જરાસંધે કામ કેવાં કીધાંરે, ડાબે ખાંધે ધનુષ ભેરવી દિધાંરે; પોતાના એ મનમાં હુંશ જ લાવ્યો. જળકુંડાળે ઝડપથી ચાલી આવ્યો. ૫ સઘળા રાજા જુવે છે પેતે સ્વચ્છરે, રાજાએ ત્યાં ભલો ભીડાવ્યો કચ્છરે; ઉપર ચડવા મનડું એને કીધું રે, એ ગયો ને પાટીયું ખેંચી લીધુંરે. ૬ સંભાર્યા છે શંકર ભોળાનાથરે, સ્થંભને ભલાં ભરાવી બાથરે; હાં હરેક એને પગ મુકી મનડું કીધુંરે, બીજું પગલું ઉપર ભરી લીધુંરે. ૭ શુરાએ તો ચડવા માંડ્યું છે સપાટેરે, જરાસંધે જોર કર્યું છે ઝપાટેરે; ચતુર થઇને ચડે છે સાજ્યોટરે મુકે છે તો દાંટા ઉપર દોટરે. ૮ ઉંચે શ્વાસે સ્થંભના ઉપર જાયરે, રાજા સાને મનમાં ચિંતા થાયરે; અરજ આપણી કયારે હરિ ધ્યાન ધરશેરે, ઉપર ચડશે રૂપાળી કન્યા એ વરશેરે. ૯ માટે વહેલા વિઠ્ઠલ વ્હારે ચડજોરે, જરાસંધ તો જળકુંડાળે પડજોરે; એમ સઘળા કેહેતા મનની માંહરે, પણ એ રાજા ઉપર ચડતો જાયરે ૧૦ બળીઓ એ તો બહાદુર છે સર્વથીરે, નીચી નજરે જરાએ જોતો નથીરે; શુર સપાટે એતો ચાલ્યો જાય તે દેખીને પ્રભુને ચિંતા થાયરે. ૧૧ નક્કી રાજા ચઢયો ને મચ્છવેધ કરશેરે, રાજી થઇને રૂપાળી કન્યાને વરશેરે; ભક્ત મારા પાંડવ પાછા જાશેરે, મોહન કહે છે મ્હારી આબરૂ જાશેરે, ૧૨ ભક્ત મારા પાંડુ કેરા તનરે, અરજુન હાથે

કરાવવો મછવેધનરે; એમ જાણી કૃષ્ણે તે કામ કેવુ કીધુંરે, જરાસંધનું બળ હરણ કરી લીધુંરે. ૧૩ ઉપર ચઢતાં શરીરે થરથર ધ્રુજેરે, આંખે એને લીલાંને પીળાં સુઝેરે; શરીરની તો શકિત ગઈ સમશેરરે, ચોગરદમથી ઢાંઆ અતિશે ફેરરે. ૧૪ શું કરૂં ને જીવ ગભરાયો મહારોરે, હુ તો આજે નક્કી થયો મરનારોરે; પરસેવાના જબ ઝાઝા છુટયારે. જાણે મારી નાડીના બંધ ટુટયારે. ૧૫ ઉલટી થઇને ચડી ગયો ચગડોળરે, માથાનો તો વછુટી ગયો છે મોળરે; હારા કામે આજે થયો હું અજાણ. નક્કી માહારો જવાનો પ્રાણરે. ૧૬ નથી હવે ઉપાય મારો એકરે ભોળા શંભુ રાખે જો માહારો ટેકરે; શુદ્ધ બુદ્ધ અકારજ એની ગઇરે. અરે દૈવ આ શી ગતિ મારી થઇરે ૧૭ હીમત હાર્યો અતિશે ફેરે ચડીયોરે. જળકુંડાળે તરત આવી પડીયોરે; જળદેવીએ તરત તારી દીધો, અનુચરે આવીને ઝાલી લીધોરે. ૧૮ ઉંધો કરી ઝેલા ઝાઝા ખવરાવ્યારે, પીધેલા તે પાણી શો ઓકાવ્યારે; એટલે ત્યાં દ્રોણીને નારદ આવ્યારે,થાળ ભરીને શણગાર સામગ્રી લાવ્યારે. ૧૯ નારદ કેહે છે કર્યો તો પીઠીનો ચેહેરોરે, હવે આ નાનું પંચીયું પેહેરોરે; કપાળે તો કરૂં ગોપીચંદનનું ટીલુરે, મોટાનું તો મોહોડું થયૂં છે વીલુરે. ૨૦ સભા કેહે છે વાત રહી હવે ઓ પીરે, માથે એને પેહેરાવી કાન ઢંકી ટોપીરે; હાથ ઝાલી નારદ તેડી લાવ્યારે. કોટમાં કરેણાની માળારે. ૨૧ કાષ્ટાસને લાવી બેસારો દયાયરે, નીચું ઘાલી બેઠો જરાસંધ રાયરે; માધવ દેશનો મોટો પડયો સુબોરે, ભરી સભામાં શીશુપાળ થયો ઉભોરે ૨૨ જરાસંધ રાજાએ દીઠો છે દ્રષ્ટરે, પોતાનાનો મનમાં પા છે કષ્ટરે; વીઠલ વેહેલા મારી વાહારે ચડજો. એ હંકારી માટે હેઠા પડજોરે. ૨૩ શામળીઆજી સમજો છો સર્વથીરે, એકલો હું અહીંઆ શોભતો નથીરે; શીશુપાળે સાંભળી રાયની વાણીરે, શું બોલે છે હડયામાં હરખ આણીરે. ૨૪ હું જાણું છું કેવું કરૂં તે નામરે, તેં તો તારા બાપનું બોળ્યું છે નામરે; જરાસંધ મનમાં વિચાર ધારેરે, બળતાને તો મોટા મેહેણા મારેરે. ૨૫ શીશુપાળ ઉઠયો સભાની માંહરે, નાનો ભાઇ એનો દંતવક્ર થાયરે;તેની એને આવી છે અદેખાઇરે, મારા કરમની શું એ કન્યા લશે ભાઇરે. ૨૫ ।। વલણ ।। શીશુપાળરાજા ઉઠીઓ દીઠો દંતવક્ર રાયરે; અહંકારીનું એ છે પુતળુ, મચ્છવેધ કરવા જાય.

કડવું ૧૦ મું રાગ ધનાસરીનો.

વૈશંપાયે રૂષી એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું, મચ્છવેધન મહીમાય. ૧ શીશુપાળ છે શુરો પુરો, મનમાં વાત વિચારી; ધનુષ્ય બાણ ખાંધે લીધા, વસ્ત્ર નાંખ્યા ઉતારી. ૨ સ્વચ્છ થઇને કચ્છ ભીડાવ્યો, સઉ રાયને ગણતો તુચ્છ; હંકારીએ હુંસે ચાલ્યો, મરડી પોતાની મુછ. ૩ સભા સઘળી વિસ્મય પામી, આ રાય ઉભો થયો; ઓછી જાતનો છે અછકલો, જળ કુંડાળે ગયો. ૪ સ્થંભની એ પાસે આવ્યો, મનમાં વ્હાલી હામ; સ્વયંવરના સ્થંભને એને, પેહેલી કરી સલામ. ૫ પાટીયા ઉપર પ્રેમે ચાલ્યો, જવાને મનડું કીધુ; ધુપતરાયના સેવકે આવી, પાટીયુ ખેંચી લીધુ. ૬ તેવો ઉપર ચાલ્યો જાય છે, ચડે છે સાવચોટ; જુવાનીનું જોર જબરૂ, મુકે દોટ ઉપર દોટ. ૭ વાયુ વેગે ચાલ્યો જાય છે, ચતુર નર તે ચડતો; દૈવત પોતાનું દેખાડે છે, પગ પાછો નથી પડતો. ૮ ઉંચુ નિહાળી, નજરે ભાળી; ચતુર થઈ નવ ચુકે; હઠીલો હઠ નથી ચુકતો; પગલાં જોઈ જોઈ મુકે. ૯ સઉ સભા ત્યાં જોયાં કરે છે. ભુલ્ય નથી લગાર; એમ જાણે કે એ ઉપર આવ્યો, નહી લાગે એને વાર ૧૦ સઘળાના મનમાં એવું આવ્યું; જે આ કન્યા એ વરશે: બીજા બાહાદુર રાય આવેલા; તે સહુ પાછા ફરશે. ૧૧ ચડવામાં એની છે ચતુરાઇ પગ પાછળ નથી પડતો; શુર સપાટે ચાલે ઝપાટે, પવન વેગે ચડતો. ૧૨ એ તો નાનો નૌતમ છે ને; એ સાનમાં સમજી જાય; મોટામાં બુદ્ધિ નહી તે;પડયો સભાની માંય. ૧૩ એમ લાગે છે કે આ કામ કરશે; એવી હીમત હોયે ઘણી; શુરો પુરો શીશુપાળ છે. પંચાણુ ક્ષોણીનો ધણી. ૧૪ સ્થંભના ઉપર ચાલ્યો આવ્યો. સાડાચાર ગાઉ જ્યારે. ચતુરભુજને સુજ પડી છે. એ કામ કરશે અત્યારે. ૧૫ સભામાં શામળીયા જુવે, કામ કૃષ્ણએ કીધું. હંકારીને અછકલાનું બળ હરણ કરીને લીધું ૧૬ ત્રાસ ઉંચો દોઢ ગાઉ છે.મોકાડે આવ્યા ફીસોટા. અધવચ એ અચકી રહ્યો છે. વાળે ગરબડ ગોટા. ૧૭ સ્વાસ એને ચડી ગયો છે. દૈવત એનું દાખ્યું. સતિના સામુ જોઇને. વચન વિવેક ભાખ્યુ. ૧૮ અરે દૈવ હવે શું કરવું. મરવું છે સરવથી. રૂપાળી જાણી નજરે ભાળી. હવે મારે વરવુ નથી ૧૯ ભોગ લાગ્યા કે હું અહી આવ્યો નથી ઉગરવાનો આરો. આ કરતાં સભામાં હોત તો. મનખો રેતજ મારો ૨૦ પુરણ એ પસ્તાવા માંડયો. છાંડયો હરખ હામ. પેહેલેથી જો જાણતો હોત તો. નવ આવત આ ઠામ. ૨૧ વાયુ ચારે પાસે થાય છે. સપાટે શઉ મેર. જીવ ગભરાવવા લાગ્યો ઝાઝો. ચઢી

ગયા છે ફેર. ૨૨ એ ઇશ્વર હવે કરો છુટકો. મારે તે શું કરવું. જીવ મારો જ-
વાનો છે, આ જીવ્યાથી ભલુ મરવુ. ૨૩ આડુ અવળુ જોયા કરે છે, જીવ
ઉંચો ચડીયો; ભુલ્યો એ ભ્રમણા કરીને, જળકુંડાળે પડયો ૨૪ પથર સાથે
અથડાયો ને, માથુ ગયું છે ફુટી;ગર ઝાઓ થઇ ગયો છે રૂધીરનિ રેલ વછુટી
૨૫ અનુચર સૌ નાઠા આવ્યાને, તરતજ કાઢયો બહાર. ઊંધે માથે હલાવ્યો
ને, ઘણો કરે પોકાર. ૨૬ નારદજી ત્યાં નાઠા આવ્યા, ભાઇ કષ્ટજ એનુકાપો;
મચ્છવેધ કરતાં વાર ન લાગી,પાઠાપેહેરામણીમાં આપો, ૨૭ રૂબાળીને ચેવ
વા સાંડયા, અઉસધિ એની થાય; થોડીવારે વલીરે મુરછા, ઉભો થયો છે
રાય ૨૮ પંચીયુ પ્રેમે પેહેરાવ્યું,લજ્જા એનેલોપી ગોપીચંદનનું, ટીલુ કીધુ
પેહેરી કાન ઢંકી ટોપી. ૨૯ કોટમાં કરેણાની માળા, થયો એ દારૂણ દુખી;
નારદ તેડી લેઇને ચાલ્યા, આપી છે ગઉ મુખી ૩૦ જરાસંધ ત્યાં થયોરે ઉ-
ભો, હરખ મનમાં લાવ્યો; હું એકલો સોભતો ન્હોતો, જોડમાં મારીઆવ્યો.
૩૧ કષ્ટ પામી લાગી ખામી ચતુર ચંતામાં પેઠો;દુખીયારો દુખી થઇને,કાષ્ટા
સનપર બેઠો, ૩૧ ત્યારેદરૂપત થયો ઉદાસી બોલ જાય મારો જુઠે; આખી સ-
ભા સૌ ભરાઈ બેઠી, કોઇ ક્ષત્રી તમે ઉઠે. ૩૩ ભ્રંમ સભામાં ભીમજ બોલ્યો,
કહી મોટા ભાઇને વાત; સૌ રાજાની આબરૂ જાયછે. આતે શો ઉતપાત. ૩૪
આજ્ઞા ત ા આપો મુજને, વચન તમારૂ રાખું; આ સ્થંભ સરવેને દુખ દે છે
દરિયામાં જઇ નાંખુ ૩૫ રાય ચડે છે હેઠા પડેછે, તેનું દારૂણ દુઃખ; એ થાં-
ભલાને નાંખી દેઉ, તો થાય સર્વને સુખ ૩૬ ધર્મ કહે તને સર્મનથી ભાઇ,
આપણથી નવ બોલાય; દરૂપતરાયે પણ કરૂંછે. તે મિથ્યા નવ જાય ૩૭વાતો
કરતાં મનમાં ડરતાં,ધરૂ રે ધરમે ધ્યાન;કાપડી કેમકરોછો ગરબડ, નથીરે ત-
મને સાન. ૩૮ ત્યારે ભડાકદઇભીમ બોલ્યો, માહારાજ કહુ સરવથી, આબે
ભાઇ વાતો કરે છે, મારૂં કહ્યું માનતા નથી. ૩૦ એમ મોટા ભાઇને જુડા પા-
ડયા, બેશી રહ્યા છે ત્યાંય; શીસુપાળનો નાનો ભાઇ, ઉઠયો,સભાની માંહ.૪૦
॥ વલણ. ॥ શીસુપાળનો ભાઇ ઉઠયો, દંતવક્ર જે રાય, દ્રુપતરાયને બોલા-
વ્યો છે, ભરી સભાની માંહ.

કડવું ૧૧ મું રાગ સારંગ સારખીનો.

વૈશંપાયે રૂખી એણિપેર બોલ્યા, સાંભળને તું રાય; ત્યાર પછી શું નિ-
પન્યું કહુ વિસ્તારી મહીમાય. ૧ દરૂપત કેહેછે દંતવક્રને, કેમ બોલાવ્યો છે
રાજ, દંતવક્ર મહા ડંશીલો રાજા એને ઉતારા સઉ સાજ. ૨ કચ્છ ભીડાવી

સ્વચ્છ થયો છે કોડે કામજ કીધાં; હઇયા મધે હુશ ધરીને ધનુષ્ય બાણ કર લીધાં ૩ દંતવક્રએ ડાબે ખભે, ધનુષ્ય ભેરવું જ્યારે; શીસુપાળે કાહાડ્યું સભામાં, ભાઇ બોલાવ્યા ત્યારે ૪ બાંધવ માહારા બાહાદુરછો કેમ ઉઠયા સભામાં સાર; દંતવક્ર કહે મચ્છવેધ કરીને, લાવું નૌતમ નાર.૫ અરે ભાઈ તું એ શું બોલ્યો. સાંભળને સરવથી; આ કામ કોઇથી નથી થવાનુ, સત્ય કહુ મુખથી ૬ ત્યારે દંતવક્ર ત્યાં બોલી ઉઠયો, સત્ય કહું આ ઠામ. તમે પિતાનું નામ બોળ્યું.માટે હુ કરવાને કામ.૭ શીસુપાળ કહે સાચુકહોછો. સમજ્યોછું સરવથી; આ આપણા બાપના બાપ પાસે,એ મચ્છ દેખાતું નથી૮ માટે આબરૂ રાખીને બેસો, નવ આવસો ઉઠી, જ્યાં સુધી તમે બેઠા છો, ત્યાં સુધી બાંધી મુઠી ૯ એક હાથ તો થયો ઉઘાડો, સાંભળો તમે સાક્ષાત; બીજે હાથ જો ઉઘડશે તો. થાશે આપણા ઘરની વાત ૧૦ માટે મારૂ કહ્યુ માનીને, ચિંતામાં નવ પેસો; આબરૂ આપણી બાંધી રાખી, સિંહાસને જઇ બેસો.૧૧ માટે માહારા બાંધવ બેસો મુજ તાતનાતન; વાત સાંભળી જરાસંધ ત્યાં મુખ બોલ્યા વચન. ૧૨ ચડે પડે તેની ફકર નહી ભાઈ, પણ ઉઠીને બેસે જેહ; કાળુ મોહું લઇને ઉઠ્યા, મુવો વતો તેહ, ૧૩ ચડે પડે તે ઇશ્વર ઇચ્છા પણઉઠીને જે બેસે; તે કરતાં મરવું ભલું ભાઇ, પૃથ્વી મધે પેસે ૧૪ ક્ષત્રીથઇને પુંઠ બતાવે બળીરે તેની બુધ; તેના અવતારને ધિક્કાર છે; તેધાવ્યો દાસી કુખ. ૧૫ વચન સાંભળી જરાસંધના તનમાં લાગ્યો તાપ; મચ્છવેધ કરવા ન જાઊં તો, મને બ્રહ્મહત્યાનું પાપ. ૧૬ શીસુપાળને ખોટું લાગ્યુ ,ભંભેરીભાઇ ચડાવ્યો; પોતાને ઉંચુ જોવાને, મારા બાંધવનેજ ચડાવ્યો.૧૭ચડાવ્યો ચડે તે મુરખ જાણો, અભડાવ્યોઅભડાવે; નાકકટાની ટોળીમાંવટલ્યાનેવટલાવે ૧૮ દંતવક્ર તો આવ્યો સભામાં ઉતાર્યા શણગાર; કચ્છ ભીડાવી સ્વચ્છથયો છે; હાથ લીધા હથીઆર. ૧૯ ખભા ઉપરભેરવિચાલ્યો, કરમ કરવામન કીધું; પાટીયા ઉપર ચડયોરે પ્રેમે, પેલુ પાટીયુ ખેંચી લીધું. ૨૦ બે ગાઉ તે ચડયો સપાટે, કૃષ્ણ વિચારે એમ; મારો ભક્ત છે દંતવક્ર તે, ઉંચેથી પાડુ કેમ, ૨૧ એમ જાણી ઉલટ આણી.મનમાંતે ગભરાય; ઉંચી બને દ્રષ્ટી કરી તો મચ્છ નહી દેખાય; ૨૨ મોટા ભાઈ કહ્યું ન માન્યું, બુધ્ધી મારી કાચી; જરાસંધે કહ્યુરે જાઠુ, વાત માની સાચી. ૨૩ મોટાની આજ્ઞા નમાને,તેને દારૂણ દુઃખ ઘેર જઇને મારા મોટા ભાઇને, શું દેખાડીશ મુખ.૨૪પુરસોતમે પવન પેરયો, અતિશે હીડોળે ચડીયો; ફેર ચડયાને આવ્યાં અંધારાં ઉંધે માથે પડીયો. ૨૫ કપાળ એનુ ગયું ફુટી, ચાલે રૂધિરની ધાર દરૂપત રાયના સેવકોએ, ખેંચી કાહાડયો બાહાર. ૨૬ ઉંધે માથે હલાવી ને,

પાણી કહડુ તેહ; કપાળે પાટા બાંધ્યા છે, તેમાં નહી સંદેહ ૨૭ નારદે શણગાર આપ્યા, હરખ હયામાં લાવી; પંચીયુ નાનુ પહેરાવિ, ટોપી ત્યાં પહેરાવી. ૨૮ ગઉમુખીને માળા આપી. કરયું કપાળમાં ટીલુ કાષ્ટાસનની પાસે આવ્યો મોહોડું કયુ છે વીલુ. ૨૮ જરાસંધ કહે સાબાશ તમને, કરૂ તમે કોડે કામ; દમઘોષના બે દિકરા બોળ્યું બાપનું નામ. ૩૦ શીશુપાળે ઠબકો દીધો, કેવું મનડું મોહયું; મુમતમાં તમે માન ખોયું, જરાસંધે ઉંચુ જોયું. ૩૧ ત્યારે દ્રુપતથયો ઉદાશી, મારી અરજ હરીસાંભળે; કોઈક્ષત્રીનંદન ઉઠીને મચ્છવેધ કયારે કરશે. ૩૨ સઘળી સભા બેશી રહીછે, જાશેઆલજ જુઠા;એટલામાં શલ્લરાજા, ભરી સભામાં ઉઠયા. ૩૬ નવકોટી માળવાના ધણી, ઉભાસભામાં સામા;ભીમે બ્રહ્મસભામાંથી દીઠા નીકુલસહેદેવના મામા. બારમણની માથે પાઘડી, જોઇ દ્રુપત કે ભાગ્ય ભલીયુ; શોભા તેની શી વખાંણું, હાથે બોતેર મણનુમાદળીયુ. ૩૫ બળીયા બાહદર શલ્લ છે,જઈ જળકુંડાળે ઉભા. ૩૬ કચ્છ મારીનેધનુષ ધારીને, હઇએવાલી હામ;શીવજીનાએ સ્થંભ છે, પહેલા કર્યો પ્રણામ. ૬૭ સભારે સઘળો વિસ્મયપામી, આ રાજા ઉપર ચડશે; અંગુઠા સરખું શરીર જાડુ. સ્થંભ ભાગી પડશે ૩૪ શરીરે જાડા પોચ્યતા છે મુછોના મોટા થોભા; કેસરી વાઘ સરીખા છે, સારી કરી છે સોભા ૩૯ દ્રુપતના સેવકો સમજયા, કામ સપાટે કીધાં; પાટીયુ ભાર ખમે નહિ તે, દશવિશ ‌કી દીધાં ૪૦ શલ્લરાજા રાખી માઝા વીચાર્યું દલ સાથ મછવેધના થાભલાને ભલી ભીડાવી બાથ. ૪૧ ભીમ ભાઇને કહે મામા ઉઠયા આપણે રાજીથઇશું; કન્યા મામા પરણશે તો, એના હાથની રશોઈ ખાઇશું. ધર્મ કહે તું શું બોલે છે એવુ તે કેમ થયા; કામ થયા વીના કદી ન કીયે, આબરૂ ઇજજત જાય. ૪૩ ઉપર રાયેચડવા માંડયુ,કામ સપાટે. કીધાં; દ્રુપત રાયના સેવકોએ, પાટીયાં ખેંચી લીધાં ૪૪ સુરસપટે ચાલે ઝપટે મુકે દોટ ઉપર દોટસ્વાશ ખાધાવીના એતો ચડી જાય સચેટ. ૪૫ બે ગાઉનિ એઉપર આવ્યો, સઉ કરે સભામાં સોર; જુવો ઝપાટે ચડી જાયછેજાણેપતંગ માંજેદાર છલંગ મોટી મારે છે એ દસ દસ ડગલે જ્યારે; સામટાએ શુરા ચડે છે. બીક મનમાં ન ધારે. ૪૭ પગ પડેને સ્થંભજ હાલે, જાણે ચડીયા જોરે. સભા સઘળાં હસવા લાગી, કડકડાટ બહુબોલે.૪૮સઉ રાજા મનમાં સમજયા, નથી બોલતા ‌ઇ વાણ, સ્થંભ કદાપી ભાગી પડે તો, વળશે કચ્ચર ઘાણ. ૪૧ રાજા સઉ ચેષ્ટા કરે છે, પણ મુખે કોય ન બોલે, ત્રણ જણ હેડા પડયા પણ હાની નહિ કોઇ તોલે ૫૦ પાંચ ગઉ સુધિ પોતે આવ્યા, તરત ગયા છે થાકી. હવે

એના શા ભાર છે. એક ગઉ છે બાકી ૫૧. ત્રાસ ખાઇને ઉપર ચડે છે. મન સંગાથે માહાલી. થોડીવારે ઉપર જઈને. ત્રાસની ડાંડી ઝાલી.૫૨ પગની આંટી ભરાવી રાખી મનમાં કરયા મનસુબા. ત્રાસનિ પાસે આવિને. તરત રહ્યા છે ઉભા. ૫૩ વા વટોળ ત્યાં થવારે માંડયા. મનમાં ચંતા થાય, શત્રૂ સાથે નથીરે કાચો. કયાંથીરે આવ્યો વાય. ૫૪ વાટ થોડીવાર જોઇને. વીચારે રાજન ૫ગ બે સાથે ત્રાસમાં મુકવા કરયું રાજાએમન.ચંતા ચતુરભુજને થઈ છે, કપટ કામ તે કીધુ. ભક્તનુ માન વધારવાને. બળ હરીને લીધું ૫૬ પગ મુકવા પોતે ગયા છે. બે ત્રાસ હીડોળા ચડીયાં.આંખે તો અંધારાં. આવ્યાંજળ કુંડાળે પડીયા. ૫૭ કાયા કચરવાણુ થઇ છે. દસવીસ શેવક સાર. એ સવાળાએ આવીને. ખેંચી કહાડયા બહાર.૫૭ નારદજી નજરે નીરખે. શલ્લરાયને જ્યારે. શુરા પુરા નથી અધુરા. શણગાર ધરો અત્યારે. ૫૯ સઘળો સામાન પેહેરાવીને. લેઇ ચાલ્યો શલ સુબા પેલા પડેલા રાજાઓ તે. તરત થયા છે ઊભા ૩૦ પધારો પધારો ભલેરે આવ્યા. રાખી ચીતતે ઠામ ચારે અંડાળ ચોકડી બેઠા, બોળી બાપનું નામ. ૬૧ મોટા ચારે હારીગયા છે. હાહાકાર ગાઢુ હોય સઉની હીમત ભાગી ગઇ છે. નથી ઉઠતુ કોય ૬૨ દ્રુપત હિમત હારી બેઠા. નવ થયું મારૂ કામ, છત્રપતિ જો આવ્યા હોત તો. લજ્જા રહેત તમામ ૬૩ શ્રી કૃષ્ણ ગોરધણીને પુછી. સાંઢ મોકલી તેડાવ્યા; પવન વેગી સાંઢ નાઠી આવિ હસ્તીનાપુર માંહ ૬૪ છત્રપતિને ખબર આપી હરખ્યા સૌ મન. મામા મારા વાર ન કરશો. બોલયો દુર્યોધન ૬૫ શકુની કહે વાર શાની, તારી બુદ્ધિ ભોળી. સજો અસ્ત્રીયો ભેગી કરીને. તું નહાને પીઠી ચોળી.૬૬ માનુની સઉ ભેગી થઈ છે ગીત મધુરાંગાય દુરયોધન બાજેઠ બેસારી. પીઠી ત્યાં ચોળાય. ૬૭ ॥ વલણ ॥ પીઠી ચોળે રાયને ગાય મધુરા ગીત. સઉ સામગ્રી તૈયાર કરીરાજ તણી જેરીત.

કડવુ ૧૨ મું રાગ પીઠી ચોળવાનું ધોળ.

બોલયા બોલયા વઇશંપાયે વચનરે, સાંભળ સાંભળ જનમેજે રાજનરે ટેક. પીઠી પીઠી ચોળેછે પીતરાણીરે. દુરજોધનને અતીશે ઉલટ આણીરે.૧ સઘળી સારી નારીના મનમાં સોચે દુરજોધનને સળીયા સપાટે ધોયેરે. અતર ફુલેલ ચોળે છે અંગે ત્યાંહરે. આડાઅવળી ગીત ગાતી જાયરે. હાંરે એતો પાયલ્લાની પાસેરરે. અડધાની કહાવે અદશેર.૪ પુણાની કહાવેછે પુણોશેર, રૂપીઆની કહાવેછે શેર એકરે. ૫ પીઠી ચોળી વરરાજાને નવરાવોરે. શરીર લુછી

શણુગાર સઉ સજાવોરે. ૬ પહેરાવ્યો છે સોનેરી સુરવાળરે, જરિનો તો જામો
પહેરો તતકાળરે, ૭ વરરાજાને ચીરો બાંધ્ને પટકોરે, લાખેણુીતો કરશે પછી
લટકોરે. ૮ કડાં સાંકળાં વેઢ વીટીઓ ધાલી હાથે, મણીનો તો મુગટ શોભેછે
માથેરે.૯મોટા મોતીની ધાલી માળારે શીરપેચ બાંધિ વરરાય શોભે બાળારે.
૧૦ મીઢળ બાંધિહાથ કંકુવાળા શ્રીધારે,પાન સોપારી શ્રીફળ હાથમાં દીધારે
૧૧ ગણુપતિને પગે લગાડી ત્યાંગરે. વરરાજા ઘોડે બેસરવા જાયરે. ૧૨ મામા
સામા આવિને વાત ધારેરે, ભાણીયાને તેડી ઘોડે બેસારેરે. ૧૩ છત્રપતીનો
ચડીયો છે વરઘોડોરે જેનો આખા જગમાં નથી કાંઇ જોડોરે. ૧૪ પગમા તો
પડયો છે સોનાનો તોડોરે, માથે ઘાલો છે મોતીનો તોરોરે. ૧૫ આગળ ચાલે
સારા સાબેલાની લાહારરે, વરઘોડો, તો નીકળ્યો નગર મોઝારરે.૧૬ સાજન
સઉકો ટોળેમળ્યુંછે ત્યાંયરે. ભીસમપીતા વિદુરકાયા જાયરે.૧૭કરણભાઇસાથે
છે દુસાસનરે, હરખ અતી લાવ્યુંછે દુરજોધનરે.૧૮ હળ ળળ હાથરણી શણ.
ગારીરે, તેના ઉપર રત્નજડીત અંબાડીરે. ૧૯ તેના ઉપર બેઠા છે વરરાયનિ
માડીરે, પેરણુ પેહેરીછે વાહાલા સાડીરે. માથે તો મોઢ ભમરીયાળો લળકેરે.
હાથમાં તો રામણુદીવો ચળકેરે. ૨૧ નગરના તો ભરાયા ઝાઝા લોકરે.જોવાને
તો મળ્યા છે થોકાથોકરે. ૨૨ વરઘોડોરે તો ફર્યો નગરનિ માંહરે. પછી પ્રેમે
નગર બારણે જાયરે. ૨૩ બાંધવ સઘળા સર્વે થયા છે તઇઆરે છેલછબીલા
ઘોડે થયા અસવારરે. ૨૪ સેન્યા સઘળી લાધી પોતાની સાથેરે, હાથી ઉપર
બેસી શ્રીફળ લીધુ હાથેરે. ૨૫ જેસ કરીને દડ મજલ કરતાંરે, આંખે રસ્તે
એકઘડી નહી ઠરતારે.૨૬ અતિ ઉતાવળ કરતાં વીદેશરે,એટલે ત્યાં આવ્યોછે
પંચાળ દેશરે.૨૭અનુચર સાથે આગળ ખબર કહાવીરે, છત્રપતીનિ જાન જુ
કતિથી આવીરે ૨૮ માટે સામા મળવા જઇએરે, સારૂ લાગે માટે શરણે થઇયેરે.
૨૯રાજા સરવે ઉઠયા છે તેણી વારરે, ક્ષત્રાના સઉ સામા આવ્યાછે રાજકુમારરે
૩૦દુર્યોધને શોભા કરી છે અતી સારિ નગરની તો જોવા મળી છે નારીરે. ૩૧
જાન લઇને આવ્યા સ્વયંવર માંરરે, સઘળા રાજા તે મળવાને જાયરે. ૩૨
ાાવળણાામળવા અવ્યા રાજા,સર્વે હૈયામાં હરખાય; જુહારકરતા સ્તુની ધરતા
સ્વયંવરમાં જાયરે.

કડવું ૧૩ મું

વાગા ૨.ગી સ્વયંવરમાં હાક હો નળ આવ્યોરે એ રાગ

વાગીવાગી સ્વયંવરમાં હાક, છત્રપતી આવીયોરે; સહુ રાજાને પડીઆ
ધાક, છત્રપતી. ૧ હાથી પેઠો સ્વયંવર માંહ, છત્ર. સહુ રાજા પાછળ જાય.

છત્ર. ૨ હરખે ઉલટ મનમાં આણી, છત્ર. પાયાં સાકર ચેરાં પાણી છત્ર, ૩ ભલે પધાર્યા મોટા સુબા છત્ર. કરજોડીને સર્વે ઉભા. છત્ર. છે છત્રપતી બેઠક, છત્ર. કોઇ ન ખાય ઉધરસ છીંક. ૭ એનિ નજર જેપર જાય, છત્ર. તેની થર થર કંપે કાય. છત્ર. ૮ ઝાઝા અહંકાનો એ ભરીયો, છત્ર. એતો ગજથી હેઠે ઉતરયો છત્ર. ૯ જાય હસ્તમાં શ્રીફળ ઝાલી, છત્ર. તેનિ પુંઠે રાજા જાય ચાલી છત્ર. ૧૦ આવ્યો સભામાં અંબનો તન, છત્ર. બેઠો જઈ ઉંચે આસન. છત્ર. ૧૧ સહુ રાજા ચીંતામાં પેઠા, છત્ર. બહાદુર બેઠા પછી બધા ભેઠા. છત્ર. ૧૨ આવ્યો પૃથ્વીપતિ એ ભુપ, છત્ર. છત્ર. બધા બેઠા ચુપાચુપ. છત્ર. ૧૩ જોડે બેઠા ગંગાજીના તન, છત્ર એની સાથે દુઃસાસન. છત્ર. ૧૪ દ્રોણગુરૂ બેઠા છે સામા, છત્ર. તેની જોડે શકુની મામા. છત્ર. ૧૫ સઉ રાયને ચીંતા થાય, છત્ર. બ્રહ્મસભામાં ભીમ ઉભો થાય. છત્ર. ૧૮ મોટાભાઇને વાણિ કહી અલાપી, છત્ર. આવ્યો અધર્મુ એ પાપી. છત્ર. ૧૮ આપો આજ્ઞા તત્પર થાઉં, છત્ર. એનું મસ્તક મચડી લાવું. ૧૯ ઘણા દહાડાંની લાગી લહ્ય, છત્ર. એને મારે ડંડક થાય છત્ર. ૨૦ સાચુ કહછું રાખું તમારી શર્મ, છત્ર. આપો આજ્ઞા ઘોરીંધર ધર્મ. છત્ર. ૨૧ એમ વાત કરે છે જયારે, છત્ર. દીધિ શીખામણ ભાઇછે ત્યારે. છત્ર ૨૨ નવ કરીએ કહી અદેખાઈ, છત્ર. સભા સોલી હાથમાં ઝાલ્યુ કોઠુ. છત્ર. ૨૪ મુજથી દેખી નવ ખમાય, છત્ર, એને જઇ નાખું દરિયા માંઝ. છત્ર. ૨૫ તો તો દાઝ ભાગિ નવ હોલવાય. છત્ર. આ કુળમાંથી કલંકી જાય. છત્ર. ૨૬ ધર્મ કહે આવું બોલ્યો કયમ, છત્ર. હવે બોલો તો મારા સમ. છત્ર. ૨૭ ॥વળણ॥ હવે તમે નવ બોલશો, ગરબડ ઝાઝી થાયરે, ઘોમરૂપી જાણશે તો, ઉઠાં પાળમાંહરે.

કડવા ૧૪ રાગ સાખીનો.

વૈશપાયેરૂશી એણીપેર બોલ્યા, સુણજનમેજેરાય; ત્યાર પછીશું નીપજ્યું કહુ વીસ્તારી મહિમાય. ૧ એમ ભીમને રાખ્યો સમજાવિ, પછે બોલ્યા ભીસ્મ પીતાય. વિદુરજીને વાણી કહી કહુ, અછકાળ દેખાય. ૨ હાથમાં શ્રીસમ લેઇ બેઠો છે, રાય રહ્યા સઉ ભાળી. એને હેઠુ મુકાવોને, એની નજર થઇછે કાળી ૩ હેવામાં ત્યાં વિદુર ઉઠયા, કહી દુરજોધંનને વાત; નાળીયેર તારૂ હેઠુ મેલને, તારી જણાવે છે જાત. ગંગાના દીકરા કલકળીને, તુજને દેશે ગાળ; પછે નિચુ ઘાલવુ પડશે, નીકશે તારો કાળ. કહે દુરજોધન મા ા મારા. શ્રીફળથી શું થાય સકુનિ કેહે છે મેલ હેઠુ, તારિ પાસે ત્યાહ. ૬ ત્યારે રાયે હેઠુ મેલ્યું, બોલ્યો મુખ વંચન, કયાં ગયોરે દ્રુપતરાજા, ચાલો તેડેછે રાજંન

૭ દરૂપતને મન ચ્યંતા વાપી, કહે વાત સરયથી વોરણીગોર તમે ચાલો આ-
ગળ, હુ બોલવાનો નથી.૮ત્યારે ગોર ત્યાં ચાલ્યા આવ્યા, દુરજોદ્ધંન પાસ;
કોહો રાજાજી કેમ બોલાવ્યા, મનમાં થયા ઉદાસ. ૯ ત્યારે છત્રપતી છળકાઇ
ગયોછે, બોલ્યો ધતરાષ્ટરકુમાર; લાવ્યતારી દીકરને, મુજ સાથે પરણાવ. ૧૦
ત્યારે ધોરણીગોર બોલ્યા, સાંભળો સાચી વાત; એમને એમ નથી પરણવાનું,
થાય ઘણો ઉતપાત. ૧૧ અહી સભાનિ મધ્યે સ્થંભ રોપ્યો, ઉપર સવામણનું
મચ્છ; વસ્ત્ર શણગાર ઉતારીને, ભલો ભીડાવો કછ ૧૨ ઉપર ચડવુ ને કામ
કરવુ, બે ત્રાસ બાંધ્યા જાય; એક બાણે મછવેધિને, નાંખો જળકુંડીની માંહ.
૧૩ એ અમારો પુજનીક થાયે, સાંભળો રાજન; પછે દરૂપતરાજા તવને, દેશે
કંન્યાદાન. ૧૪ એ વિના નથી વળવાનું રાખો હઇએ હામ; ભરી સભામાં
ઉભા થઇને, કરો; એટલુ કામ. ૨૯ મછવેધ કરવાનો છે કેવો કેમ કામ કરૂ
આરંભઃ સભાની વચે જઇને જુવો, બાર ગાઉનો સ્થંભ ૧૬ મધ્યા ગાળે
બે ત્રાસ બાંધ્યા, ચતુર થઇને નાવ્ય ચુકો; છ ગાઉ ઉપર ત્રાસમાં બે પગ સાથે
મુકો ૧૭ પછે ખભા ઉપરથી ધનુશ લેઇને તરત કરો ટંકાર; એક બાણે
જમણુ નેત્રવેધિ,નાંખો જળ માંજાર.૧૮ પછે ધીમે ધિમે ઉતરવું સાંભળો રા-
જંન; એ પ્રમાણે કામ કરશો તોં, થશે લાગેણુ લગંન. ૧૯ પણ રાજાનું પુરૂ
થાયે, કામ એટલું કરો; પછે એ રૂપાળી કન્યાને સુખે તમે વરો; એટલુ
પણ એ લેઇ બેઠા છે એના અરજ હરી સાંભળશે; જો કોઇથા કામ થશે
નહીતો, કન્યા લેઇ બળી મરશે. ૨૧ માટે એ કંઇ સોહ્લુ કામ નથીને, ચતામાં
નવ્ન પેશો; કામ કરતાં જો હેઠા પડોતો; કાષ્ટાસંન જઇ બેસો. ૨૨ જુવો પેલા
ચાર બેઠા છે રાયે જોયુ જ્યારે; દુરજોધને સામુ જોયુતો, નીચુ ઘાલ્યુ ત્યારે ૨૩
રાજા જોઇ થયો આકળો, હસ્તીનાપુર; વાત સાંભળી વીચારની ને થઈ
ગયો તદરૂપ. ૨૪ છત્રપતી કહે મામા મારા, સાંભળો સરવથી આતો કામ
માહા કપરૂ છે, મુજથી થવાનુ નથી. ૨૫ એતો નીચા લોકનુજ કામજ, કોઇ
નહી મારિ તોલે; શા માટે એ વાર કરે છે, હાવુ તે કેમ બોલે. ૨૬ બળ્યો
સ્યંબરને મછવેધન, આતો મોટો અન્યાય; જાત ભાત મારી જોઇને, પરણાવિ
દો કન્યા ૨૭ ફરી ગર્જના ગોર બોલ્યો, એ વાતે બોલ નહી ખોટો; ચોરાશી
હજાર દેશનોતુ રાજા તારા ઘરનો મોટો.૨૮હાવા અવળા વચન ભાંખે.નેકરતા
નથી સારૂ;માટે ઉઠી કામ કરોને વચન માનો મારૂ. ૨૯ પીઠી ચોલી આવ્યા
પરણવા, આડુ અવળુ બોલે; તું જાણે છે હું છુ મોટો,કો નહી મારી તોલ.
૩૦ પણ કામ કર્યા વિના; નહી મળે કંન્યાય; ન કામ થાય તો ઘેર જઇને,

વરે તમારી માય. ૩૧ હવે લવારો જવાદોને, થનાર હોય તે થાય ઉતર હવે બોલશો, નહીતો પાછાઘેર જવાય, ૩૨ ઉંચા થઈ હાલુ બોલો, નહી વીવેકની વાણી; અછકળા થઈ ઊભરો કાઢયો જાત તમારી જાણી. ૩૩ દુરજોધંનને વચંન કહીને, રાયને તેડી જાય; ધીરજ રાખો દ્રુપતરાજા, નવકરશો ચંતાય ૩૪ છત્રપતી કહે મામા મારા, ગોરેતો ઘર ઘાલ્યું; રોફ મારો ગયો નીકળી, મારૂ તે નવ ચાલયુ. ૩૫ શકુની સપાટે બોલયા, આતે શુ કહેવાય; મછવેધંન કરીને આપણે,લેવી એ કન્યાય. ૩૬ ભાણિયા મારા ભડકશો નહી,છો રાજાના કુમાર; એક માંછલી આંખે વેધવી, તેના તે શા ભાર. ૩૭ છત્રપતી કહે કોહો છો સાચુ,સત્ય કહુ આ ઠામ; મુજ વીના રાજાએ આવી, કેમ આરંભુ કામ૩૮ મારી શરમ પડી નહિને, જ્યાં ત્યાં ચડીને આવે; આજ એ મને સપડાવું, કદી એમને નહી ફાવે.૩૯ શકુનિ કહેછે કોહોછો સાચું, નવરાખુ તમારૂમાપ; ગમે એટલા એ બેઠા પણ, તમે સઉને કરો સંતાપ. ૪૦ રાજાને મંન રિસ ચડીછે, કેહેછે સઉને કેહેણુ; રાય સર્વના સામુ જોઇને,દેવા માંડયા મેહેણા.૪૧ તમો સરવના માબાપ સરખા બોલી ઉઠયો રાય; દુરજોધંન મનમાં સમજી ઉભો સભાની ણાંડ. ૪૨ વલણ. ભરી સભામાં થયો ઉભો, બોલે છે રાજંન રાજા માત્રના સામુ જોઈને, મુખ બોલ્યો વચંનરે.

કડવું ૧૫ રાગ લેકણીનો.

બોલ્યા વેશંપાયે વચંન, હવે કોઈ ઉઠીયેરે; સાંભળ જનમેજે રાજંન, હવે કોઈ ઉઠાયે.૧ ત્યાં બોલયો દુરજોધંન રાય, હવે કોઇ ઉઠીયેરે,તમે સાંભળોસઉ સભાય, હવે કોઈ ઉઠીયેરે, ૨ હું આવ્યો તમે બેસી રહ્યાછો, સારૂ સર્વનું રૂપરે, મછવેધ્ય કરવાને ઉઠો, તમે ભરાયા ભારે ભુપ. હવે ૩ કન્યાની આશાએ આ-વ્યા, પીઠી ચોળી થઇ રૂડીરે; કડા સાંકળાં ઉતારોને, નમે હાથે પહેરો ચુડી; હવે ૪ બની ઠણિને બેઠા સભામાં, હવે હઇએ ઘાલે હામ; મારા વીના આટલુ તમથી, કર્યું ન કોઇએ કામ.હવે ૫ રૂપાળાને રૂડા થઇ આવ્યા, મોટા ભોગવો દેશરે; ધીક્કાર તમારી જનેતારે, પીઠી ઠેકાણે ચોળી મેશ. હવે ૬ શણગાર સારા સજીને આવ્યા, સારો કર્યો છે ચેહેરોરે;શેલા મંડીર ઉતારી, ઘેર જઇને ઘાઘરીયો પેહેરો. હવે ૭ ધનુશબાણ ઝાલી જાણોછો, સઉ છે તમથી હેઠરે; પણ નામ બાપનું બોલી બેઠા, સઉ પથ્થર માને પેટ. હવે ૮ કેહેતા મુજને લજ્યા આવે, બળે દ્રુપતને હોળીરે; અવતાર સૈના છુટી પડયા છે, પીઠી ઠે-કાણે ચોળી. હવે ૯ હંકાર મનમાં આણો અતીસે, રે ફાટી ગયાછો અપારરે; જુવાનીઆનું જોર જાણ્યું, છુટી પડયો અવતાર.હવે ૧૦ નીચુ ઘાલી બેઠા સ

ભામાં, શણગાર સઘળાં છાંડોરે;આછી ઓઢો ઓઢણીને, ગોરિ થઇ ઘર માંડો હવે ૧૧ રાજાના મનમાં શોક થયોછે, જાન જુકતીયે, આવ્યા ક્ષત્રીપુત્ર કોઇયે જાણ્યા, લુંડીઓને તમે ધાવ્યા. ૧૨ એકવીશ વાર નક્ષત્રી કીધિ, પૃથ્વી ફરશુ રામરે, જનેતાનું ઉદર લજવ્યું,બોળ્યુ બાપનું નામ.હવે ૧૩ આખી પૃથ્વીનો હું તો રાજા, રૂષી કહે ઘણું જીવોરે, જાત તમારી લજવી ઝાઝી, હું દીઠે દુરજોધન દીવો. હવે ૧૪ તસ્દી લેઇને હું આવ્યોછું, વાત વીવેકથી પરણોરે; છેલાવાર મારે કેહેવું પડે છે, ઘેર જઇને માને પરણો હવે. ૧૫ મેહેણાં સાંભળી સઉના મનમાં, થવા માંડયો સંતાપરે; પાછળથી પસતાવા માંડયા, હું આવ્યો તમારો બાપ. હ૧૬ અભીમાની હંકારથી બોલ્યો, મેહણાં દીધાં જયારેરે; સઉ રાજા સાંભળી રહયા છે, ઉઠયા જાદવરાય ત્યારે. હવે.૧૭ વલણ જાદવરાયજ ઉઠીયા, રાજ સભામાં જાયરે; દરજોધનને વારીને, રાખે સભાની માંહરે.

કડવું ૧૬ મું રાગ મારૂની સાખી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું મછવેધન મહિમાય.૧ છબીલાયે છત્રપતીને,કહ્યુ હવેના બોલે બોલ;મોટાની મોટાઇ રાખો,ઘટશે તમારૂં તોલ,૨ આવાનઠારા વચન કહ્યા પણ, કોઇઉતર નવ આલે. ૩ માટે તમારે ક્ષમા રાખવી, દેશે ઠપકો તમને દ્રોણ; દુરજોધન કેહે જા ભરવાડા, તું કેહેનારો કોણ. ૪ જાદવમાતુજ નમેલોને, કેહેવાયો વ્યભીચારી; શું શીખામણ દેવા આવ્યો, મામા માસી મારી. ૫ ગોકુળમાં તેં ગાયોચારી, માખણ માટે જાચો;વંદ્રાવનમાં ગોપીકાની. માગી પીતો છાશો.૬ મારા સમાન કોણ છે રાજા, એમ ખુઆરી બોલે; કૃશ્ન કહે તમે મોહોટા છો, નથી તમારી તોલે. ૭ જયારે મુજને કહુરે તમે, ત્યારૂ વાતો કહુછું વરણી; તમે અંધના દિકરા છો, તારી મા આખલાને પરણી. ૮ ક્ષત્રીકુળમાં અવતર્યાછો,ભાષણ કરૂ મન ભાવે; આખલાના પુત્ર કહાવો,એની અસર આવે. ૯ માટે તમારી બુદ્ધી બગડી, મારૂં તે શું ચાલે; અવલી મતીના મોટાછો, જયાંત્યાં ગોથા ઘાલે. ૧૦ સોબત તેવી અસર આવે,નીચાની નીચી જાત;સંત સમાગમ કરયો નથી તે.જાત વિના પડે ભાત.૧૧ અન આવો ઓડકાર આવે,ખરૂંકહ્યાથી ખાર; ખરૂં કહે તો કાળજે વાગે એ અંધ તણા કુમાર. ૧૨ અનાદિથી ચાલ્યું આવે, હેવું કેમ બોલાય; આ ગંગાના દીકરા જુવે છે, ભરી સભાનિ માંહ.૧૩ કહે દુરજોધન મામા મારા, આ જુવો કૃસ્ન કાળો; મોટો મોહન થવા આવે છે, બુદ્ધી એની બાળો.૧૪ મામ બોલયા ભાણેજ મારા, શુ દેખાડો મો-

ટાઈ; તારી પાસે ઉભા રહયામાં, બેન મારી ખતરાઇ. ૧૫ તારે દુરજોધન બોલયો ત્યાં, શા મન કરે સંતાપ;મારા બોલયાની રીસ ન કરશો,બેસો આસને આપ. ૧૬ પ્રભુ કહે કે હું જાઉં છું, પણ સાંભળને રાજન; પારકેઘેર શા ભવાઈ કરવી, તું કરે છે તોફાન. ૧૭ દુરજોધન હાથ જોડી કહે છે, સાંભળો જુગજીવન; માફી માગુ મોહન મારા,તમો દેવકીજીના તન. ૧૮ સઘળી સભા સાંભળ્યાં કરે છે, કહુ કસ્ન એ ઠીક; આડુ અવળુ બોલતોતો;બતાવી બહુબીક ૧૯ નીચુ ઘાલી રાજા બેઠો, કેહે મામાને વચન; કરણ ભાઈ કાંઈ કરીને,એમ બોલયો રાજંન. ૨૦ કરણને શકુની બોલયા એવું. ચતુરભુજને રીસ ચડશે; નહારા વચન કહા વીડલને, મારે સ્થંભે ચડવું પડશે. ૨૧ દુરજોધન કહે ત્રાશ ઉંચા,જળમાં કેમજોવાય;કદાપીહેઠો પડુતો મરૂં,આદી નંય ભોગવાય.૨૨મામો કેહે એ નથીરે કપરૂ,એવુ તે કેમ થાય,કન્યા જો એ ઝરૂખે બેઠી,જાણે જબકવી જળી થાય.૨૩ દુરજોધનકહે મામા મારા,શાંભળો શરવથી,રૂપઅલોકીક કન્યાનુ છે.તરીલોકમાંદીઠી નથી.૨૩ સ્થંભના ઉપર હું ચડીશને,-કરીશ મછવેધન, ભાગ્ય મારૂ ફરી ગયુને,એની શાથેથશે લગન.૨૪ મુજઘેર રત્નકન્યા આવે,રાંકને હાથ રતન,કામકાજ કંઈ કરવા નહિ દઉ,જાળવું કરી જતન.૨૫ કન્યાદાન વખત એનો મારો, હસ્તમેળાપ થાશે, એ શતિ શાધવીના હાથનો, આ મુખ કંશાર ખાશે. ૨૬ મોહોડેથી મલકાઇ ગયો છે, ધાંટો કાડી કે વચન, દ્રુપતરાજા પાસે આવોને, પંચાળના રાજન. ૨૭ ત્યારે દ્રુપતરાયે વીચારીને બોલાંવ્યાગોર ત્યાંહ, જુવો છતરપતિ કેમ બોલાવે, જાઓ શભાની માંહ.૨૮ ઘોણી ગોર કહે ચાલો રાજા, આવુ તમારી શાથ, ફકર ચંતા નવ ધરશો. બેઉ ચાલયા ઝાલી હાથ ૨૦ બંને જણા ત્યાં આવી ઉભા, દ્રુરજોધનની પાશ દુરજોધન મુખવાણી બોલયો, રાય કરજો મનમાં ધ્યાંશ. ૩૦ ઉચે કુળમાં અવતર્યોછુ, શત્યવદુ વચન. જળકુંડાલે જાઉંછું હુ, કરવા મછવેધન. ૩૧ પુરપતી પહેલેથી કહુંછું, વચન થીર કરી થાપો, મછવેધ કરૂ કન્યા વરૂ,તમેપહેરામણી શી આપો, ૩૨ ત્યારે દ્રુપતરાજા બોલયો, આવી હઇએ હામ, રાજા તમે શાચ કહોછો,પહેલાં કરો એ કામ. ૩૩ તમ જોગ મનશું મળવાનું,પણ રાખો મારૂનામ,અકકે વસ્ત્ર પહેરી નીકલીને, શઉ આપુ ઘરને ગામ.૩૪ ગોર કહે તમે ગુણવંતા છો, આ વાત રૂદે શી ધારે, પાણી પહેલાં મોજડા શું, રાજાજી ઉતારે. ૩૫ ઘર ગામને નામ કરીને, આપુ શઘલો દામ. તમથી મારે નથી વધારે, આપુ દામ કરો કામ ૩૬ ત્યા દુરજોધન ત્યાં બોલયો. હવે જાઓ નીરધાર. ગોર દ્રુપત ગયાક ચાલી, કહેછે અંધકુમાર. ૩૭ મામા મારા બોલજ શારા. હવે શા કરવા

મનસુબા. કદાપી હું હેઠે પડુતો.તમો રહો ઝીલવાને ઉભા.૩૮ કરણભાઇને શાથે રાખો. મરણ ન થાયે મારૂ.જલકુંડાળે ઉભા રહો જઇ. તો તો ઘણુશારૂ ૩૯ મને કશી વતે ફકર નથી પણ થનાર વસ્તુ થાશે. મારા ભાગ્યની આ કન્યા છે. તે નોણુ લઈને જાશે. ૪૦ નથી ડરવાનો કામ કરવાનો. જોઉ કન્યા શામુ ભાળી. મારા મનમાં કંઇ કંઇ થાયછે. જોઉ દ્રૂપતની બાળી ૪૧ મામો કહે હું મનમાં મુંઝાઊછુ. ભાણેજ તતપર થાઓ. વાતમાં વિલંબ ન કરવો. તમે જળકુંડાળે જાઓ. ૪૨ ચરણ કહે તમે હવે ન બોલશો.ઉપરથી પડવાની વાત. હૂં પણતયાં પાસે ઊભોછું.કાંઈક કરીને ઘાટ. ૪૩ કરણે કહ્યું ન હીમત આવી.લો ચાલચે શરવથી.પણ શકુનીમામા પેલી કન્યા.કાંઇ શામુજોતીનથી ૪૪ કોણ જાણે એ એ મારી શાથે કેવી રાખશે પ્રીત.કોકની પાસે કહેવરાવે તો શામુ જુવે ખચીત. ૪૫ શકુની કહેછે ભાણેજ મારા બળયા વીચાર તમારા. હું કન્યાના શામું જોઉછું. મને કરે અણશારા. ૪૬ પણ તું તારા મનમાં શમજને. મને શાનમાં શમજાવે. મામાજી તમે ઉઠાડો એમને. કયારે મછવેધ કવા આવે. ૪૭ હાવી વાતો શાંભળી હરખે. પરખે પુરણ પ્રેમ. મામા એ મારે ઘેર આવશે. મારે મારવાનો એને નેમ. ૪૮ પાસે બેશી પાન સોપારી. ખાઇ કરીશું વાત. ઘેર જઇ ભાનુમતીને કહાડું. મારીને બે લાત ૪૯ મારે મામા તમે જુગેને. મારૂ કપાળ મારે તેજ. મામો કહે તું ભાગ્યશાળી, તું ભલો ભાણેજ ૫૦ હમણા એને હું કહેવરાવુ. પણ ગણાઇએ ગમાર. દુરજોધન કહે વર આવે તો. સારા ધરાવુ શણગાર. ૫૧ એમ કહીન ઉઠી ચાલચો રાજા દુરજોધન; હજુ સુધી સામું નથી જોતી. ચ્યંતા રાયને મન. ૫૨ પછે ધિમે ધીમે આવ્યો ચાલી. સ્થંની પાસે જાય; અટારી ઉપર મતી બેઠા છે. દાસીઓબોલી ત્યાંય. ૫૩ અરે બાઇ હવે તમે જુવોન. ઉઠયા છત્રપેતી; એ મોહોટા રાજાજી આવ્યા. સાચ કહુ સરવથી. ૫૪ ત્યારે સતિ સાધવી બોલ્યા ઉઠયા. સાભળોને નીરધાર; બાઇ તમે કહ્યા તે સાચ. એને બહુ હકાર.૫૫માટે મને એને જોઇને ઘણો આવે છે કરોધ; ચોરાશીહજાર દેશના. એ છે જબરાજોધ.૫૬ હું મારા મનમાં સઉ સમજુ. વાત ન રાખુછાની; એનુ પારખુ હું જાણુંછું એછે બહુ અભીમાની. ૫૭ તયારે સઉસખીયો તયાં બોલી. થશે તેજ થહાશે કદાપી એ કામ ચરશે તો એને ઘેર જવાનુ. ૫૮ દાશીયો કહે છે કહુ ખરૂ.તમેસતયવધા વચન; એમ વાતો કરે એટલે જળકુંડાળે રાજન. ૫૯ ॥ ચલણ ॥ આવી ઉભો જળકુડાળે; છત્રપતી જે રાય; આડાઅવળી જોયા કરે છે વીચારેમનમાંહ.

કડવા ૧૭ રાગ સામેરી

વૈશંપાયે રૂશીએણીપેર બોલયા, સાંભળને તું રાય; ત્યાર પછી શું નાપન્યુ કહ્યુ વીસ્તારી મહીમાય; ૧ સઉસભા ત્યાં જોયા કરેછે; જળકુડાળે રાજન;કન્યા સામી દ્રષ્ટી કરિછે, મોહ પામ્યો જોઇ મન.૨ત્યારે રાજા માત્ર વીચાર કીધો,હવે શો કરશુ ઉપાય; વારાફરતી કરૂ પ્રાર્થના,પ્રભુ પ્રસન થાય. ૩ ત્યારે સઉધ્યાન ધરીનેબેઠા,વીડલ વાહારે ચડજો;આ અકરમીઉઠયે સભામાં, વહેલો ઉઠો પડજો.૪સહુ જરાસંધનેશીંશુપાળને કહેદંતવકર ત્યાંહ;આ અધરમી હેઠા પડજો,હાથમાં આવે કાંય.૫એમ વારા ફરતી સરવેરાજા બોલેવાત;ભ્રમસભામાં ભીમ બોલયો, સાંભળો મારા ભ્રાત. ૬ ધર્મ ધોરીધર ભાઇ જુવાને અકરમાએ ઉભો; બની ઠણીને એ આવ્યો છે, જાણે મોટા સુબો. ૭ ભીમ કહે છે ભગવાનને, વારે વિડલ ચડજો; એ અભીમાની ઉપર ચડે તો જળકુંડાળે પડજો. ધર્મ કહે ભાઇ એ શું બોલયો, હૈયામાં હરખાઇ; ભલો ભુંડો પણ આપણા ઘરમાં એ છે આપણો ભાઇ. ૯ એ કરશે તો આપણા કુળને, નહી કહેવાય અન્યા, સઉ સભામાં નામ વધારી,ઘેર લાવશે કન્યા ૧૦ ત્યારે ભીમને ખોટું લાગ્યું,એવુંતેકેમ થાય; આપણા કરમની કન્યા,એકયાં લઇ જાય.૧૧માટેમેં સમજીને કહ્યું છે, વેહલો ઉપર ચડજો; દાઝ રાખી દળમાં કહું છું.એ દુરજોધન પડજો. ૧૨ ધર્મ કહે તું એવું કહે છે સમજીને મન, ભાઇ આપણો હેઠો પ તો આપને લાછંન, ૧૩ સમજાવીનેછાનો રાખ્યો, બેઠો જઇને સ્વચ્છ; વસ્ત્ર ખણગાર ઉતારીને, ભલો ભીડાવ્યા કચ્છ. ૧૪ પગમાં સોનાનો છે તોડો, અંબોડો વાળી જાય. સઉ રાજા કરે ચેષ્ટાળી ત્યાં કોથી નવ બોલાય.૧૧ ૧૫ ફકડ એકડ થઇરે ઉભો, હૈયે હરખ લાવે. પાન બીડાં પ્રેમે ચાવ્યા, મુંછો વાકી ચડાવે. ૧૬ પટકો લટકો કરીને બાંધ્યો, કેડ કસીને બાંધે; ધનુષ બાણ હાથમાં હતાં તે, ભેરવી દીધાં ખાંધે. ૧૭ કન્યાના એ સામું જુવે છે, કરે આંખોના અણુસારા; હઇયામાં એ નથી સમજતો, થા ક્ષત્રીના ધારા ૧૮ આખી સંભા જોયા કરે છે, વિચારે સરવથી;સભામાં ઉઠી આવ્યો પણ, આજ્ઞા માગતો નથી. ૧૯ કોઇને વાત એવી નથી ગમતી, ઉભો હરખ પામી; રાજાના સામું જોતો નથી, નજર કંન્યા સામી.૨૦પાધિયા ઉપર પ્રેમે ચાલયો, હઇએ વાલી હામ; પાટીયું અનુચરે ખેંચી લીધું કરી સ્થંભને શલામ. ૨૧ પછે પ.પીએ ચડવા માટે, વિચારૂ દલસાથ;મછવેધના થાભલાને. ભલી ભીડાવી બાથ. ૨૨ ધીમે ધીમે ચડતાં ચડતાં. વિચારૂ સાવચેટ; પેલી રૂપાળી કન્યા પરણું; એમ કહી મેલી દોટ. ૨૩ દુરજોધન બહુ દોટ મેલી. ચડતો સુર સપાટે ઝઝી જુ-

ક્તિ મુક્તિ કરતો. કરતો ચાલીયો જોરઝપાટે.૨૪રાજા સહુ વિસ્મય પામેછે. નથી કરતા કોઇ સોર; જોર જણાવી મનથી ચડતો. જેમ પતંગ માગે દોર. ૨૫બહુ બળથી ફાળ ભરે છે, શરીરે નવ કાંપે; થેકડા મારીને ચડતા હનમાન જેવો ટાંપે ૨૬ જેમ સપાટે વાયુવાયે,તેમ એ ચાલ્યો જાયે;રાજા કહે હાવું કોય ન ચડીયુ, વિસ્મય સઘળા થાય. ૨૭આપણે એની કરિ મસ્કરી, મનમાં લાવી ખોટું; મછવેંધ કરશે કન્યા વરશે, એનુ ભાગ્ય મોટું ૨૮ એના ભગ્યમાં એ છે કન્યા ખોટું નહી લગ્નલેશ; જુવો હજી ઝપાટે ચડેછે છુટા થઇગયા કેશ૨૯ નિશ્ચય એ વરવાનો કન્યા સઉ બોલે જેમ ફાવે; અભીમાને છલકાઇગયોછે. છ ગાઉ સુધિ આવે. ૩૦ જુવો જુવોને ભાઇયો સઘળાં, આપણે માન ખોયું; સભામાં સામળીયો બેઠો તેને સામુ જોયું. ૩૧ અંતર જામીએ એવું જાણ્યું એ તો નિતિ વરશે;ભગત મારા પાછા જાશે, મારૂં બોલ ; ફરશે. ૩૨ ઉલટ આણી મનમાં જાણી કૃષ્ણએ કીધું.; જ્યારે ઉંચે ચડીગયો, ત્યારે બળહરીને લીધું. ૩૩ ભ્રમ સભામાં ભીમ બોલયો, ધર્મ કહુ સહુ શાંખુ; શરમ હરે શાનિ રાખું, દરિયામાં સ્થંભ નાંખુ. ૩૪ હું ઘણા દિવસથી ગભરાયો છુ, નવ બોલશો કઇ ફેર; આપણને એને બહુ દુખ દીધું, આજ વાળુ એનુ વેર ૩૫ ત્યારે ધર્મ ધીરૂંઘર બોલયા, એવું તે કેમ થાય એને મારવાની વાત કરે છ; બાંધવ એ કહેવાય. ૩૬ ભીમ કહે છે ભાઇ લાગ આવ્યો તતબર વેહેલો થાઉ; થાંભલો દરિયામાં નાંખી, કન્યા ઘેર લઇ જાઉં. ૩૭ ધર્મ કહે તને મારા સમ છે, હવે ન બોલશો કાંઇ;સારો નરતો એ કહવાતો. ભલોરે ભુંડો ભાઇ. ૩૮ ભીમ કહે સત્યપત્ય રાખો છો, તમ મતે નવચાલયું; ધર્મ શર્મને કર્મ ગણો છો, તેનું આ ઘર ઘાલયું. ૩૯ એમ કહીને બેશી રહયો, સ્થંભ ઉપર શું થાય જીવ અકળાયો દુરજોધનનો બાઝયો સ્થંભને ત્યાંય. ૪૦ ઉપરથી બહુ ઘાંટા કાહાડે, ધરે મનમાં સંતાપ; ભોગ લાગ્યા હુંતો આવ્યો ઓરે મારા બાપ. ૪૧ જીવ જવાનો નીશચે મારો, ઓ મામા બોલ સહેજો; હું હેઠો જે પડુ તો, મુજને ઝીલી લેજો ૪૨ હામ કામ કરવાનિ નથી, શો કરવો ઉપાય;ફેર ચડવા માંડયા અતીશે, જીવમારો ગભરાય.૪૩એમ ઉપર બહુ અકળાયો પુરણ મળી યાં પાપ; ચીસો રીસો કરીને કહેછે, સાંભળે ઓરે બાપ.૪૪ અરે દૈવ તેં આ શું કીધું, ખાલી કરી ઉપાદી, રાજપાટ મારૂં રે[illegible], કોણ ભોગવશે ગાદી.૪૫ તેજ સ્વરૂપ એ કન્યાનુ જાણી, બુદ્ધી મારી બગડી; સતી તું સઘડીના જેવી, સઉને નાખ્યા રગડી. ૪૬ જીવતાં રહેવાની નથીરે આશા, કોણ કરે અહી મુજ સાય; તારી સાથે બળ્યું પરણવું, ઓરે મારી માય. ૪૭ ઉંચુ નીચું નથી જો

વાતું, શરીર થર થર ધ્રૂજે;અવની આભજ એક દીઠું લીલાં પીળાં સુજે.૪૮ પરસેવો બહુ થવા માંડયો,દેહ દુખી બહુ થાય;રૂવાટાં બહુ ઉભા થયાં, જાણે જીવડો જાય. ૪૯ જીવ એનો ફરવા લાગ્યો, ઉલટી એને થઇ;આંખે અંધકાર થયો છે, શુદ્ધબુદ્ધ નવ રહી. ૫૦ જેવા પહેલાં મેણાં માર્યાં, તેવો બોલ ન સાંખ્યો; તેવો પ્રભુએ ઉંધો કરીને, જળકુંડાળે નાંખ્યો. ૫૧ પથરની ધાર પેશી ગઇ,કપાળ એનું ફુટયું;ઉંચેથી હેઠો આવ્યોને,રૂધીર ઝાઝું છુટયું. ૫૨ પાણીનો હલકારો વાગ્યો,ઉપર આવ્યો જયારે;સેવકો સપાટે આવી,તાણી કાહાડયો ત્યારે. ૫૩ ઉંધે માથે હલાવીને, પાણી કહાડયુ બહાર; સરવે સામુ જોવા માંડયું, જાણે જીવ નથી લગાર ૫૪ સભા સરવે હશી પડી છે,કરે શેવક ઝાપટ; ગોર દ્રોણી પાસે આવી,લીધો માથેથી મુગટ.૫૫શકુનીમામા સામા આવ્યા, બોલ સઉએ શ્રીધા; ૩ બાળીને ચેવીને, એને પાટા બાંધી દીધા. ૫૬ નારદજી ત્યાં નાઠા આવ્યા,લાવ્યા સઉ શણુગાર;પંચીયુ પોતે પહેરાવ્યું,ક્ષણુ ન લાગી વાર. ૫૭ કાનઢંગી ટોપી ઘાલી, કર્યા પહેરતાં ચાળા;કપાળમાં ટીલું તાણીને હાથમાં આપી માળા. ૫૮ કાષ્ટ આસન પાસે લાવ્યા, સૌ ઉઠયા રાજન; ભલે પધાર્યા ભલે પધાર્યા, ઓરે દુરજોધન ૫૯ મછવેધ કરીયા, કન્યા વરીયા, ઉપર ઝટપટ ચડીયા; વાર તમને લાગી નહીને, વહેલા હેઠા પડીયા. ૬૦ પીઠી ચોળી શ્રીફળ લીધુતું કોનું જોશો ઓઠું; અમે જાણીયે તમારા મામે, આપ્યું હશે કોઠું. ૬૧ ધરોણીગોરને કહેછે રાજા,સાંભળો સરવથી;સઉ રાજાના જેવો જાણો, હું બેસવાનો નથી. ૬૨ વીચાર રાખીને બોલજો,કહુ તે આ ઠામ;ગોર કહે બહુ સારૂ કર્યું,બોળ્યું બાપનું નામ.૬૩ પરણવાને પ્રેમે આવ્યાતા,પીઠી તમે ચોળી; પીઠી ઠેકાણે રાખ ચોળી, મારે હઇયે બળે છે હોળી. ૬૪ પહેલાં છકમાં છકી ગયાતા, નવ કર્યો કાંઈ વીચાર; હવે સર્વે જાણી ગયાને, એ અંધના કુમાર. ૬૫ મામા કહે ભાણેજ ન બોલો, શીદ ચંતામાં પેઠા; જાણે આપણા મહેલમાં, ઉઘાડે માથે બેઠા.૬૬ દુરજોધન કહે મામા મારા,નથી માપ મેં ખોયું;પહેલાં આ ચાર પડયા હતા તો,મેં શાનું નીચું જોયુ ૬૭ સઉની વચમાં આવી બેઠો, રાજા દુરજોધન; જરાસંધ કહે ગાળો દીધી, એ આંધળાના તન. શલ્યરાજા બોલ્યો સપાટે, વાત ધાનમાં ધરજે; તારી માને બે પરણ્યા તેમ, તું ઘેર જઇને વરજે.૬૯ દુરજોધન કહે તમે બોલોને,નથી કર્યો મેં અન્યા;તમારા કપાળમાં ડામ દેશે, પરણીશ રૂપાળી કન્યા.૭૦ માંહોમાંહી લડયા કરેછે, સાંભળે સઉ રાજન; ધરોણીગોરે આવીને, કરીસુ સમાધાન. ૭૧ દ્રુપદરાયે રોવા માંડયું,હવે વલે શી થાશે;આશા મારી પુરી થઈ નહી,કન્યા કુંવારી રહી જાશે

૭૨ ભ્રમ સભામાં ભીમ બોલ્યો, મોટા ભાઈ તમે જાણ્યું;છેવટ હંકારી હેઠા પડયોને, કર્યું મોહોડું કાળું. ૭૩ મુવા તમારા એ ભાઇ આવ્યા,સત્ય કહુ આ ઠામ;આંધળાના દીકરાએ,બોળું બાપનું નામ.૭૪આપણા કુળમાં અંગારો એ હાવુ કદી ના થાય; બીજા રાયને હાવુ થાય તો, પડેરે કુવા માંહ.૭૫ વળણ. કુળમાં એણે કલંક લગાડ્યુ, હાવુ તે કેમ થાય; હું સમજી એણે પીઠી ચોળી, આવ્યો સભાની માંહ.

કડવું ૧૮ મું રાગ અહોરાયજીનો.

હવે વૈશંપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજય રાય; વીસ્તારી તુજને સંભળાવું, મચ્છવેધન મહીમાય. અહો રાયજી સુણીયે. કોય સભામાં થયુ ન ઉભુ, દ્રૂપતને થઇ ચંતાય;આંખમાં આંસુ લાવીને,ગયો ઘરની માંહ. અહો૦ પોતાના મનમાં થયો ઉદાશી,કામ કેવુ કીધુ;એક રૂપાના પ્યાલામાં, એણે વીશ ઘોળી લીધું,અહો૦ ૨ એટલામાં ત્યાં દ્રોણીગોરજ,આવી પોચ્યા ત્યાંય; નાર દજી પણ પાસે ગયા, રાય આતે શું કહેવાય. અહો૦૩ આમ એકદમ કામ ન કરવું, એથી જીવજ જાશે,સભામાં જઇને મેણાં મારો,કોક ઉભો થાશે. અહો૦ ૪ નારદ દ્રાણીએ હાથ ઝાલ્યો, સભામાં લઇ જાય;કહે રાજા તે હવે શું કરવું, જીવ મારો જાય. અહો૦ ૫ સૌ રાજા કહે ધીરજ રાખો, હાવુ તે ન થાય; હજુ જાદવને કહેવાનું છે વળી બેઠી બ્રહ્મ સભાય. અહો૦ ૭ આગળ કામ આવાં થયા છે, ધીરજ રાખો મન;સૌ રાજાના સાંભળતાં,દ્રૂપત બોલ્યો વચન.અહો. ૭ ક્ષત્રીનંદન આવ્યા ઇચ્છાએ, વાત મનમાં ધારી; હવે રે શો ઉપાય કરવો, કન્યા રહી કુંવારી. અહો૦ ૮ પુન્યદાન મેં ઘણાં કર્યાં છે,હઇયે બળેછે હોળી બનીઠણીને રાજાઓ સૌ, આવ્યા પીઠી ચોળી અહો૦ ૯ એકવીસ વાર ન ક્ષત્રી કીધી, ફરશુરામે ધરતી; રાજપુત્ર કોઇ રહ્યું નહીને,દશારે મારી પડતી. અહો૦ ૧૦ નામ બોળી સરવે બેઠા, મન કરે મનસુબા,વચન રાયનાં આવાં સાંભળી, કરણ થયો છે ઉભો. અહો૦ ૧૧ ઉભો રહેરે ધ્રુપતરાજા હાવું કેમ બોલાય; ગંગાજીના દીકરા તે, બેઠા સભાની માંહ. અહો. ૧૨ તેની તુજને શરમ નથીને, થયો ધર્મ તુજ ભ્રષ્ટ; તે માટે તારી કન્યા કુમારી રહી તું પામે છે કષ્ટ અહો૦ ૧૩ તે માટે ફકર ચંતા નવ કરશો, વાણી તું થીર થાપે; મછવેધ કરવા હું જાઉં છું, મને પહેરામણી શી આપે અહો.૧૪ ત્યારે દ્રુપતરાજા બોલ્યો, કષ્ટ સઘળાં કાપું;મુજને કાંઇ જે મળે તે,તમ લાયક હું આપું.અહો. ૧૫ આમ વાત કરીને એતો ચાલ્યો, પડયો દુરજોધનને વહેમ; દુરજોધન કહે મામા મારા; હવે થવાનુ કેમ અહો. ૧૬ આતો કરણભાઇ ઉઠયો મારા કરમની

કન્યા; પીઠી ચોળી જાન લઇ આવ્યો થવારે બેહો અન્યા અહો.૧૭કરણુરાયને પાસે બોલાવ્યો હું કરવા જાઉં કાજ જાન સાથે પાસે આવ્યા તેથી જાય આપણી લાજ અહો. ૧૮ દુરજોધન કહે સાચુ કહો છો, જોઉં કોણ પરણે નારિ;મામને પાસે બોલાવ્યો, આ વાત નથી કાંઇ સારી. અહો. ૧૯કરણુરાયને કહેવા માંડયું બોલ્યો દુરજોધન;કામ કરવા જાઓ તમે તો,પાળો મારૂ વચન અહો. ૨૦ મચ્છવેધન જો તમે કરો તો વાત માહરી વરણુ; જાન લેઇને હું આવ્યો માટે, એ કન્યાને હું પરણુ. અહો. ૨૧ કરણ કહે મારે નથી વરવી કામ કરવા જાઇએ અમો; હેઠે હું ઉતરીસ કરીને, કન્યા પરણજો તમો. અહો. ૨૨ એમ બોલી વચન આપ્યું, કરણુ રાજા જાય; સ્થંભનિ પાસે ચાલી આવ્યો, વીચારયું મનમાંહ. અહો૦૨૩ દુરજોધન મામાને કે છે, એ કન્યા કયાં જાશે; લોકો મશ્કરી કરશે માહારી, પણ કન્યા આપણી થાશે. અહો. ૨૪ શકુની સપાટે બોલયા, ભાણેજ તારા કરમની; કરણુ કામ કરી પરણાવે તમને, એતો વાત શરમની, અહો. ૨૬ છત્રપતિ છલકાઇ ગયોછે હવે ન કરશો વાર; દ્રૂપતત રાજાને ખબર આપો, કરે સામગ્રી તઈઆર અહો૦ ૨૭ પછે જળ કુંડાળે ચડીયો રાજા, કામ સપાટે કીધુ; પાટીયા ઉપર ચડી ગયો કે, પાટીયું તાણી લીધુ. અહો૦ ૨૮ બાહાદુરે બાથ ભરાવી સ્થંભે,ચડવા માંડયું સાવચેટ કરણુ કામ કરવા નાઠે, મેલી દોટ ઉપર દોટ. અહો૦ ૨૯ થોડીવારમાં ચાલી આવ્યો, ત્રાંસ દાંડી પાસ; હીમત ધાલી ઉભો રહોછે, ખાવા માંડયો શ્વાસ. ૩૦ છત્રપતી કહે મામા મારા,હવે ચંતા બેઠી હેઠી;ત્રાસ સુધી જઇ પહોચ્યો એ, કન્યા આપણા ઘરમાં પેઠી. અહો૦ ૩૧ મામા કહે હમણા નવ બોલો; વાત ન કરશો ફેર;કામ કરયા પછી સહુની વાત,આપણે થશે લીલાલેર. અહો૦ ૩૨ સ્થંભે ઉભો તે સહુ જુવે છે. દેખીને હરખ થાય. હવે મચ્છવેધન કરશે, ચતરૂભુજને થઇ ચંતાય. અહો. ૩૩ એતો મારો પરમ ભક્ત છે એને તે કેમ પાડુ; ગમે તેવો પરપંચ કરીને, હેઠો હું ઉતારૂં. અહો. ૩૪ દુષ્ટ દુરજોધનએ કન્યા લે, મુજથી નવ્ય ખમાય; નારદ રૂશીને તેડાવ્યાછે, પછે કરયો ઉપાય ૩૫ નારદજી આવિને ઉભા, સામળીએ કીધી સાન; નારદજી સમજી ગયા, સમજાવું રાજન. અહો૦ ૩૬ ભક્ત મારા પાછા જાય તો આબરૂ મારી જાય, ઘણા દહાડાથી દુખ ભોગવે, કયારે પ્રગટ થાય અહો. ૩૭ એમ જાણી નારદ નાઠા, કહુ કરનને સારૂં હમણાં હું હઇથી જઇને, એને હેઠે ઉતારૂ. અહો૦ ૩૮ એમ જુકતી મુકતી જાદવ કરતાં નારદ તતબર થયા સતી સાધ્વી બેઠી અટારી. તેની પાસે ગયા. અહો. ૩૯ ॥ વલણ ॥ નારદ આવ્યા સતી પાસે, આપ્યું છે આસન; કહો માહારાજા કેમ પધારયા, નારદ બોલ્યા વનચરે. ૪૦

કડવું ૧૧ રાગ ધનાસરીની સાખીનો.

વૈશંપાયે એણીપેર બોલ્યા, સંભળને તું રાય; વીસ્તારી તુજને સંભળાવું મછવેધન મહીમાય. ૧ આસન ઉપર નારદ બેઠા, અતી ધરી ઊચાટ, માથું ધુણાવિ શીશ પછાડી, બે હાથ દીધા લેલાટ.૨ આંખે મધ્યે આંસુ આવ્યા ઉતરી ગયું છે મુખ;સતી સાધવીએ પુછયું ત્યારે,શું છે દારૂણ દુખ ૩ આજ હરખનો દિવસ મારે તમો કેમ ઉદાશી;મારા સોગન ખવરાવી પુછું કેમ નારદ નીરાશી. ૪ નારદ કહે તમે શું પુછોછો,વાત કરો વીચારી; કશી મને ચંતા નથીને,થઇ ઉદાશી તમારી. ૫ સતી સાધવી બોલી ઉઠયાં, ધરશો નહી દુખ;અતંરપટ અહીં ન ગણુશો, કહોને મારે મુખ.૬ ત્યારે નારદ બોલીયા છે, સાંભળો સાચીવાત; દાશીઓને પુછી જુવો, આ ચડયો એની કોણ માત. ૭ માબાપ જેના નથી જણાતા, માટે થયો ઉદાશ;દાશીના દિકરાને પરણુશો,માટે આવ્યો તમારી પાસ.૮ ક્ષત્રાણીને આવું ના થાયે,વરતાય હાહાકાર;રાજવંસીનો નથી દીકરો, કહુછું સમાચાર.૯ વાતો લોકોએ કરવા માંડી અવળાં પાણી જાય;દાશી કેરા દીકરાને,ક્ષત્રાણીથી ન વરાય. ૧૦ એવી વાતો થાય સભામાં, કાળજું મારૂ બળીયું;સમાચાર સઘળા કહ્યા મેં,આતો વાંકું વળીયું. ૧૧ બીજો પુરૂષ મળે નહીતો, અફીણ ખાઇને મરજે; પણ એને હેઠો ઉતારી, પછી બીજાને વરજે. ૧૨ અરેરે તમે આ શું બોલ્યા, તેડાવું રાજન; હમણા એને ઉતારૂછું, ન પરણું દાશી તન. ૧૩ એમ જાણીને ઉઠાડી દાશી, મોકલી બે ચાર; શંખનાદ કરી જાહેર કરોને, નહી પરણે એ નાર. ૧૪ સમાચાર ત્યાં સઘળા આપી, ઉડયા તેને ઠામ; નારદ કહે હું જાઉછું બાઇ, નવ લેશો મુજ નામ.૧૫ ચાર દાશીઓ ચાલી આવી,વીચાર મનમાં કીધો;શંખનાદ સપાટે વગાડી, દાશીએ ઉતર દીધો.૧૬ કરણરાય તમે હેઠા ઉતરો; કરો મછવેધન સરવથી;તમે છો દાશીના દીકરા,એ પરણવાની નથી.૧૭ રાજપુત્રી નહી પરણે એ,કહાવ્યું થઇ ઉદાશી;દાશીના છો દીકરા ને;જાત તમારી રાશી ૧૮ માટે વેહેલા ઉતરો હેઠા, નવ કરશો કાંઇ કામ, પહેલાંથી તમને ખબર આપી,આ સાંભળે છે તમામ.૧૯ શંખનાદ ત્યાં સાંભળીયો છે,કરણરાયે કાન; અપમાન મારૂ થયું સભામાં, ગઇ શુધને સાન. ૨૦ ઉપર ચડયા છો કામ કરશો પણ કહુ શરવથી; મછવેધન તમે કરશો તો, કન્યા પરણવાની નથી. ૨૧ સભા સઘળીમાં વાતો ચાલે,કરણ ક્રોધે ભરીયો;આબરૂ ઇજત લીધી મહારી, તરત હેઠો ઉતરીયો. ૨૨ દાશી નાઠી શંખ વગાડી, ગઇ મહેલની માંહ;કરણ રાજા ઉતરી આવ્યો,ઉતરી ગયુ મુખ ત્યાંહ.૨૩ છત્રપતી કહે બાંધવ માહારા,

હવેરે બગડયું કાજ; આ કન્યા મહા કામણગારી, લીધી તમારી લાજ. ૨૪ કહે કરણ હું જોયા કરૂંછું, એ કામ કોણ કરે છે;કોની જનેતાએ સુંઠ ખાધી, એ કન્યા કોણ વરે છે. ૨૫ ઉથલપાથલ કરી નાંખુ,રિસ ઝાઝી મન લાવું;થ-નાર હશે તે થવારે દઉ, એ કન્યા તને પરણાવુ. ૨૬ તું વીચાર કરજે; કન્યા વરજે. સાંભળ વાતજ મારી;શકુની કહેછે ભાણેજ મારા, હવે એ કન્યા થઇ તારી. ૨૭ કારણભાઇનું મરણ થાય પણ, વીચારે સરવથી;કોની માયે કોણ જણ્યો છે, એ લેવા દેવાનો નથી. ૨૮ કહે શકુની નીશ્ચે માનજે, પડે દુરજો-ધનને વેમ; કોય રાજા મછવેધ કરી વરશે, ત્યારે કરીશું કેમ. ૨૯ કરણ કહે ભાઈ એ શું બોલ્યા, મને ઝાઝુ આવે ઝેર; મછવેધ કરી હેઠો ઉતરતાં, એને મારી નાંખુ ઠેર.૩૦ એ કન્યા કોઇને નથી લેવાનો,હવે એક ઉપાય; મારા દે-ખતાં આ સભામાં,કોણજ લેઇને જાય.૩૧ દુરજોધન કહે બાંધવ મારા, ચંતા સઉ હઠી બેઠી; હવે હઇયામાં નીરાંત વળીને, એ આપણા ઘરમાં પેઠી. ૩૨ ત્યારે સભારે સઘળી જોયા કરે છે,કોઈ ઉભુ નવ થાય;દ્રૂપતની આંખમાં પાણી આવ્યાં, હવે વલે શી થાય. ૩૩ પરણતાં પહેલું પાપ આવ્યું, વીચારે અંતઃક રણ; કોઇ રાજા મછવેધ કરે તો, કરણરાય કરશે હરણ. ૩૪ એ મારી નજરે નહી જોવાયે,હવે મારે તે શું કરવું;થોડીવાર જોવાને ઉભો,જુવેછે ચારે પાસ, પણ રાજા કોઇ ઉઠે નહીને, પડીયો પુરણ ત્રાસ. ૩૬ નીરાશ થઇ પાછા ફર્યા છે, ગયારે ઘરમાં જ્યારે; દરોણીગોર પછાળથી તે, જઇ ચડ્યા છે ત્યારે. ૩૭ શાહસ કામ તમે કરશો નહીને, કાંઇક થશે ઉપાય;છપનકોટી જાદવ બેઠા શ્રી હરી કરશે સાહ્ય. ૩૮ ॥ વલણ ॥ શ્રીહરી સાહ્ય કરશે આપણી, નવ ધરશો ચંતાય; જાદસભામાં બોલીયા, બલીભદ્ર જે રાય.

કડવું ૨૦ મું રાગ આશાવરીનો.

વૈશંપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું,મછવેધન મહીમાય.બળીભદ્ર કહે સાંભળો બાંધવ,કહુછું પુરૂશ પુરાણ; દ્રૂપતરાયે સ્વયંવર રચ્યો તે, થઇ ગયો ધુળધાણ; આખર વખત એની આવી, માટે તતપર થાઉં. દયા એની મુજને આવી, મચ્છવેદ કરવા હું જાઉં. ૩ કરનકહે ભાઈ એ શું બોલ્યા,એ ન ય આપણો ધર્મ.હું નાનો બેશી રહયોછું, નથી આવતી શર્મ. ૪ ત્યારે બલભદ્ર કહે સાંભળ ભાઇ,કહુછું સાચુ વચન આ વખત આંહી નથી આવ્યા કુન્તાફોઈના તન કૃષ્ણ ક એ સાચુ કોહો છો, વાણી થીર કરી થાપો; કદી કુન્તા ફોઇના તન દેખાડું, તો તમે શું આપો. ૬ ત્યારે બાહાદુર બલીભદ્ર બોલ્યા, કઠજ એનું કાપું; જો અહીં અરજુન આવ્યો હોત તો, આ દેહનું સારથક આપુ.૭ એવું સાંભળી તે

કાણે. બોલ્યા જુગજીવન; સાચા દલે કહેતા હોતો, આપો મને વચન. ૮ વચન ત્યાં વીઠલે લીધું. ઉઠયા સભાની માંહ; વિઠલ મન વ્યાકુલ થ-ઈને, રાજ સભામાં જાય. ૯ ભક્તને માટે ભુદરજી તો, ઘણા થયા ઉ-દાસ; ચારે સતીઆ બેઠા છે, આવ્યા તેમની પાસ. ૧૦ ભિષ્મ વિદુરને દ્રોણ બેઠા, વળી કૃપાચાર્ય જે મુન્ય; હસતે મોહોડે ત્યાં આવીને, બોલ્યા જુગ જીવન ૧૧ ગંગાજીના દીકરા કહે છે,સંભળો પુરૂષ પુરાણી;દ્રૃપતનું આ ખર-ચેલું તે, થઇ ગયું ધુળધાણી. ૧૨ દુર્યોધન હેઠે પડયોને,સાંભળો સુંદીરશા મ; અત્યારે પાંડુ પુત્ર હોય તો,નવ જવા દે નામ. ૧૩ આ કુળમાં અંગારો ર-હયો, હુ શો કરૂં ઉપાય; ચારે સતીઆની સાથે ત્યાં, બોલ્યા જાદવરાય. ૧૪ વખાણ કીધાં પાંડુ પુત્રનાં, તમે તેનું કષ્ઠ કાપો; અહીં અમારી એક બતાવું તો, તમે શું આપો. ૧૫ ત્યારે સતીઆ બોલી ઉઠયા, પાંડવ ઓળખી લઇએ અમારી દેહના સુકીત હોય તે,એમને આપી દઇએ ૧૬ વિઠલ કહે છે વચન આપો, ત્યારે આપ્યાં છે વચન;વચન લેઇને વિઠલ હસીયા, પોતે જુગજીવન. ૧૭ ગંગાના દીકરાને ખોટું લાગ્યું,સામળીઆ હસ્યા સાથી;ભગવાન કહે ત મે વચન આપ્યાં,તે અહીં હોય કયાંથી. ૧૮ છેલ છબીલે અમને છેતર્યા,ડા-હયા દામોદર દેવ, જ્યાંને ત્યા તમને હસવ નિ, ઘણી પડી છે ટેવ. ૧૯ એવું કહીને ઉઠી ચાલ્યા; સ્વામી શ્રીગોપાળ; પુરશોતમે કરી પ્રેરણા, બાંધિ પાણી પહેલી પાળ.૨૦વિશનો પ્યાલો દેખીને ત્યાં, દામોદર દુખ લાવ્યા; એટલામાં ત્યાં તરત ચાલી, વેદવ્યાસજી આવ્યા. ૨૧ ધરૂપદને શીખામણદીધિ, હઇ-એ રાખો હામ; આગળ આવા સ્વયંવરમાં, ઘણા થયા છે કામ. ૨૨ માટે રાજ સભામાં મેહેણાં દોને, કેઈ ઉઠશે રાજન; મેહેણાં દેતાં નવ ઉઠે તો; જ્યાં છે મુનીજન ૨૩ધરૂપત કહે એ ઠોહોછો સાચુ,મારે હઇયે વાસની પુળી; તમે મુજને સ્થંભ બતાવ્યો, તે સ્વર્ગની છે સુળી. ૨૪ સઉ ઉપર ચડે છે હેઠે પડે છે, કોયથી કામ ન થાયે; ઘણા ચડયા તે ઠા પડયા છે, તેથી થઇ ચંતાય. ૨૫ ત્યારે વેદવ્યાસ વાણી બોલ્યા, સાંભળને સરવથી. એ પડેલા ને હું સમજુછુ, એમાં વર એવો કોઇ નથી. ૨૬ શ્રીકૃષ્ણ સઘળું જાણેછે, તે કહે તેમ તતપર થાઓ; રાજસભામાં કહ્યા પછીથી, બ્રહ્મસભામાં જાઓ.૨૭ આગળ એવાં બ્રહ્મસભાથી, ઘણાં થયાં છે કામ; રાજાને મેહેણા મારીને,જાયો બ્રહ્મસભાને ઠામ. ૨૮ ત્યાં જઈને હેવુ કહેજો, સત્યજ કહુછું આપ; જાત છુ-પાવિ બેશી રહે, તેને બ્રહ્મહત્યાનું પાપ. ૨૦ હેવાં વચ ન ઋશીસભામાં;કહેજો તમે રાજન; તમારી સાથે ધરોણીગોરને, રાખજો જુગજીવન. ૩૦ વીશનો

પ્યાલો રાખો હાથમાં; રોતાં રોતાં રહેજો; સઉ રાજાને શભાની મધે, જેમ કહેવાય તેમ કહેજો. ૩૨ તેમ કરતાં કોયે ન ઉઠે તો જજે બ્રહ્મસભાય; તારી પુત્રી પ્રેમે પરણશે, તું નવકરીશ ચ્યંતાય. ૩૨ શ્રીહરી તારી શાહ્યમાં રહેશે; રોઇશ નહિ રાજન; વાણી વેદમંવ્યાસ કહીને, થયારે અંતરધાન. ૩૩ વક્ષણુ દ્રુપતરાજા ચાલીયો, યાદવસભાનિ માંહ; દરોણીક ગોરને સાથે લીધા, વચન બોલ્યો રાયરે.

કડવું ૨૧ મું રાગ ઝુલણાની ચાલ.

કોઇ ઉઠો ઉઠો રાય, મછા વેંધિ વરો કન્યાય; મછા વેંધિ વરો કન્યાય, રાજા દ્રુપત લાગે પાય. જાદવની સભામાં આવ્યા, દ્રુપત જે રાજન;હાથજોડીને જાદવ સઉને, કહે વિવેકથી વચન. હાંરે.૨ શ્રીકરશનને જાદવ સઘળા,દેખી કરે પરીતાપ; પુન્ય દાન રાયે ઘણાં કરયાં પણ, આ શો થયો સંતાપ. હા .૩ એ મહારાજા ગુણછે ઝાઝા, શો કરવો ઉપાય; કન્યા માહારિરે કુંવરી તો, જીવ માહારો જાય. હારે. ૪ બલીભદ્ર કહે શ્રીકૃષ્ણને,તમેરે તતબર થાઓ;એ રાજાની જોડે તમે, પાછા રાજસભામાં જાઓ હાંરે. ૫ ધરોણી દ્રુપત શ્રીકૃષ્ણ ત્યાં, ગયા રાજ સભાનિ માંહ, વિનંતિ કરિ દ્રુપત રાજા; કહે સાંભળો રાય, હાંરે. ૬ સુરો પુરો નહી અધુરો, સાંભળો ક્ષત્રા તંન; કન્યા મારી રેહે કુમારી; સઉ વિચાર કરો રાજન. હારે ૭ રાજા માત્ર પડયા વીચારમાં, આબરૂ ઇજત જાશે; પાછા રાજા કેહેવા આવ્યા, હવે ઉભુ કોણ થાશે. હાંરે ૮ ચારે પાસે મન ઉલ્લસે, દ્રૂપત ફરતો જાય; ભુપત ભારે ભોંય ખોતરે, કોઇથી ઉંચુ નવ જોવાયરે. હાંરે ૯ માંહો માંહી વીચાર કરે છે, હવે ઉભા થઇ શું કરવુ; આ કરતાં જો આવ્યા ન હોતતો, આ જીવ્યાથી ભલુ મરવું. હાંરે ૧૦ વળી કેટલા એમ કહે છે, અમો તો હરખ લાવ્યા; અમારે દ્રૂપતને દોસ્તી માટે,ચાંલો કરવાઆવ્યા હાંરે. ૧૧ કેટલાક તયાં સગાઈ દહાડે એમ વારા ફરતી કરે વિચાર; સૌસૌના મનમાં સમજે, પણ ન બોલે રાજકુમાર. ૧૨ રાય કેટલા ઉભા થવાને, દરે પોતાનું મન; પણ સ્થંભને દેખીને થાય ઉદાસી તે દન હાંરે ૧૩ ત્યારે દ્રૂપત રાજા કહે કૃશનને, વીચારી તે ઠામ; હવે મારે મરવાનું આવ્યું, ઓરે સુંદર શામ. હાંરે ૧૪ આખી રાજ સભામાં ફરયો, કોઈ ઉભુ નથી થાતું; કૃશન કહે દ્રો દ્રુત રાજા, હવે મેહણાં દેવા જા તું. હાંરે ૧૫ તારી મરજી પ્રમાણે મેહણા દેને, પછી ઉભુ કોઇ થાએ; તારાં સામુ ગરજી બોલશે, તો તેને કેહેવાય. હાંરે ૧૬ એ માહારાજા જાઉછુ. હુ તો,ચડે રાયને રીશ,તમે ફકર નવ કરશો રાજા. એમ બોલયા જુગદીશ. હાંરે ૧૭ વચન સાંભળી દ્રૂપત રાજા, હાથ જોડીને કહે છે; નીચુ ઘાલી બેશી રહે તેને, મેહણાં દ્રૂપત

દે છે. હાંરે ૧૮ હવે મારે શરમ શાનિ, નહી ધારૂ ધરમની વાત; મારે ઘેર મરજીથી આવ્યા, મેહણા ખાત્રા માટ. ૧૯ પછે ઉદાસી થઇને આંશું લાવ્યા ભરી સભાની માંહ, ધરેણી ગોરને શ્રીકૃશ્ન,બે સાથે ચાલયા જાયછે. હાંરે ૨૦ ાા વલણ ાા બંને જણને સાથે રાખી, મેહણા દેછે રાયરે, વીશનોપ્યાલો રાખી કરમાં, જુવે બેઠા સઉ તયાંહરે. ૨૧

કડવું ૨૨ મુ રાગ ઉછળતી દેશી.

અરે કોઇ ઉઠોરે કોઇ ઉઠો, રાજા દ્રુપતનો બોલ જાય જુઠોરે. કોઇ ઉઠો ૧ સઉ ક્ષત્રી કેરા તન, ભલે ભરાયા મુજ ભોવન,સઉને,મછવેધ કરવાનું મનરે. કોઇ ઉ. ૨ સઉ ભાયા ભારે ભુપ, જુદા જુદા કરીને આવ્યા રૂપ હું તો થઇ ગયો તદરૂપરે, કોઇ૦ ૩ સઉ આવ્યા છો પીઠીઓ ચોળી, મારે હઈ રે બળે છે હોળી, પીઠી ઠેકાણે રાખોડી ચોળીરે. કોઇ૦ ૪ આવ્યો દ્રુપત સભાનિ માંહ. એના મનમાં થઇ ચંતાય, મારૂ કામ થશે કે નહી થાયરે, કોઇ ઉઠો. ૫ તમે અંગને તે શું ઘેરો, સઉએ સારો કર્યો છે ચેહેરો, ઘેર જઇને ઘાઘરીઓ પેહેરોરે, કોઇ ઉઠો, ૬ મોટા મોટા તે ભાગ્યા દેશ, સઉ ભરાયા ક્ષત્રી નરેશ, સઉને મુખે ચોળાઇ મેશરે. કોઇ૦ ૭ હું તો કહેતામાં લાગીશ ભુંડો, સઉ એ વેશ કર્યો છે રૂડો, ઘેર જઇને પહેરો ચુડોરે, કોઇ૦ ૮ તમે મરદ મટીને થયા મેરો, શો લેશો રઇયત પાસે વેરો, કાઢી શણગાર કાંચળી પહેરોરે. કોઇ ઉ । ૯, સઉ આવ્યા છો મારે ધામ, કેમ શરશે મારૂં કામ, સૌએ બોળ્યું તે બાપનું નામરે, કોઇ૦ ૧૦, સૌએ તેજ શણગાર લજાવ્યા, હુંશ ધારી મારે ધામ આવ્યા, તમે સઉ લુંડીઓને ધાવ્યારે. કોઇ૦ ૧૧, કોઈ નથી ક્ષત્રીનો તન, તમે સાંભળોને સઉ રાજંન, કોઇ કરોને મચ્છા વેધનરે, કોઇ૦ ૧૨ સઉ બેઠા છો નિર્બળ થઈ, કોઇ રાજબીજ રહયો નહી, મારી કન્યા કુંવારી રહી રે. કોઇ૦ ૧૩ રાખો મુછના ઉંચા કેશ, આવયા બહાદુર બનીને બેસ, બન્યા ભાદરવાની ભેંશરે. કોઈ ૧૪ ફરશુરામે નક્ષત્રી કીધી, લજ્યા બાણા વળીની લીધી, કન્યા કુંવારી રહેવા દીધીરે, કાઇ૦ ૧૫ તમે વાત વિવેકે શું વરણો, સઉ બેઠા થઇને તરણો; ઘેર જઇને માતે પરણોરે, કોઇ૦ ૧૬ આવી વિનંતિ રાયે કહી, કોઇ સભામાં ઉઠયું નહી; નીચું ઘાલીને બેઠા તહી રે કોઈ ૦ ૧૭ મેં માપ સરવનું તોળ્યું, પણ ભાગ્ય મ્હારૂં નવ ખોલ્યું; સઉએ નામ બાપનું બોળ્યુંરે, કોઇ૦ ૧૮ મને લાગે છે દારૂણ દુખ, સઉના ઉતરી ગયાં છે મુખ; સઉએ લજાવી માની કુખરે, કોઇ૦ ૧૯ મહણાં સાંભળી બધારે બીધા, કોઇએ ઉતર કશા નવ દીધા ચાલ્યા ખાસ સભામાં સી-

ધારે, કોઈ૦ ૨૦ ॥ વલણ. ॥ સભામાં સીધા ચાલ્યા, જ્યાં છે બ્રહ્મસભાય વ્યાસ ત્રીકમ વાણી વદે, બોલ્યો દ્રુપતરાય.

કડવું ૨૩ રાગ ધનાસરીની સાખીનો.

હાંરે કોઇ ઉઠે રૂષીવર રાયે,મચ્છા વેધી વરો કન્યાયે;મચ્છા વેધી વરો કન્યાયે, રાજા દ્રુપત લાગે પાયે. ટેક. રાજસભામાં થઇને આવ્યો, જાદવ સભાની માંહ; એ માહારાજા કોઇ ઉઠો,નીકર આબરૂ મારી જાય. હાંરે.૧ રંગ રૂપનું કામ નથી મારે ક્ષત્રી જોઇએ આપ જાત ક્ષત્રીની છુપાવે તેને બ્રહ્મહત્યાનુ પાપ. હાંરે૦ ૨ જાદવ સઘળા વિચાર કરે છે, આતો સાંભળ્યું એણ. બળીભદ્ર ક્રશન કહે છે, જાત છુપાવે એવું કોણ. હાંરે૦ ૩ જાદવમાંથી કોઇ ન ઉઠયું,દ્રુપત બહુ ગભરાય;ભગવાન ગોરને સાથે લઇને,બ્રહ્મસભામાં જાય હાંરે. ૪અઠાસી હજાર મરાઇને બેઠા,ત્યાં આવ્યો રાજંન;ભરી સભાની મધે રહીને મુખ બોલ્યો વચંન. હાંરે. ૫ રૂષી માહારાજ ગુણના ઝાઝા,ભલે આવ્યા ભોવન; રાજસભામાં નથી કોઇ, ક્ષત્રી કેરો તંન. હાંરે. ૬ માટે માહારાજ કોઇ ઉઠીને, કરોને મારૂ કામ; કન્યા મારી રહે કુંવારી,નથીરે હઇયે હામ. હાંરે.૭ ભારે ભુપો રૂપો કરીને, આવ્યા હતા મુજ ઘેર; ઉપર ચડીયા હેઠે પડીયા વાળ્યું સરવે વેર. હાંરે. ૮ હવે હીંમત નથીરે મારી; શો કરવો ઉપાય; કન્યા મારી રહે કુંવારી, આબરૂ માહરી જાય. હાંરે. ૯ આગળ,આવા થયા સ્વયંવર થયાં બ્રહ્મ સભાથી કામ; તે માટે મુજપર કૃપા કરીને,કરોને મારૂ કામ. હાંરે. ૧૦ તમ આશીરવાદથી સારૂ થાશે;જાશે મારૂં દઃખ;કોઇ રૂષી ખુશી થઇ ઉઠે. કરો સરવે સુખ. હાંરે. ૧૧ જપ તપવાળા ઝાઝા જાણું; આણું ઉલટ મન; માટે સભાથી કોઇ ઉઠીને; કરોને મચ્છવેધન.હાંરે. ૧૨ તમ પ્રતાપે મેં કામ આરભ્યું; માટે કહું શીરનામી; આશીરવાદ તમારો લીધો,નથી રાખી પુન્યમા ખામી. હાંરે. ૧૨ હવે તો હીંમત હારી બેઠો, કામ થશે કે નહી થાય; સરવે રૂષી મુજ ઘેર આવ્યા; આબરૂ મારી જાય. હાંરે. ૧૪ ફરી ફરીને કરગરીને; સરવ સભાને કહે છે; નમ્રતા પુર્વક હાથ જોડીને; સઘળા વચન સહે છે. હાં . ૧૫ રૂપ રંગનું કામ નથી ને; જોઇએ ક્ષત્રી આપ; જે કોઇ જાત છુપાવે તેને; બ્રહ્મ હત્યાનું પાપ; હાંરે. ૧૬ ત્યારે ધરમ શરમ રાખીને બોલ્યા; ભાઈ વિચારો દલ સાથે; દ્રુપત સમજીને કહે છે. પાપ આપણે માથે. હાંરે. ૧૭ ભીમ ભાઇ ભટકીને ઉઠયો; ભાઇ હાવું તે કેમ થાંય; સતવાદી તમે સાંભળો છો. હાવું તે કેમ બોલાય. હાંરે૦ ૧૮ માટે અરજુનને ઉઠાડો, હવે કહૂ સરવેથી બ્રહ્મહત્યાનું પાપ મેલ્યું, બેસી રહેવાનું નથી, હાંરે૦ ૧૯ રીસ ચડી છે ભીમ ભાઇને, વાત રૂદેમાં ધારી; ઉભો થઇને અરજુનને, એને એક મુકી મારી.

હાંરે. ૨૦ આંખ દેખાડી ઉભો કરેછે, વીચાર મન ધારે છે; અરજુન કે છે મોટાભાઇ, જુઓ ભીમસાઈ મારે છે. હારે- ૨૧ ધર્મ રાજાએ ડમકો દીધો, બોલ રૂદેમાં ધરીઓ; પછી ધર્મ રાજાએ આજ્ઞા આપી, અરજુન .ઉભો કરીઓ. હાંરે. ૨૨ સામળીયાયે સાન કીધી, અરજુન ભીમને ત્યાંય, બ્રમ સભામાં ઉ ઠ્યો જોઇને, તરત ત્યાંથી જાય. હાંરે૦ ૨૩ ધ્રોમ રૂશીએ પુઠે જોયું, પોતાની પું ઠે જેહ, આ ગરીબ કાપડી કેમ ઉઠયો, મનમાં પડયો સંદેહ. હારે૦ ૨૪ ગડ બડ સડબડ ઘણી કરે છે, કાપડી માંહે માંહે; ઉભો થયેલો કાપડી જોઇને, ચં તા ચિતમાં થાય. હાંરે૦ ૨૫ અરજન સામો આવી ઉભો ધ્રોમ રૂશીનિ પાસ આ હાથ જોડીને કાપડી ઉભો, મન થાય ઉદાસ. હાંરે. ૨૬ વીદ્યાવાળા વી- ધારથી તે, કરે માંહોમાંહી વાત, ગરીબ કાપડી ઘેલો થયો, આને શો ઊતપા- ત. હાંરે ૨૭ ॥ વલણ ॥ કહે ગુરૂને આગના આપો. સતય બોલયુ આપ, મછ વેધનું કામ કરીશ હું, એ આપ તણો પરતાપ.

કડવું ૨૪ મું રાગ ભેરવી દોહરા

વૈશંમપાયે એણીપેર બોલયા, સાંભળીને તું રાય; તયાર પછી શું નીપજયું, કહુ વીસ્તારી મહીમાય. ૧ ધરોમ રૂશી બનયા બાવરા આતે શી વાત થાય. આ કાપડી શું કામ કરશે, આબરૂ મારી જાય. ૨ એમ વિચારમાં પડયા જાણી, આવ્યા જાદવરાય; દ્રૂપત રાજા સામો આવ્યો, માંડયું છે પુછવાય. ૩ આ ફાલીયુ બાંધિને ઉભો, તેના મનમાં જાય હરખાઇ; કૃશ્ન કહે એ નથીરે નીચો, થશે તારો જમાઈ. ૪ વચન વિઠલના સાંભળીને, ચડી રાયને રીસ; શું બોલોછો સામળીઆ, તમે સમજીને જુગદિશ. ૫ કૃશ્ન કહે નથી ખોટુ બોલ્યો, સાચી વાત કહી દેવી; તારો એ જમાઇ થશે, વળી મારો થશે બનેવી, ૬ વાણી વીઠલ ની સાંભળી, રાય થયો ઉદાશ; હાથ ઝાલી અવીનાશ ચાલ્યા, આવ્યા ધરોમની પાસ. ૭ રૂશીને ખુશી થઇ કહે છે, સાંભળો મહારાજ; આ મીત્ર તમારો ઉઠયો, મછવેધ કરવા કાજ. ૮ સામળીયાની વાત સાંભળી, મોહનમશ્કરી કરતાં; આકાપડીએ લજવી મારયો, એમ ધાનમાં ધરતાં. ૯ ઓળખોનહિ તો આવો ઉભો, એમ બોલ્યા જુગદીશ; શાને માટે સામો આવી, નમાવ્યું તમનેશીશ. ૧૦ ધરોમ રૂષીને રીસ ચડીછે, તેમતેમ પાયે લાગે, પ્રભુ કહે તમે સામું જુવો, તમ પાસે કાંઇ માગે. ૧૧ ત્યારે ધરોમ રૂષી કહે છે, કાળ એનો ખુટયો; શું સમજીને સામળીયા એ, કામ કરવા ઉઠયો. ૧૨ રાજી થઇને રજારે આપો, એમ બોલયા જાદવરાય; ધરોમ કહે આજ્ઞા આપું તો, આબરૂ ઈજત જાય. ૧૩ વળી વચન મારૂં મિથ્યા થાયે, આપું આજ્ઞા એને, કદાપી કામ થયું નહીતો, શું

કહીએ કહો તેને.૧૪ પ્રભુ કહે એ કોહછો સાચું,મનમાં દયા આણો;બ્રહ્મસભા માં ઉભો થયો એ, વાદારથી તમ જાણો. ૧૫ આશ્રમ મારે રેહવા આવ્યા,નહી અંનનો દાણો; કોઠા બીલા એ ખાતાતા, તમે એનું કેમ તાણો. ૧૬ ગતી નથી મતી કરીને, એ શું સમજી ઉઠયો; હું જાણું છું એ કાપડીનો, કાળ નિ-શચે ખુટયો. ૧૭ કન્યા જોઇને મનડું મોહીને, કરૂ ઉઠવાનું મન,હું એને કેમ આજ્ઞા આપું, ઓરે જુગજીવંન.૧૮પ્રભુ કહે એના કરમમાં લખ્યુંહશે તેથાશે; કોણ જાણે કોના કરમની, આકન્યા લેઈ જાશે.૧૯ માટે માહારાજ વારનકરવી, આપોને આજ્ઞાય; કદાપી તમ આશીશ ફળે તો,એ કામ એથી થાય.૨૦ રીસ લાવી મનમાં ભાવી, કહે સંકટ તારૂ જાજો; શ્રીકૃષ્ણ મારૂ વચન. એ કામ તારાથી થાજો.૨૧ઇશ્વરે આજ્ઞાઅપાવી,તેનું ફળ તેનેહજો;સીસ નમાવી આજ્ઞા આપી, મછવેધ તુજથી થજો.૨૨ એમ આજ્ઞા લેઇનેઉઠયો, કરચું જવાનુંમન; કુંતા કુંવર ભીમસેન ત્યાં બોલયો મુખવચન.૨૩ ભાઈને ભીમેકેહવા માંડયું, ચંતાતુર નવ થઇશ.હું પાછ઼ળ તારી આવુછું,પડાશતો ઝીપી લેઇશ.૨૪કન્યા ની ફકર ચંતા ન કરશો, હરખ મનમાં લાવુ, ધ્રાબા ઉપરથી ઉંચેલઇને,ઘેર હું મુકી આવું. ૨૫ આપણા ઘરલાયક એ છે, કન્યા બહુ રૂપાળી;માટે ભાઈ હિમત રાખો, ચડજે તમે સંભાળી. ૨૬ આજ્ઞા માગી પાયે લાગી, ધર્મ રાયને ત્યાંય. સઉ રૂષીને નમસ્કાર કરી. ત્યાંથી ચાલયો જાય. ૨૭ ધિમે ધીમે ડગલા ભરતો,હઈયે હરખજ લાવ્યો.જળકુંડાળે સ્થંભની પાસે.તરત ચાલી આવ્યો. ૨૮ સ્થંભની પાસે આવી ઉભો. સઉ જુવે રાજંન. દુરજોધન મામા પ્રત્યે, બોલયો મુખ વચન.૨૯ શકુનીમામા તમે જુઓને,કૃશ્ન કપટી જેહ. દોડાદોડી એ કરેછે. કારણ શું છે તેહ. ૩૦ શકુની કહેછે ફોગટ ફાંફાં, મારેછે સરવથી રૂપાળીને પરણાવવાનો, એનો છુટકો નથી. ૩૧ તેની તારે નવ કરવી ચિંતા, હરખ મનમાં લાવે, તું હમણાં જોયા કરને. એ વીવાહ કરવા આવે. ૩૨ કાપડી ઉભો રહયો છે. એને નથી કાંઈ દુખ, દુર્યોધન જોયા કરે છે. કાપડીનું મુખ ૩૩ છત્રપતિ મામાને કહેછે. પડે મને બહુ વહેમ અરજુન જેવો દેખાય છે એ. તમારા મનને કેમ. ૩૪ ત્યારે શકુની મામા બોલા ઉ ચો. એ શી કરે છે વાત. મુઆ મડદાં જીવતાં થાયતો. થાય ઘણો ઉતપાત. ૩૫ સંસારમાં એવું નથી આવ્યું. હનાર વસ્તુ હોય. મશાણુમાં મડદાંગયાં તે.જીવતુંનાવે કોય. ૩૬ તારા મનમાં તું સમજે છે. વાત કરેછે થોડી. પુલોચને પાંડવ બાળયા. બાળી કર્યા રાખોડી ૩૭ માટે એ વાતનિ ચિંતા નવ ધરશો. થશોનહી ઉ-ાસ. જો અરજુન એ ઉભો હોય તો. હોય ભીમ એની પાસ. ૩૮ રાજસભાને

બ્રહ્મસભા ત્યાં. જુવેછે સરવથી. ગમે તેટલી મેદની હોય પણ. ભીમ ઢાંકયો રહે એમ નથી. ૩૯ છત્રપતી કહે સાચુ કહો છો. એ વાતે નહી આડો બીજા છાના બેસી રહે પણ. એ જણાય જબરો જાડો. ૪૦ એ હોયતો આ ઠેકાણે કરેર કાળો કેર. આપણને અહીયાં દેખીને. મારી નાંખે ઠેર. ૪૧ અરજુનનિ વળી વિદ્યા મોટી. બાણાવળી કહેવાય. આ રૂપાળી કન્યાને એ ઘેર લેઇને જાય. ૪૨ મછવેધનનું કામ કરે. એ પ્રભુ છે એને વશ. આ સ્વયંવરની શોભામાં. જીતીને લે જશ. ૪૩ એમ આડાઅવળી વાતો કરતા. બોલ બોલે છે ફાવ્યા. દ્રુપતરાજા દ્રોણીકગોર બે કાપડી પાસે આવ્યા. ૪૪ કેમ કાપડી ઉભા રયા છો, ઉતારીને મુખ; ઉપર કેમ ચડતા નથી, શું છે તમને દુઃખ.૪૫ ક્રોધ કરીને કાપડી બોલ્યો, વીચારો નીરવાણ; કામ કરવા હું ચડું પણ, જોઇએ ધનુષ્યને બાણ. ૪૬ દ્રુપતરાજા મન વિચારી, સેવકને બોલાવ્યા; આજ્ઞા આપી હથીયાર લાવવા, તરત લઇને આવ્યા. ૪૭ કાપડીને પાસે મુકયાં, લે છે હાથની માંહ; એની નજરમાં નથી આવતાં, આપી દે છે ત્યાંહ.૪૮ પાંચ સાત ધનુષબાણ જયાં, દેખાડયા અને જયારે; હથીયાર પોતે તપાસી જોયા. આ નવ જોઇએ મારે. ૪૯ ત્યારે રાજ સભામાં વારા ફરતી. જે તે આપવા જાય; અરજુન હાથમાં લઇને જુએ. પાછાં આપે ત્યાંહ. ૫૦ રાજા માત્ર પડયા વિચામાં જેમ બોલે તેમ ફાવે; કાપડી છે કારમો. એની નજરમાં નવ આવે. ૫૧ ॥ વલણ ॥ નજરમાં નથી આવતાં ધનુષને વળી બાણ. શ્રોતાજન સહુ સાંભળો. વ્યાસ ત્રીકમ વદે વાણ.

કડવું ૨૫ મું રાગ ઉપરનો.

વૈશમ્પાયે વાણી વદે છે. સાંભળને તું રાય. ત્યાર પછે શું નીપન્યું. કહુ વિસતારિ મહીમાય ૧ ત્યારે દ્રુપદરાજા મન વિચારી. પુછે પછે નિરધાર. તમારી નજરમાં નથી આવતાં કોઇના હથિયાર. ૨ કરી કરૂણા કાપડી બોલ્યો. મનગમતી વાત માંગીએ. કરણરાયના અપાવોને. મારે એતો જોઇએ ૩ દ્રુપત રાજા કરણ પાસે. આવ્યો ધરીને પ્રેમ. કરણ કે છે આવો રાજા અહીઆં આવ્યા કેમ. ૪ ત્યારે દ્રુપત કહે છે સાંભળો રાજા. સત્ય કહુ નીરવાણ કાપડી ઉઠયો મછવેધ કરવા.જોઇયે ધનુષને બાણ ૫ માટે તમારાંહથીઆર લેવા આવિયો તમ પાસ; વાત સાંભળી કરણરાજા મન થયો ઉદાસ ૬ કરણ રાજા એવું જાણે છે. કહુ વાત સરવથી, મારા ને અરજુન વિના, કોઇચડાવે એવો નથી.માટે એના મનમાં અભીમાન આવ્યો.મુખબોલયોવચન. આપવાની નાનથી.જો હા કહે દુરીયોધન.૮ વચન એવાંસાંભળીને.ચાલયો

દ્રુપતરાય.તરતપોતે ચાલીઆવ્યો જયાં દુરીયોધનરાય ૯ છત્રપતી તમેઆપો આજ્ઞા. વિચારી નીરવાણુ. આ ગરીબ કાપડી માગે છે. કારણનાં ધનુષને બાણુ. ૧૦ દુરીયોધન કે દુરમતિના. સો કરે મન મનસુબો. આ ગરીબ કાપડી કયાંથી આવ્યો. મરવાને કર્યો ઉભો. ૧૧ તે માટે તું હીંડયો જાને. કહુ વાત સરવથી, અહીયાં હથીઆર લેવા આવ્યો. તે મળવાનાં નથી. ૧૨ દરૂપત રાજા મન ઉદાસી. થયોરે તેણીવાર. એવામાં ત્યાં આવી પહોંચ્યા. પોતે દેવ મોરાર. ૧૩ કૃષ્ણે આવી દરૂપતને કહ્યું. કેમ ગભરાયો મન. દરૂપતરાજા બોલીયો, તમે સાંભળો જુગજીવન ૧૪ કપડી ઉઠયો કામ કરવા સાંભળો પુરૂષ પુરાણ. એ કાપડી કરણનાં માગે. ધનુષને વળી બાણ.૧૫ બીજા કોઇનાંનથી લેતો બતાવ્યા હથીયાર. એનો ઉપાય શો કરવો. સાંભળો દેવ મોરાર. ૧૬ કૃષ્ણ કહે તમે ચાલો રાજા. એમ કહી લેઈ જાય. રાજા પાસે એ બંને આવ્યા. જયાં દુયોધન રાય. ૧૭ પ્રભુ એને કહી મુકવું. છે મારી વાત સાંભળી લેવી. જેમ એ દુર્યોધન કહે તેમ તારે હા કહી દેવી. ૧૮ એની હાયે હા રાખશું. તો તો એ અપાવે. એમ કરીને સમજાવીએ તો. હાથ આપણે ફાવે ૧૯ બંને પાસે આવીરે ઉભા બોલયા જુગજીવન હથાયાર કાપડીને નવઆપો.કેમ દુર્યોધન. ૨૦ તવ દુર્યોધન કાંઈ ન બોલયો. કાહાડયો છેટે દ્રુપતરાય. દુર્યોધનને કહેવા લાગ્યા. પોતે જાદવરાય.૨૧ સાંભળોને હો છત્રપતિ.હુ હઇયેહરખ લાવુ. દરૂપતરાજાને સમજાવી. કન્યા એ પરણાવુ ૨૨ પણ એક ઉપાય હું એવો કહું છુ. વચન મારૂં રહો દરૂપતરાજાની પાસે તમે પત્ર લખાવી લયો ૨૩ આ કાપડી ઉપર ચડે છે. એના ચરણ છે ઢીલા. ઉપરથી હેઠ પડે ને. ત્યારે થાશે વીલા. ૨૪ પછે કન્યા એ તમને આપે. પહેરામણી અપાર. પછે પડેલા કાપડીનો. સો કરવો વિચાર. ૨૫ કૃષ્ણ કહે છે છત્રપતી એ.માનસેતારી ધાક. પડેલા એ કાપડીના. છેદવાં કાન ને નાક ૨૬ તાંબાપતરે એવું લખાવો. કહું વાત હું મુખથી, પછીરે તમને હથાયાર આપતાં. ફીકર ચિંતા નથી. ૨૭ ત્યારે દુરયોધન કહે મામા મારા.વાત મુજને ફાવી ભગવાને આપણું ભલું કરયું. એ કન્યા મુજ ઘેર આવી. ૨૮ આપણે મનમાં એમ જાણતાતા. કૃષ્ણ કરે છે ખોટું. પણ એ વાલેશ્રી થયા. મોહનનું કામ મોટું. ૨૯ મામો કહે તારી કરમ રેખા. કપાળ મારે તેજ. સામળીઓ સારૂ કરેછે. ઓ મારા ભાણેજ. ૩૦ હ આપણિ કીરતી થાશે. એમ બોલયો અંધકુમાર. એ રૂપાળીના હાથનો આવ્હો ખાસે કંસાર. ૩૧ હા કહીછે હથીઆર કેરી. બોલ બોલતાં ફાવ્યો. કૃષ્ણ એ દરૂપતરાજાને તરત ત્યાં બોલાવયો. ૩૨ પ્રભુરે કહે છે દરૂપત રાજા.આ

કાપડી ઉપર ચડસે. કામ એનાથી નથી થવાનું. તરત હેઠો પડશે. ૩૩ પછે તમારી પુત્રીનાં દુરીઓધનને સાથ લગન. એવો દસ્તાવેજ લખા આપો તો. કહે છે દુર્યોધન. ૩૪ પછે કાપડી જે પડેલો. સાંભળો રાજન. તે કાપડીના કાપી લેવા. નાક ને વળી કાન ૩૫ ત્રાંબા પત્ર એમ લખો તો. કષ્ટ તમારાં કાપે. કરણ પાસે હા કહેવરાવી. ધનુષ બાણ એ આપે. ૩૬ આવી રીતે વાત કહે છે. સાંભળો રાજન. હા કહેવરાવવા ધ્રુપત પાસે. સામળીયે કીધી સાન. ૩૭ એમ કહીને પત્ર લાવ્યા.લખાવ્યું સધસુ તહી ધ્રુપત રાજાએ તે કાપડીની. કરાવી લીધી શહી. ૩૮ તે દુરીયોધને પાસે રાખ્યું. આપ્યું મામાને હાથ. શ્રી કૃષ્ણને ધ્રુપત રાજા. ચાલ્યા બંને શાથ. ૩૯ દુરીયોધન કહે મામા મારા. ધ્યાન રૂદયમાં ધરો. મારા વીવાની સામગ્રી. સર્વે તૈયાર કરો.૪૦શકુની કહેછે સઘળું તઇયાર. નથી વાતનો ખરખરો. ઉતરાવી ને હું મંગાવુ.ધાર ચઢાવી છરો.૪૧ એમ કહી સેવક મોકલીયો. ક્ષણુ ના લાગી વાર.પોતાની પાસે બોલાવ્યો. સુર્ય તણો કુમાર. ૪૨ કરણ ઉઠીને ચાલી આવ્યો. દુરીયોધનની પાસ. એ ન્યાતો મુજને પરણે. એ ભાઇ તારી આશ. ૪૩ લેખ એવો લખાવી લીધો.માટે કષ્ટજ કાપો;ભાઈ તમારા ધનુષ બાણ તે.ધ્રુપતરાજાના હાથમાં.આપ્યાં ધનુષને બાણ. ૪૫ ધ્રુપતરાયે હરખે લીધાં. ચાલ્યો છે તે ઠામ. થંભે કાપડી ઉભો રહયો છે. આપ્યાં કરવા કામ. ૪૬ કાપડીએ ઉલટ આણી તરત હાથમાં લીધા. કરણુરાયનાં ધનુષ બાણુ તે. ખભે ભરાવી દીધાં. ૪૭ આસને જઇને હરી બીરાજયા. સ્વામી શ્રી ગોપાળ. દુરીયોધનના પેટમાં તાં તરત પડિ છે ફાળ. ૪૮ મામા મારા સાચુ કહુંછું. વીઠ્ઠલ ઉપર વેહેમ. કદાપી અરજુન હોય તો. કરશું આપણે કેમ. ૪૯ શકુની સપારે બોલ્યો. મારા મનમાં એમ. કદાપી એ અરજુન હોય તો. ભીમ હાંકયો રહે કેમ. ૫૦ એ વાતે ચીંતા નવ ધરશો. ચારે પાસે ભાળ્યું. દુરિયોધનને સમજાવીને, મનડું એને વાળ્યું. ૫૧ ॥ વલણ ॥ મન વળાવ્યું દુરીયોધનનું. પ્રભુને થઇ ચીંતાય. ભકતને લહાવો લેવરાવવા. હઇયે કરૂ ઉપાયરે.

કડવું ૨૬ મું રાગ ચોપાઇની સાખીનો.

વઇશંપાયે રૂષી એણિપેરે બોલયા સુણ જનમેજય રાય; તયારપછી શું નીપજ્યુ કહુ, વીસ્તારી મહીમાય. ચતરભુજને ચીંતા વાપી, હરખ મનમાં લાવયા, નારાયણે નારદજીને, તરત તયાં તેડાવયા.૨ પ્રભુજીને પુછવા માંડયું,નારદજીએ તયાંય. ભકત તમારો એકલો ઉભો. નથી કાંઇ શોભાય. ૩ સ્વયંવરમાં સઉ ભરાયા. નહી મળે અવસર આવો. મારો ભકત દુરબાળ વેઠે.લેવરાવો કાંઇ લહાવો. ૪

મારે દ્રુપત પાસે જાય . જઈને કહ્યા રાજન. અપુજ થાંભલો આ રહ્યો છે તેનું કરાવો પુજન.૫ સતી શણગાર સજાવી લાવો,હાથ પુજાપાની થાળ;તેની પુજા તમે કરાવો, દેખે સઊ ભુપાળ. ૬ પછી કાપડી પાસે કરાવજો,એમ બોલ્યા જાદવરાય; એવું દુરીયોધન દેખે તો, પેટ બળી બહુ જાય.૭ નારદ ઉઠી ચાલીયાને, કહ્યું રાયને વચન; દ્રૂપત કહે હું પુત્રી પાસે, કરાવું પુજન. ૮ અટારિ ઉપર કહાવી મોકલ્યું,હરખ મનમાં લાવો;શણગાર પહેરિ પુજારે કરવા, સતીરે વહેલાં આવો.૯ચુવા ચંદન કસ્તુરી, કેશર કસ્નાગર ઘોળી;કનક કાંશકી કેશ ઓળી, ઉસ્ણોદક અંગોળી. ૧૦ પાયે પેગડાં કલ્લાં કાંબી, ઝેરન ઝાંઝર ઝમકે; પાયેલને પગપાન પાસલી, ગોવાગર ધુઘરી ધમકે. ૧૧ હલ સાંકળ લંગોર લંગરી,વાજી રહ્યા ઘનઘોર;અણુવટ વીછવા છલા છવાટવા,ફળ રાયના મોર.૧૨આંગળીયો ચંપાની કળીયો,નખ નખ નક્ષત્ર સમાન;કામબાણને કટાક્ષ કીકી,જેની ભ્રગુટી કોર કમાન.૧૩ હસ્તકમળ સૌ દીસે રૂડા.જડાવનો ચુડો ચળકે; ગુજરીને બાજુબંધ બેરખા. બાજઠડે ફુમતડાં લળકે. ૧૩થેકડાળી કાંકણી તેને, જડાવ અકવા દોરી;અજમતીયુને જડાવ ચુડી,માંહી કંગણુ મોરી. ૧૯ છલીયા બલીયા ને જડાવ ચુડલી, બબે બદલે મોર. ૧૫ પુખરાજનિ પહેરી કુંચુકી, માંહી ચુનીયો ચળકે;ઘણી બે બાજુ મુક્તાફળ સોહિએ મોહાળીયે ટાંકયાં મણી. ૧૬ અંગોઅંગ અનંગની શોભા, બે ઉરવંશ ઉઠે કેવા; જાણે એતો કમળના, જાણે કમળકોશના જેવા. ૧૭ કેશતણી લટ છુટી મુકી, ઉર ઉપર લપકાણી; પાહાડ ફોડી નાગણીતે, જાણે શંભુ પુજવા ચાલી ૧૮ બે શેરો મોતીતણી, જાણે વહેછે ગંગાધાર;પુઠે ચમરી સરખો ગોફણો,તેને ઘુઘરીનો નહી પાર ૧૯ વાળે વાળે મોતિ પરોવ્યા, વેણ વાસુકી સમાન; કામબાણને કટાક્ષ જેનિ, ભ્રગુટી કોર સમાન. ૨૦ કપાળે ઝબકારો બાંધ્યે,તે તેણે ચાંદલો ચળકે; જડાવ કેરી આડી ટીલડી, માંહી મુક્તાફળ લળકે. ૨૧ નાકે વાળી બીરાજે સારિ, માંહી ગ્રહે બેઠા જઈ ચાર;ગુરૂ સોમમાં ને ભગુ મોતીમાં ભોમ મલાલ કુમાર.૨૨ શની રહયો લાલકમાં ચળકે,અધુર ચલણું તેજ;દંત દીસે ડાડમની કળીયો,ચુનિયો ચળ વેજ ૨૩ હબચી ઉપર લિલો હિરો, બે હિરા બે ગાલ; છુંદું તાજવું ગોરે ગાલે, જેનું મુખડું લાલ ગુલાલ.૨૪ ઉપલે કાને જડાવ વિટવા, પાંદડિયા ફરફરીલા;લુમક ઝુમક મોગરા;માંહિ ધાબરિયે ઝરમરિયા.૨૫ કોટે કંઠિ કનકનિ દલ દીપી,આંગળિયે ગળુબંધ, ખજુરિ તુગી તનમનિયુ, હાંળડિયે હિરાચંદ. ૨૬ બાર માળા પરવાળાનિ માળા, મોતીનિ માળા જડિ, અમરમાળા જાળિયાળુ ઢાંકણું, તેનિ મધે કસ્તુરિ ભરિ. ૨૭ મો-

હનમાળા ઉપર બીરાજે, ઘણા પુષ્પના હાર; ઝુલ જડાવનું તોરણીયુ. તેને પો ટલીયા અગીયાર. ૨૮ કેડે કમરપટો વાંકડોને, તેતણે ગુગરમાળ; ગુગરીયાળી કાથળી. તેને જાંબુયા ઝાકઝમાળ. ૨૯ ઘણા મોતીનો ઘાઘરો, ચાબકીએ કુચી યો ચાર; નેફે ફરતી ગુગરીયો,તેને પાંદડીયોની લાહાર.૩૦શામ મણીનો સાળુ સુંદીર, કોરો વીજળી વરણ;ચાર છેડે ચાર ચંદ્રમા છે, જાણે સુરજના કરણ ૩૧ એ રીતે શણગાર સજા છે, દ્રૂપતી મનડુ હીસે;મારા સમ સઇયર સાચુ કહે, મારૂ મુખડુ કેવું દીસે. ૩૨શણગારીછે સુંદરીને,કરમાં લીધી છાબ;જાઇ જુઇને કમળ કેતકી, માંહી ઘણો ભર્યો ગુલાબ ૩૩ ચંદન કેશર ઘોરી લીધું, માંહી અબીલને ગુલાલ; સીંદુર સામટો લીધોકરમાંઅગરબતિ તતકાળ.૩૪ કપુર લીધુ આરતી કરવા, નૈવેદ નાના ભાત; સોપારી ખારેક ટોપરૂ ફળફળા ની જાત. ૩૫ પાન એલચી લવંગ લીધા. ભર્યા છાબની માંહ; ગંગાજળનો લોટો લીધો, સ્નાન કરાવા તાંહ.૩૬રૂમઝુમ કરતી નીકળીછે.શણગાર સજ્યા સોળ; ઝમકો ઠમકો કરીને આવિ, મુખ ભરયા તંબોળ.૩૭જાણે આકાશે વીજળી ઝબકી, દેખી સૌ હરખે ચડીયા; સ્વરૂપસુંદીરીનું જોઇને,સીંહાસનથી પડીયા. ૩૮ દુરજોધન કહે મામા મારા, સત્ય કહુ નીરધાર; એ કન્યા મારા સામી આવે; મને પેરાવવા હાર.૩૯ શકુની કહે છે શું જુવે છે, સાંભળને ભુપાળ; હવે અત્યારે જોણજે તું;ઉઘડયું તુજ કપાળ.૪૦સતી સાધવિ ચાલી આવી સ્થંભ કેરિ કયાસ; નારદજી ત્યાં નાઠા આવ્યા, પુજા કરવવા પાસ.૪૧ પ્રેમ આણી જુક્તા જાણી. કરાવે પુજા તતખેવ;ગંગાજળ ચતુરાએ ચડાવ્યું, સમરી શંકર દેવ. ૪૨ ચંદન ચરચુ અક્ષત ઉપર. પુષ્પનાના ભાત; અબીલ ગુલાબને અગરબતી,દિવો કર્યો સાક્ષાત. ૪૩નૈવેદ નાનાભાતનાં મુકયા, કરી કપુરે આરતિ;પગે લાગીને અંગના માગી, ફરે પરદક્ષણા તે સતી. ૪૪ એ મહારાજા હદ થઇછે,હવે ઉઠે કોય નહી;માટે મેં પુજા કરીછે,સમજીનેઆસહી. ૪૫ માટે મુજપર કૃપા કરજો,ધરજો અરજ માગી; આથી કામ જો નહી થાય તે, હું રહીશ બાળકુમારી.એમ કહીને પાછી ફરતાં,નારદ કહે વચન સોહાને, આ ગરીબ કાપડી ઉભો છે, તેને પુજા કરવા દોને. ૪૭ પુજાપા થાળ ઝાલી ઉભી રહીછે નાર;પ્રભુ નારદને કહું તું;તેથી પુજે પાંડુ કુમાર.૪૮ કાપડી પાસે પુજા કરાવી સૌ દેખતાં તાહ;દુરજોધન હેવુ દેખીને, પેટ બળી બહુજાય.૪૯ શકુનીમામાને કહેવા માંડયુ, મુખે વાણી કહી; પીઠી ચાળી હું આવ્યો,મને ઓરીયો વીત્યો નહી. ૫૦ અવતાર મારો છુટી પડીયો, આતે શું કહેવાય;આ ગરીબ કાપડીએ પુજા કીધી, પેટ બળી બહુ જાય.૫૧ શકુની કહેછે ફકર ન

કરશે, સારો થયો સંજોગ; હું મનમાં એવું જાણું છું જે. કાપડીનો લેશે ભોગ પછે તમને પરણાવી દેશે. લેખ લખ્યો છે જેહ;હવે તમારૂં કામ થયું છે, તેમાં નહી સંદેહ. ૫૩ એમ વાત કરીને ટાડો પાડયો,દુરજોધન રાજન; જળકુંડાળે ઉભો કાપડી કર્યું ચડવાનુ મન. ૫૪ પ્રેમે પરદક્ષણા ત્યાં ફરીયો, વીચારી દલ સાથ;ઉપર ચડવાની હીંમત નથી,સંભર્યાદીનાનાથ.૫૫ ॥ઢાળ॥ દીનાનાથને સંભાળીને, બોલ્યો પાંડુતન; સ્તુતી કરે છે શામળીયાની,સાંભળે જુગજીવન.

કડવું ૨૭ મુ રાગ બાવલીયાનો.

દામોદર દુખડાં કાપોરે રેહો, ભક્તને તો ભીડ પડીરે. ટેક. બોલ્યાબોલ્યા વૈશમપાએ વચન, સાંભળને તું પરિક્ષતના તન; સ્તુતિ કરવા માંડી છે પાંડુ તન, દામોદર ૧ મેં તો કરયો જ્યારે વદ્ગ્વેધન, ગુરૂનું તો પાળુહતુરે વચન; શાહ કરી સામલીયા તે દન, દામોદર. ૨ વીસ મોદીકથી ઉગારે પુત્રરતન, પાતાળમાં પ્રેમે કરાવ્યુ લગન; તેથી એના મનમાં થયો તો મગન. દામોદર, ૩ પુલોચંને લાખના ભોવન કીધા, કષ્ટકરજોવાને બાળવા દીધા; પણ આપે આ વીશે ઉગારી લીધા, દામોદર. ૪ ઉગરીને ગયા હેડબાવન, તેની સાથે ભીમે કરયુંરે લગન; કદંબાસુરે કરવા માંડયોરે જગંન દામોદર. ૫ દુખ દેખી ત્યાં આવ્યા દામોદર દયાળ, ભકતની નોકરી હતી પ્રતિપાળ;હેવા ગુણવંતા કાહાવોછો ગોપાળ, દામોદર ૬ ચતરૂભુજ ચોરી ઉતારી ત્યાંય, માંખણીયા પરવત પરથી લેઇ જાય; કબીરાને માટે કશન એ થાય. દામોદર.૭ એવી રીતે ભકત દુખડુ જાણું, કબીરાને મરાવા મનમાં આણું; એક ચંતામાં બાળા હતા નપાણું, દામોકર. ૮ એ વખત તો ભીમભાઇને બળ કીધું, પાછા ભેગા મળીયા એ કતમ કીધું; સત્યવાનું સત્ય માની લીધુ. દામોદર, ૯ ત્યાં ચતરૂભુજ ચક્રાવતીમાં આવ્યા, ધકુંઠે તો કાપડી વેશ લેવરાવ્યા; બક રાક્ષસની સાથે જુધ્ધમાં જબરા ફાવ્યા. દામોદર. ૧૦ એમ જ્યાં ત્યાં સાહય કરીરે સામળીયા, અંગારક ગાંધવના બાણ મળીયો; ધરોમ આશ્રય આવ્યા કે અમ દુખ લીધા દામોદર. ૧૧ તેમ અહીયા સાહ કરોને મોરારી, કાપડીના રૂપે રહેજધારી;માટે મારી સાહ કરોને મોરારી. દામોદર. ૧૨ પંચાળમાં આવ્યા છે પાડુના તન; નથી આ કન્યા પરણવાનું મન;સાન કરી સામલીયે ઉઠાડયો અરજુન દામોદર૦ ૧૩નથી ઉપર ચડવાની હીમત મારી, નથી હરવી કન્યા રૂપાળી સારી માટે ગુણ ગાઉછુ ગીરીવર ધારી, દામોદર, ૧૪ નતું ઉઠવા મન આ કરવા કાજે, તેમ મારી પાસે નથી કાંઇ કરવા સાજ; પાતલીયા અહી જશે તમારી લાજ. ૧૫ આવું ધણી વાતે ભકતનું દુખ કાપ્યું, વચન વીઠલ કદાપી નથી

ઉથાપ્યું શોળ કળામાંથી એક કળાનું બળ આપ્યુ. દામોદર૧૬બળ આવ્યુ કે બાહાદરે નમાવ્યુ સીસ; રૂસી સઘળા ખુસીથઇ દીધિઆ સીસ, જય જેણે લીધો હઇઆમાં જુગદીસ દામોદર. ૧૭ પછે એને સ્થંભે ભરાવી બાથ, ભાવેથીતો સંભારા ભોળાનાથ. દુખ દામોદર કાપજો દીનાનાથ. દામોદર. ૧૮ વળણ. શાહ કરજો શામળા, નથી મને હુંકાર ભકત આધીન ભુદરા; કરે ભકતનિ વાહાર.

કડવા ૨૮ મું રાગ અહોરાયજીનો.

વૈશંપાયે રૂશી એણીપેરે બોલ્યા, સુણ પરિક્ષતના તંન; ત્યાર પછી શું નીપજ્યું, તને સંભળાવુ રાજન. અહોરાયજી સુણીયે. ૧ કરનની કાપડીયે સ્તુતી કરી છે, પ્રભુ તમારે શરણ; જાદવને રૂશી સભાને સૌને નમીયો ચરણ. અહોરાયજી. ૨ કોઇને ખબર પડી નહીને, નમીયો પુરૂછ પુરાણ;સઉરાજાએ માંહોમાંહી, મુખે બોલે છે વાણ અહો૦ ૩ હાનામાં હુંકાર નથી કાંઇ, ઘણો ગરીબ દેખાય; વળી રાજા મનમાં એમ ધારે, કામ એનાથી થાય. અહો૦ ૪ અળકુળે જુકતીથી આવ્યો, દાહાજનશું જુવે; પડેલા સેલા સૌ રાજેઓ, વાંન વપુના ખુવે. અહો૦ ૫ આપણે એને નીચો કેહેતાતા, તેને દેખાયછેઉંચ. દુરજોધન કહે મામા મારા નથી સમજાતી ખુચ. અહો૦ ૬ નીચ હોયતો નીચી બુધિ વીચારો સરવથી કંન્યા હાવી રૂપાળી છે, એના સામુ જોતો નથી. અહો૦ ૭ મારે મારા મંનમાં થાય છે, ઠેઠ સુધિએ ચડશે; મામો કહે તું જોયા કરને હમણા હેઠે પડશે. અહો. ૮ સતી સાધવી બેઠી અટારી, જોઇ રહી મીટ માંડી; કાપડી સામુ જોઈ રહી છે, લાજ મંનથી છાંડી અહો૦ ૯ ત્યારે સઘળી દાસીઓ બોલી, બાઇ તમે શુ જુવો; કાપડી ગરીબ ઘણો છે, તેના ઉપર શું મુહો. અહો૦ ૧૦ જાત નીચી એવી કહીએ, ત્યારે બોલી સતીનાર; સારા શણગાર જેવાને રોવા, બાઇ મનમાં કર્યો વીચાર. અહો. ૧૧ તમને નથી પરીક્ષા એની, જુનો તમે કરી યત્ન; નોહ એતો નીચ જાતિ, ઢાંકેલું છે રત્ન. અહે૦ ૧૨ એને નથી અભીમાંનને હુંકાર, જોય તે થશે ખયાતી; કુવર નોહએ કુળ હીણાનો દેખાય ઉતંમ જાતિ. અહો૦ ૧૨ ત્યારે દાસીઓ વીચારમાં પડી, જોઇ રહી નીરધાર; બેનો મારી બોળશો નહી હવે નથી થવાની વાર અહો૦ ૧૪ દુરજોધન ત્યાં બોલી ઉઠો, કહે મામા કયે આ જંગલીમામાં તમે જોયા કરોને, આતે કોનો તંન. અહો૦ ૧૫ મામા કહે આ જંગલી જટ છે, રહેતો રહયો વંનમાંહ; કંન્યા એને રૂપાળી જાણી, મછવેધ્ર કરવા જાય. અહો૦ ૧૬ પેહેલા પગ એના પાછા પડે છે; દસ પંદર ઉપર ચડશે

એમ જાણી કે હમણાં આવ્યો, જળ કુડાંળે પડશે. અહો૦ ૧૭ વળી મોટુ નામ જાણીને, કામ કરવા જાય; કરણ ભાઇનું ધનુશ ચડાવે નથી જન્મો કોઇ માય અહો૦ ૧૮ માટે ફકર ચંતા ન કરશો, સાંભળો દુરજોધન;અખી પૃથવી માં ચડાવે એક પાડુ પુત્ર અરજુન. અહો ૧૯ ત્યારે દુરજોધન કહે થઇ નીવૃતી, હવે સમજ્યો પુરણપેર; માહરા વીચારોને, જે તે ચડવા જાય; પેલા મોહમાં ઉઠે છે પણ, પછે આવે જળની માંહ અહો૦૨૧જેને તેને કંન્યાઆની હુશ છે, પણ નથી મળવાનો લાગ; સઘળાના નસીબ ફુટેલા છે, એક ઉઘડુ તારૂ ભાગ અહો. ૨૨ આંટી ઘુટી છે ઉપર ઘડતાં કદાપી જાય હેઠ; બેત્રાંસમાં બે પગ સાથે મુકતા આવિ પડે તે હેઠ. અહો. ૨૩ તેમ કરતાં બે પગ મુકે સાથે તેથી ના સારૂ; જળકુડાંળે જોવાયતો, આંખે દેખાય અંધારૂ અહો. ૨૪ કદાપી એને અંધારા ન સુજે, પછે ધનુશ ચડાવા જાય; પ્રતિબીંબ જો સુજે નહીતો, આવે જળકુડાળે માંહ અહો. ૨૫ કદિ એક ત્રાસમાં વગ પડેતો, બીજું ઉંચુ જાય, પછે ઉગરવાનો આરો નથી. સૌ કરે ઉપાય. અહો. ૨૬ વળી ધનુધારણ કરવુ પડે છે, કયાં મુકી કરે જોર, નાભીએ રાખી ધનુસ ચડાવેતો થાય અંધારૂ ઘોર અહો. ૨૭ એમ આંટીયો ઝાઝી છે ત્યાં, નાય થાય એનાથી કામ; પીઠી ચોળી એક તમે આવ્યા છો, માટે થશે તારૂ નામ અહો. ૨૮ વળી કદાપીને ધનુશ ચડાવે, કોઇ ચડી રાજંન; એક બાંણેમંછનું પુછને, વેંધવું લોચન. અહો. ૨૯ કદાપીને બહુ જુકતી કરેતો, બાંણુ વેંધવા જાય. એટલામાં અંધારૂ આવેતો, પડે જળકુડીનિ માંહ અહો. ૩૦ માટે હાવા હાવા વીચાર કરિયે, ધરીયે પોતાને મંન. એ કંન્યા તારા ભાગ્યની છે, કોય કરે મછવેધન. અહો. ૩૧ માટે હુશ ધરીને બેશો; થનાર હશે તે થાશે; તારા નસીબની એ કંન્યા છે, કોણ લેઇને જાશે. અહો.૩૨ કાપડી સુંથણું ફાળીયુ બાંધિ, ઉપર ચાલ્યો જ્યારે; ધરૂપતના સેવકોએ આવી, ખેંચી લીધુ છે ત્યારે, અહો. ૩૩ પછે કાપડી ઉપર ચડવા ચાલ્યો હઇએ હામ; સ્થંભનેને શ્રીકરને. પ્રેમે કર્યાં પ્રણામ અહો. ૩૪ પ્રભુ મારા પેરણા કરજો. તમારા ઉપર ટેક; નારાયણ હું નથી સમજતો, તમારા નામનો નેક. અહો. ૩૫ વળણ. એમ કહીને બાથ મારી,હાથે સ્થંભની સાથ;હવે ચડવામન કરૂછુ,ઓરે દીનનાથરે.

કડવું ૨૯ મું રાગ ભેરવી ચોપાઇનો.

વેશંપાયે બોલ્યા વચન,સાંભળ પરીક્ષત કેરા તન; કહુ મછવેધન મહીમાય, સાંભળતામાં પાવન થાય ૧ ત્રીભોવન ઉપર જેહ્ના ટેક, એણે ડગલું ભર્યું છે

એક. પરભુ થાજો પાપીની ખેય, એક ભર્યું પુરાં કર્યા બેય; એની વાહારે અશરણ શરણ,એને પગલાં ભર્યાં છે તરણ. ૨ જેને વહાલા જુગદાધાર,એને ડગલાં ભરયાં છે ચાર;અવીનાશી નથી દેતા આંચ,એને ડગલાં ભરયાં છે પાંચ ૩ ચડે વાંસ ઉપર જેમ નટ, એને ડગલાં ભરયાં છે ખટ; બ્રહ્મસભામાં જુવે બ્રાત,એને ડગલાં ભરયાં છે સાત. ૪ એના શણગારનો નથી હાડ,ભરયાં ડગલાં ડાહ્યાએ આઠ; લાગ્યો પાપીના મનને દવ;એક ચડયો પુરાં કરયાં નવ. ૫ જુગદીશ અપાવશે જશ,એતો ડગલાં ચડયો છે દશ;નથી શોભીતા શણગાર, પગલાં પ્રેમે ભરયાં અગીઆર, ૬ એતો સમરે છે જુગદાધાર,એતો ડગલાં ભરયાં છે બાર;થશે શુરામાં શમશેર,એક ચડયો પુરાં કરયાં તેર.૭ડાહયો સમજણો ઝાઝી બોધ, એક ચડી પુરાં થયા ચૌદ; દોણગુરૂનો છે રે હુનર, ને પગલાં ભરયાં પંદર. તાજા મુખમાં નથી તંબોળ,એતો ચડયો પગલાં સોળ;નથી શરીરે સુગંધી અતર, એક ચડી કરયાં સતર.૯ રાજા જોઈ હાથ સત્રળા દાંડ; એતો ચડયો ડગલાં અરાડ;જુવે અટારીયે જોગણી,એક ચડી કરયા ઓગણી. ૧૦ નથી એનાપર ઇશ્વરને રીશ, એને ડગલાં ભરયાં છે વીશ: પછે પ્રભુનો મંત્રજ સાધે,દશકે દશકે ચડી આરાધે ૧૧ જેને માથે છે જુગદીશ,દશ ચડી પુરા કરયા ત્રીશ; જોઈ રહી સભા સઉ ભાળી,દશ ચડયો પુરા કરયા ચાલી. ૧૨ જુવે અટારીયે સઉ દાસ, એને પુરા કરયા છે પચાશ;પછે જોર જણાવ્યુ નીરધાર, સઉ વાત કરૂ વીસ્તાર. સાઠ સીતેર ને એંશી નેવું,પુરા કરયા સઉ સાર; બસેં પાંચસે સાતસે ભરીયા, થયા એક હજાર. ૧૪ જોર ઝપાટે ચાલ્યો સપાટે,શરીરથી નવ કાંપે,છેલ છબીલો છલંગ મરાવે,હનમાન પેઠે ટાંપે. ૧૬ જેમ સુંસરો વાયુ વંધે, થાય સભામાં સોર;અતો આકળો ઉંચે ચડીયો, જેમ પતંગ માગે દોર.૧૬ રાજા સઉ વીસમે પામ્યા,કહે વાત સરવથી;હાવી રીતે હજુ સુધી કોઈ, ઉપર ચડીયો નથી. ૧૭ સુરસપાટે ચાલી આવ્યો, ત્રાસની ડાંડી પાસ; સાયતામાં રહ્યા શામળીયો; પોતે શ્રી અવીનાશ. ૧૮ ॥વળણ॥અવીનાશીની સાય છે, મન નથી ઉદાશ; ટેકરા બે ત્રીભુવનપતી,આવ્યો ત્રાસ ડાંડી પાસ.

કડવું ૩૦ મું રાગ દોહરાની સાખી.

વૈશમપાયે રૂશી ખુશાથી બોલ્યા,સાંભળને તું રાય;ત્યાર પછી શું નીપન્યું, તને કહુ માંડી કથાય. ૧ આશ રાખી ભુદર ભાખી, મન નથી ઉદાશ; સ્વાસ ખાવા ઉભો રહયો છે. ત્રાસ કેરી પાસ. ૨ છત્રપતી ત્યાં બોલી ઉડયો, મામા ઠેઠ એ ચડીયો; હજુ આંખે અંધારાં નથી,જળકુંડીમાં ન પડીયો. ૩ જં

ગલી જંગલમાં રહેનારો, ઝાડ ઉપર ચડિ જાણે; તું તારા મનમાં ફકર કરીશ
નહી, કેમ ઉદાસી આણે. ૪ ઉપર ચડવો તેથી શું થવાનું, ત્રાસમાં પડવાનિ
આંટી; હધર ત્રાસમાં ઉભુ રહેવું, એ મરણ તણી છે ઘાંટી.૫ દુરીયોધન શકુ
નીને કહે, એ વાત પડતી મુકી; મારા મનમાં નિસ્ચય થયો, મનેરે પરણી ચુ
કી. ૬ કાપડી ઉપર ઉભો થયો છે.ચીંતા ચિતમાં થાય; ત્રાસની દાંડી આંધી
છે, હવે શો કરવો ઉપાય ૭ હાથ ઉંચા કરૂં તો થાઉં બાવરો બોત;હાથે દો-
ડી ચાલે નહી તો; નિસ્ચે આવ્યું મોત. ૮ કદાપી હેઠો ઉતરીને ત્રાસમાં મુકુ
પાય; હેલકારો મારો વાગે, તે ત્રાસ પાછું જાય.૯ અંતર્યામી ગરૂડા ગામી ન-
થી, ધારણ રહેતી થિર; મારો પગ મુકવા જાઊં, કેમ ત્રાસ રહેશે થિર
૧૦ પડતાં પ્રભુ હું ધારણ રાખું, કહુ કરન હું કીશોર;એટલુ મારા હૈયામાં
હે નથિરે ઝાઝુ જોર. ૧૧ આ કામ મુજથિ કેમ થવાનું,ઓરે શ્રીમહારાજ; શા
ન કરિ ઉઠાડયો શામળીઆ, લેવા મારિ લાજ.૧૨ બનાવ્યો ચઢાવી બાવરો,
ઓરે શ્રી જદુનાથ; અરજ હરિએ સાંભળિને, વાત જાણી સાક્ષાત. ૧૩ શામ-
ળિઆ શેવકને આધીન, કામ કેવું કિધું; સોળ કળામાંથિ એક કળાનું, બળ
અરજુનને દીધું. ૧૪ જાદવરાયે જુસ્સો મેલ્યો, વિચારયું અરજુન; મારા મન-
માં એમ આવ્યું, કરાવે જુગજીવન. ૧૫ શ્રીહરિની સહાયે મુજને કામ કરે છે
ઠીક;હવે હુ ગભરાતો તો તે, નથિરે ધરતો બીક. ૧૬ મનમાં મોહન સમર્યા
કરતો, ધારણ રાખી થિર; બંને ત્રાજવે બે પગ પડિયા, ત્રાસ રહ્યા છે સ્થીર
૧૭ સભા સઘળિ જોઇ રહિ છે, કાપડીને શાબાશ; દુરિયોધન એવું દેખિને,
ઘણો થાય ઉદાસ. ૧૮ મામા મારા ઉંચુ જુઓ, જંગલિ ઝટ એ ચડિઓ; ત્રા
સની ઘાંટી કહેતા તા, તે ત્રાસ મધ્યે પડિયો. ૧૯ આતો ઘાંટી મરિ ગઇ પણ,
ખરિ વાત નહી ખોટી; ધારણ રાખિ ધનુષ ચડાવવું, તે આંટી છે મોટી,
ચીતમાં ચીંતા નવ ધરશો, કાંઇ ભાયગ તારૂ મળશે. ૨૦ મારા મન
માં લાગે, કન્યા તુજને વરશે ૨૧ કાપડિ ઉભો રહયો છે, ત્રાસમાં
થયો નિરાધાર; સઉ સભા શોભીતી બેઠી,શો કરવો વિચાર. ૨૨ ગરિબ કાપ-
ડિ ઉભો રહયો છે, વિચારે સરવથિ; ભક્ત મારો ભીખારિ જેવો, એનિ શોભા
કાંઇ નથિ. ૨૩ લોકો મારિ આબરૂ લેશે, કહેશે જુગદાધાર; વીઠલ વહારે નવ
ગયા, નથી ભુદરને ભંડાર.૨૪ એમ જાણી ઉલટ આણી,હરખ મનમાં લાવ્યા
નારાયણે નારદજીને,સાને કરી બોલાવ્યા ૨૫ બોલ્યા વાણી ઉલટ આણી,ના-
રદજી તે દન;શામાટે મુજને તેડાવ્યો,ઓરે જુગજવન.૨૬ શ્રી કરશુ નારદને
કહેછે, શોભે નહી અરજુન; માટે તમે વહેલા ઉઠો. જાઓ સ્વર્ગ ભોવન. ૨૭

ઠાકોર કહેછે ઠપકો દેજો, શું વિચારે સર્વથી; મચ્છવેધન તારો પુત્ર કરેછે,તુજ ઘેર ખાવાનું નથી.૨૮ નારદ વાણી બોલીયા,કહેછે તત્પર થાઉં; ફીકરચંતા નવ કરશો,ઇંદ્રને કહેવા જાઉં.૨૯.એમ કહીને ઉઠી ચાલ્યા, વિચારી રૂષીરાય તરત પોતે આવિયા, જ્યા ઇંદ્રની સભાય. ૩૦ આસન આપી પુજા કીધી, પ્રેમે લાગ્યો પાય; એ મહારાજા કેમ પધારયા, અહો રૂષીવર રાય. ૩૧ નારદ વાણી બોલીયા તું, સાંભળને સરવથી, હું જાણુંછું તારા ઘરમાં, ખાવાનું કાંઇ નથી. ૪૨ ઇંદ્ર કહેછે એ શું બોલ્યા, રાખો હઇએ હામ; જે જોઇએ તે હાજર કરૂં, બતાવોને કામ. ૩૩ નારદ વાણી બોલીયા, તું સાંભળ ઇંદ્રિરાય;પંચાળદેશનો પુરણ પ્રેમી,કહિએ દ્રુપતરાય.૩૪ સ્વયંવર તેણે ત્યાં રચીયો, મળી મેદની અપાર;રાજપુત્ર ઘણા ત્યાં આવ્યા, વળી આવ્યો તુજ કુમાર.૩૫ તે મચ્છવેધન કરવા ચડીયો,કાપડીને રૂપ;વસ્ત્ર શણગાર છે નહીને, થઇ ગયો તદરૂપ.૩૬ ફાટેલો છે તંગીઓને,માથે ફાળીયું જેહ;પાસાબંડી ખાદીનિ છે,નથા આખી તેહ.૩૭અઠાશીહજાર રૂષી ભરાયા, ભુપ તણે ભોવન;છપ્પનકોટી જાદવ તેડી,આવ્યા જુગજીવન.૩૮લાજ લાખેણી જાય એમની,કોપ્યાજાદવરાયઇંદ્રરાયને ખબર કરોતારા ઘરમાંનથીખાવાય પંચકેશતો વધિ ગયાછે,વરવો એનો વેશ;માટે દેવને તેડીનેઆવો,પેહેલાઉતારો એના કેશ. તેત્રીસ કોટી દેવને તેડિ,આવો બેસી વિમાન;છાનોમાનો મને મોકલ્યો,સામળીયે કીધિ સાન.૪૧ ઇંદ્રિ કહે તમે ફીકર નવ કરશો વચન એવું કીધું;તેત્રીસ કોટી દેવને તેડાવવા,દદામું ત્યાં દીધું.૪૨ઇંદ્ર રાજા ઇંદ્રાણીસાથે તરત થયો તઇઆર, પોતાને પહેરવાના લીધા શોભીતા શણગાર. ૪૩ દલમાં દાખી વાણી ભાખી,હરખ મનમાં લાવો;પંચાળ દેશનો ધ્રુપતરાજા,ત્યાં વીમાન બેસી આવો.૫૪મુજપુત્ર મચ્છવેધ કરે ત્યાં જુએરે આખી સ્રૂષ્ટી,તેના ઉપર આપણ સર્વે કરો મોતી પુષ્પની વૃષ્ટી. ૪૫ એમ કહીને તેડ ચાલ્યો ક્ષણુના લાગી વાર; વૈમાન બેસી દેવ આવ્યા પંચાળ દેશમાં જાય.૪૬અંત્રીક્ષ માર્ગે આવીને ઉભા પ્રભુ વિચારે સરવથી, સામળીઆ વિના આખી સ્રૂષ્ટી કોઇ દેખતું નથી. ૪૭ કાપડી વેશે પંચ કેસે પુત્ર પોતાનો જેહ, નારદે સાચું કહ્યું ના કાચું તેમાં નહી સંદેહ.૪૮સતીઆ સઘળા બેઠેલા સભામાં વિચાર કરીયો મન,ઉચું ભાળ્યું નજરે ન્યાળું થયા દેવનાં દરસન.૪૯ મનમાં વિચાર એવા કરતાં પોતે ત્યાં તતખેવ;આ કાપડી ઉપર ચડયો છે ક્યાંથી આવ્યા દેવ.૫૦ આ વાત તો અવનવિ છે આતે શું કહેવાય; જાણે બ્રહ્મા ઉપર ચડીયા કે ચડીયા શીવરાય. ૫૧ તે વિના આ કોય ન આવે, પુછો આંહે માંહિ કેમ થંભ

ઉપર દેવ આવ્યા અમને પડે છે વ્હેમ પર કોણ જાણે વેશ બદલી ચડયા દીના નાથ; કોઇ કહે બ્રહ્માએ ચડીયા, કોઈ કહે ભોળોનાથ. ૫૩ જેને જેવું ફાવે તેવું મુખ બોલે વચંન; કાપડીને દુષ્ટ દેખે, છે સતીયાને દરશન ૫૪,ઇંદ્રે આવી અરજુન ઓળખ્યો. ત્રાસ કેરી માંહ; પુત્ર જોઇને લજ્જા પામ્યા, લીધા હથીઆર કરની માંહે. ૫૫. ॥ વલણ. ॥ હથીયાર લીધાં હાથમાં ઇંદ્રરાયે સાર; વ્યાસ ત્રીકમ વાણી વદે, પહેરાવે શણગાર;

કડવું ૩૧ મું રાગ રાજન રાજેજી.

વૈશંમપાયે એણીપેરે બોલ્યા તું તો,સુણ જનમેજે રાયરે;રાજન રાજેજી વિસ્તારીરે તુજને સંભળાવું કહું મછવેધન મહિમાયરે. રાજન રાજેજી. ૧ ઇંદ્ર રાજાએ હરખ ધરીને, કામ તે કોડે કીધાંરે. રાજન૦ પોતાના હૈયામાં હુશ ધરીને. હથીયાર હાથમાં લીધારે, રાજન૦ ૨ પુરણ પ્રીતે એકજ ચીતે,એકજ લીધુ છે બાણરે; રાજન૦ કોઇને ખબર પડે નહી તેમ, પાર મેલ્યું નીર વાણરે. રાજન૦૩ પોતાના પુત્ર ઉપર પેમ રાખીને, કામ સપાટે કીધારે.રાજન પુરપાત બાણજ પેહેલું આવ્યું, પંચકેશ ઉતારી લીધારે. રાજન૦ ૪ બીજુ બાણ બાહુ બળે મેલી, ફાળીયું ખેંચી લીધુ ત્યાંહરે; રાજન૦ ત્રીજુ બાણ તરતિ બેરે મેલયું, ઉષ્ણોદકનું કહેવાયરે. રાજન૦ ૫ સામલીયો સહુ જોયા કરે છે, જુએ દુરજોધન ભુપાળરે; રાજન૦ ચોથુરે બાણ ચતુર થઇ મેલયું, પેહેરયો સોનેરી સુરવાળરે. રાજન૦ ૬ કેડે કંદોરોને પગમાંરે તોરો,મોતિનો તોરો માંથેરે. રાજન૦ કડાં સાંકળાં વેઢને વીંટીયો, બાજુ બંધ બાંધ્યા હાથેરે. રાજન૦ ૭ જામોરે જરકસીનો આવીયો, પહેરાવ્યો ઝડપથી ઝટરે; રાજન. માથારે ઉપર મણીનોરે શોભે, નવનેરીનો મુગટરે. રાજન. ૮ મણીની માળા કોટમાં પહેરાવી. જુએ છે જુગદાધારરે; રાજન. હુંશ ધરીને ઇંદ્ર રાજાએ, હીરાના પહેરાવ્યા હારરે. રાજન. ૯. કેડે કમર પટો કશીનેરે, બાંધ્યો સૌથી કરયો સવયોરે; રાજન. સોનાનીઃ કટારી ઘોચી, તેનિ જોડે બાંધ્યો જમયોરે. રાજન, ૧૦ શોભા સહુની રાખે હૈયામાં હરખે, ખરિ ખુબીથી તતખેવ; રાજન દામોદર દુઃખડું દાટીરે દીધું, જાણે ઉપરથી આવ્યા કોઇ દેવરે. ૧૧ રાજન. ૧૧ એમ શામળીએ શોભા વખારી, ઉઠયા તાંથી તત્કાળરે રાજન. રાજસભમાં રાજી થઇ આવ્યા જ્યાં બેઠા ગંગા કેરા બાળરે. રાજન. ૧૨ પ્રભુને દેખિ પુરણ પેખી બોલ્યા ગંગાના તનરે. રાજન૦ઓ મંહારાજ આશું થયું આજે દેવ આવ્યા સ્વર્ગ ભોવનરે. રાજન. ૧૩ દ્રોણુ રૂપી ખુસી થઇ બોલ્યા વળી કૃપાચાર્યજ મુન્યરે રાજન. અસ્વસ્યામા એણિપેરે બોલ્યા મને દેખાય જાણે અ-

રજુનરે. રાજન૦ ૧૪ ચારે સતિઆ સાચુંરે બોલ્યા વચનનું વેણ હજોરે. રાજન પાતળીઆએ પહેલું વચન લીધું છે, મચ્છવેધન અરજુન હાથે થજોરે. રાજન૦ ૧૫ શ્રીકૃશ્નએ સામુંરે જોયું, બોલ્યા તે સત્ય વચનરે. રાજન. સુકીત સઘળું તમે આપ્યું તું આવ્યા એ અરજુનરે. રાજન૦ ૧૬ ત્યારે તે ત્રાસમાં જોયુંરે ચારે દેખી નજર થઇ રહેમરે. રાજન૦ સતિઆ શામળાઆનેરે પુછે બતાવો એનો ભાઇ ભેમરે. રાજન૦ ૧૭ ભુધરે બ્રહ્મ સભામાં બતાવ્યું હવે બાનાં નવ કાઢોરે રાજન૦ ત્રીભોવન કહેછે તમને તર્ડીગો બતાવું, જુઓ એમની પાછળ જોડોરે. રાજન૦ ૧૮ વારાફરતી થાયેરે ઊભા, જુએ એક પછી એક એમરે; રાજન; પરીપુર્ણ ખાત્રી થઇ એમને, ભાઇ દીઠો જોડો ભેમરે. રાજન૦૧૯ત્યાંથી નારાયણ નીકળીને તારો,આવ્યા જાદવસભાની માંહરે.રાજન૦ બાહુરેબળીઆ બળાભદ્ર બેઠાછે, હુંશ ધરીને આવ્યા ત્યાહરે. રાજન૦ ૨૦ બાહુરેબળીયા બાળીભદ્રને,કહેછે જુગજીવનેરે રાજન રાજેજી; સુકીત તમારૂં આપ્યું પહેલેથી આ ત્રાંસે ચડયો છે અરજુનરે.૨૧ શ્રીકૃષ્ણુ સાથે બળીભદ્ર બોલ્યા, કશ્ણુ બોલો છો આવું કેમરે;રાજન૦ આ અરજુન તમે મુજને બતાવો, કયાં છે જોડો ભાઇ ભેમરે. રાજન૦ ૨૨ કૃષ્ણ કહે જુઓ બ્રહ્મસભામાં, બોલ ન બોલું આડોરે; રાજન૦ દ્રામરૂપીની પાછળ બેઠો,જબરો ભેમ એ જોડોરે.રાજન. ૨૩ બાહુબળીઆએ સુકીત આપ્યું, દુઃખ દાળીદ્ર એનાં જાજોરે;રાજન૦ આજ સુધીનું એને સુકીત આપું, એનાથી કામ આ થાજોરે. રાજન૦ ૨૪ ચારે સતીઆનું સામળે લીધું, પાંચમા બળીદ્ર રાયરે; રાજન૦ એ પાંચેનું પુરૂષ પુરાણી લેઇને આપ્યું ત્યાંયરે.રાજન૦ ૨૫ પાંચેનું પાંડુપુત્રને આપ્યું, સુકિત સારૂં એજરે; રાજન૦ કુંતા કુવરની બદલાઇ કાંતિતરતિએ વધીયું તેજરે. ૨૬ તેજનો લલકાર દીઠો એનો આખી સભા થઇ ઝાંખીરે. રાજન. દુર્યોધન શકુનીનેરે કહેછે વાણી વીવેક ભાખીરે. રાજન.૨૭ જાણેઉપર કોઇદેવ આવી ઉભો શી સારી થઇ શોભાયરે; રાજન૦ કન્યા બરોબર તેજ થયું છે ઝાંખ પડી સઉ સભાયરે. રાજન. ૨૮ વર કન્યાનું જોડુ જણાય છે ચિતમાં ચીંતા થાયરે. રાજન. એવું દેખી દુર્યોધન મનમાં, બળી બળી બહુ જાયરે. રાજન ૨૯ જાદવરાયે ઝાંખારે જોયુ, કન્યા જેવો દેખાયરે;રાજન. પણ સારૂં મન પ્રસન્ન નથી પુર હજુ તેજ વધારૂ એનું આંયરે. રાજન, ૩૦ હરીને અહંકાર નથીરે વહાલો, એવું ધરણી ધરે ધાર્યુરે; રાજન કન્યા એ મનમાં પુલાશે, અહંકાર એનો ઉતારૂંરે. રાજન. ૩૧ દામોદરનેરે આ દુઃખ થયું છે ભક્તની ભીડ ભાગવાયરે; રાજન. એમ ચંતા ચતરભુજ કરેછે, વિચારે મનની માંયરે

રાજન. ૩૨ એમ જાણીને ઉંચ્ચાટ આણીને, ઉઠયા જાદવરાયરે; રાજન. હરીરે ચાલ્યા આસનેથી ઉઠી બ્રહ્મસભામાં જાયરે.રાજન.૩૩ ધિરજ ધારી ગીરીવર-ધારી, ઉભા દ્રોણનિ પાસેરે; રાજન.દ્રોણરૂષીએ સામુંરે જોયું. આવ્યા શ્રી અ-વીનાશરે. રાજન.૩૪હરિ અચંબો હૈયામાં લાગ્યો. કૈતક સરખું થાયરે રાજન. ગાંડો ઘેલો પેલો કાપડી ગયોતો, તેની બની શી શોભાયરે. રાજન ૩૫ મારા મનનાં મોટા સંદેહ પડે છે સત્ય કહુ છું તતખેવરે; રાજન. જાણે ઉપરથી કોઇએ ઉચકીજ લીધો, આવ્યો ત્રાસમાં દેવરે. રાજન.૩૬ બીજા ચાર મારી પુંઠ બેઠા છે, તે દેખાય એવાને એવારે; રાજન. છત્રપતીને સહુ રાજારે બેઠા. ઝાંખા બની ગયા તેવારે. રાજન. ૩૭ તેનારે કરતાં એની શોભા વધિ છે;મન રહ્યું મારૂં મોહીરે; રાજન.સમાધિ સામટી રૂષીએ ચડાવી, ધરીયું ધ્યાનમાં જોઈરે. રાજન.૩૮ એમ પાતળીયાએ પ્રેરણારે આપી, ગયા પોતાને આસનરે; રાજન. રૂષાએ ખુશી થઇ સમાધી ઉતારી, જાણ્યો એ અરજુનરે. રાજન.૩૮ રૂષીને ચિંતા ઝાઝી થઇ ત્યાં, કરે છે મનમાં વિચારરે રાજન. હુંરે અભાગી એ કાંઇ નવ સમજ્યો, મુજ ઘેર કયાંથી કુન્તા કુમારરે. રાજન. ૩૯ સત્યવા-દીને મેં નવ ઓળખ્યા, તેથી લાગ્યું દારૂણ દુખરે; રાજન; અહિંઆં હવે મા-રે શું કરવું, ઉતર્યું એનું મુખરે, રાજન૦ ૪૦ ચોધારાં આંસુ લાવીને બો-લ્યા,હવેવલે શી થાયરે;રાજન તરફોડા એમને મેં કર્યા અતિશે હવે પડું સાગર માયરે રાજન.૪૧ ॥ વલણ ॥ રૂષીએ રોવા માંડીયું નથી ધારણ રહેતું ધિર; મોહન મુજને શું કહે, નયણે ભરતા નીર.

કડવું ૩૨ મું રાગ ઓખાહરણનો વર વરવાનો.

વૈશંપાયે રૂષી એણીપેરે બોલ્યા, સુણજનમેજય રાયરે; દ્રુમ દ્રુષિ રૂદન કરે છે, જઇ પડું તે સાગર માંહરે. હવે જીવી શું કરૂંરે. ૧ છતી વિદ્યાએ છે-લ છબીલા, આ શો કરાવ્યો સંતાપરે; ભેદ ભુદર મેં જાણ્યા નહિ તારા આ શું લાગ્યું મને પાપરે.હવે૦ ૨ નિરભાગીને ઘેર ગંગા આવી પણ નીરભાગી નવ નાહયોરે; ત્યારે ગંગાજી અલોપ થયાં ત્યારે, નીરભાગી મન પસતાયોરે. હવે ૩ ધર્મ ધોરીંધર મુજ મંદીર આવ્યા,અભાગીએ ઓળખ્યા નહીજીરે;ટું-કારા હુંકારા કર્યા હશે મેં,બુધ્ધી તે બગડી ગઇરે.હવે ૪સતવાદીની શેવા ન થઇને ઉલટો કર્યો તિરસ્કારજી; અકળાઇ જાઉં છું અતીશે મનમાં,અવતારને ધિકારરે. હવે ૫ કાપડીરૂપ ભુપ એ આવ્યા, ન કહ્યા નીતી વચનજીરે; હવે શો ઉપકાર કરવોરે એમને,માને મારૂં મનરે.હવે ૬ ભકતને ઘેર ભુધર આવે પણ પાપીથી નવ ઓળખાયજીરે;કાગડાની કોટે હાર હીરાનો તેવી થઈ મારી કાયરે. હવે આરશી મુકીએ આંધળા આગળ, અંધને કંઈ ન દેખાયજી; બ-

હેરાના કાનમાં ભુંગળ ફુંકે, તોયે નવ સંભળાયરે, હવે ૮ આશ્રમ જાણી ઉ-લટ આણી, આવ્યા સતીના કુમારજી; ઉતરવાને ઉતારો ન દિધો, જીવતરને ધિક્કારરે. હવે ૯ ધરતી માતા આપોને મુજને, ભરી સભમાં માગજી; સંતાપ તાપ સામટો આવ્યો મુજને,આછે શી ઉડી આગરે.૧૦મુજ રંકને ઘેર એ ક્યાં થી આવવા, ઓળખી હૈયું હરખાયજી; પાપ મારૂં પાછળ પડીઉં, હવે શો ક-રવો ઉપાયરે. હવે ૧૧ એમજ જાણિ દયારે આણી, ઉઠયા ધરમરાયજી; સન મુખ આવી ઉભા રહીને, પ્રેમે લાગે પાયરે હવે ૧૨ ભીમ કહેભાઇ રડવા દોને બોલ ન રાખું છાનોજી;દારૂણ દુઃખ દીધું તું એણે બ્રાહ્મણ એજ મતાનોરે.હવે ૧૩ ધર્મ ધોરીંધરે હાથ જોડીને ગળ ગળી કહી વાણિજી; ઓ મહારાજા ક્ષમા કરોને, શીદ ભરો આંખે પાણીજી.હવે૧૪ ॥ વલણ ॥ આંખે પાણી નવ ભરો, બોલ્યા રાય વચન; પતીતને પાવન કર્યા, થયા તમ દરશન.

કડવું ૩૩ મું રાગ ધનાશ્રી દોહરાનો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજયરાય,ત્યારે પછે સુ નીપન્યું,ક-હું વીસ્તરી મહિમાય.૧ ધર્મ ધોરીધર બોલી ઉઠયા,સાંભળો રૂષીરાજ; આ-શીરવાદ અરજુનને આપો, જેથી કરે એ કાજ. ૨ તમ પ્રતાપે અમે સુખ પા-મ્યા મન ધરીરે ઉહ્લાદ;અરજુન ઉપર ઉભો રહયો, તેને દો આશીહવાદ. ૩ ત્યારે દ્રોમ રૂષી ત્યાં બોલ્યા,શું કરવા છુપાવી જાત; મુજને આવી કહયું હો તતો, નાં કરત કોઇને વાત, ૪ ધર્મ કહે છે એ સાચું કહોછો,અજાણે દોષ ન-હિ; અપરાધ અમારો ક્ષમા કરો, એ વાત અમે નવ કહી. ૫ પ્રસન થઇને પ્રેમ આણી, નહી રહે ભાગ્યની નુન્ય;અરજુન હાથે મછવેધ થાશે, આપુ સુ-કીતનું પુન્ય ૬ પાંચહજાર વરસના તપનું,પુણ્ય આપ્યું જ્યારે; કાંતી એની કન્યા કરતાં, વધિ ગઇછે ત્યારે. ૭ બીજા સઘળા રૂશી બેઠા અત્રી ગોત્રી જેહ; વસિષ્ઠને વિસ્વામીત્રએ, સુકીત આપ્યો તેહ.૮ ભાર દ્રીજ તે ચવન રૂ-ષી, ગૌતમ ગુણ ભંડાર;જેમ જેમ તપનું સુકીત આપે તેમનેજ વધે અપાર. ૯ વાલ્મીક રૂષી ઘણા વિવેકી, દુર્વાસા જે ડાહ્યા; કશ્યપને બાલી રૂષીએ, તેં જે વધારી કાયા. ૧૦ અગસ્ત મુની પાબસ્ત મુની, કપીલ કૌશીક રૂષી; ભ્રગુ અંગીરા એને વામદેવે, તર્ત સૌ થયાં ખુશી. ૧૧ એ સઘળાએ વારા ફરતી કષ્ટ પીઆરા આપે; સો બસેને પાંચસે વર્ષનુ. સુકીત સઘળાં આપે. ૧૨ આ-ખી સભાના રૂષી સઘળા, સુકીત આપે જાય; તેમ તેમ એનું તેજ વધે છે, જેથી સુર્ય ઝાંખો થાય. ૧૩ સઘાતા નારાયણ કરતાં ત્યાં, તેજ વાધ્યું અપાર; યાદવ સભામાં અવીનાશી બેઠા, મન કરયો વીચાર. સૌસૌની

શ્રદ્ધાએ સોંપે,સુકીત,સોંપ્યું એજ;શ્રીકૃષ્ણએ સઘળું આપ્યું બાર સુર્યનું તેજ. ૧૫ ઉપર સુરજ વચમાં અરજુન,હુઠે જુગદાધારઃસઘળાનું સુકીત આપ્યું,થયે તેજનો અંબકાર. ૧૬ એમ તેજ વ્યાપ્યું મનડું લાવ્યું,સતી સાધવી નાર; દ્રુપતસુતા અટારીએ બેઠી,જુવે છે વારંવાર. ૧૭ ત્યારે સોળ સાસેલી સાથે બોલી કામ નથી કાંઇ કાચું;ઢાંકેલુ રત્ન કહેતાંતાં,વચન તમારૂં સાચું. ૧૮ દ્રુપતસુતા મોં ઉતારી, વાણિ મધુરી કહી;બેન સવ્ળી સાથે બોલ્યા,આ વર વરશે કે નહી. ૧૯ સઘળી સૈયર બોલી, રાખો હૈયે હામ; આ વર તમને વરવાનો છે, કરશે નીશ્ચે કામ. ૨૦ પતિભાવે પ્રેમે એ નીરખે, પોતા કેરે મન, ધીરજ ધારી હૈયે ધારયું,મુજ સાથ કરે લગન. ૨૧ અરજુન ઉભો ત્રાસગા, એને ચીતમાં ચીંતા થાય; ધનુષ મારે ચઢાવવું, તેનો શો કરવો ઉપાય.૨૨ એક છેડો મેલું ત્રાસમાં ભાર દેઉ જ્યારે; તો તો બીજું ત્રાસ તે, ઉંચું જાશે ત્યારે. ૨૩ પગ મારા એ પહોળા થાયે, નથી શરીરમાં બળ; એથી હું ઉદાસી થાઉછું. ળી પડું હેઠ જ્યાં જળ. ૨૪ જળમાં ટઠળી પડું તો,મશ્કરી મારી થાય; ભર ઉ જો ટેરો દઇને, ત્રાસ આવે જાય. ૨૫ શરીરના વચલાજ ભાગમાં, મુકવા કરીયું મન; દબાવુ ડુંટી ઉપર તો, પડેજ મારૂં તન ૨૬ એમ જાણી ડુંટી ઉપર, દબાવી જોયું જ્યારે; તો આણીઆરૂ વાગવા માડયુ પાછું લીધું ત્યારે.૨૭ એમ વાત ફરતી મનમાં, ઘણા કરે વિચાર;ઉપર ચડયો થઇ મશ્કરિ ઓરે દેવ મોરાર. ૨૮ પુરૂષોતમ પહેલેથી સમજી; મશ્કરી કરાવી માહા;શણગાર વસ્ત્ર સારા પહેરાવ્યા, એ વાત કરી નહી સારી. ૨૯ નારાયણ મને નથીરે સુજતુ,એકવાત ની આંટી; હું જાણુછું આ ઠેકાણે. મારા મોતનિ વાંટી. ૩૦ મારે અવીનાશી ઉગારો એકે નથી ઉપાય;બહ્મચર્યાની લાજરાખો,તોતો કામજ થાય ૩૧અરજ કરેછે શામળીઆને,હવે કરૂં હું કેમ;મારા મનમાં ગાભરો;જાણિ તમારે પ્રેમ. ૩૨ સામળીયાએ સામુજોયુ,અકળાયો અપાર;માટે વીઠલ વહારે ચડીયા, પોતે જુગદાધાર ગોવિંદ થયા ગોળારૂપે, પેઠા પેટનીમાંહ; નાભીએ નારાયણવસીયા, એને બુદ્ધિ આપી ત્યાંહ. ૩૪ ડુંટી ઉપર દબાવી જોયું, વીઠલ વજરરૂપે બનાવ્યું; તેના ઉપર અરજુનજીએ, ધનુષ ત્યાં દબાવ્યું.૩૫ત્યારે એને વાગ્યું નહી ત્ય,સમજ્યો મનની માંહ; સહાય કરી સામળીએ મારી,હવે નથી ચંતાય ૩૬ જેને માથે શ્રીહરી છે, એ સામળીયો સાચો;પહેલેથી પ્રભુ જાણતાંત, આ ભક્ત મારો કાચો. ૩૭ એમ જાણિ ઉલટ આણી, છેડો દબાવ્યો જ્યારે; બીજે હાથે બળ કરીને, વાંકુ વાળ્યું તારે. ૩૮ પ્રચંચા ચઢાવી અને થયો, તર્ત ટંકાર; સકુનિને દુરજોધન કહે, ના થઇ ચડાવતાં વાર. ૩૯ સઘળી વાતનિ ના

કહીતી. મન લેતાંતાં હામ; તે ના તમારા મ્હોમાં રહીને કરયુ એને સઉ કામ. ૪૦તમે એવું મુજને મ્હેતા ના; વાણી જે મુખથી; કરણુરાયનું ધનુષ એનાથી ચડવાનું કાંઈ નથી. ૪૧ કરણ કહે એક અરજુન ચડાવે, બીજો ન ચડાવે કોય; માટે મુજને વ્હેમ આવ્યો, આતે અરજુન હોય. ૪૨ શકુની કહે ફકર ન કરશો, નથી રહેવાની હામ; એક બાણ દેવું મુકે છે કરવાને ત્રણ કામ. ૪૩ દુરીયોધન કહે મામા મારા સત્ય કહ્યુ આઠામ; તમે જેટલાં ના કહયાંતાં, કર્યા તેટલાં કામ ૪૪ મામા શકુનિ બોલી ઉઠયા હવે થવાનો અન્યા; હમણાં હેઠો પડશે. તારા ભાગની છે કન્યા. ૪૫ છત્રપતિ કહે એછે સાચું, વાત રૂદેમાં ધારી; તમારૂ કહેલું થાય તો, એ કન્યા થાય મ્હારિ. ૪૬ શ્રોતાને અહી સમજી લેવું, વાત રૂદેમાં ધરવી દુષ્ટના કહ્યા પ્રમાણે કહિયે, એની હાયે હા કરવી ૪૭ શાસ્ત્રની નિતી રીતી છે. કરવો ઉંચ્યનો સંગ; દુરીજનથી દુર રહેવું ન લાગે પાસનો રંગ.૪૮સત્યવાદીના દિકરાઓ, સંતોષ મનમાં રાખે; દાન દયાનો દીનતા વળી, વાણી સત્યજ ભાખે. ૪૯ એવા ગુણ જે સમજે છે, તે તેને નહી ઉપાદી; માટે આ કથા સમજીને, રાખો તેની યાદી. ૫૦ દાખલા રૂપીઆકથા છે, સમજી લેજયો સાર; આવી રીતી પાળે, તેણી વ્હાર કરે મોરાર. ૫૧ આતો ગ્રંથો સાંભળવાથી, સમજે સારની જુકતી; દાન દય ને દીનતા રાખે, તેની થાયે મુકતિ ૫૨ ॥ વલણ ॥ મુકતી પામે તે ધણી, સાંભળજો શ્રોતાય; ત્યાર પછી શું નીપન્યું, કહ્યું તેતો મહિમાય.

કડવું ૨૪ મુ રાગ ચોપાઈની સાખીનો.

બોલ્યા વૈશંમપાયે વચંન, સાંભળ જનમેજે રાજન; કહુ મચ્છવેધત મહીમાય, એક ચીતે સાંભળજે રાય. ૧ ધનુષ ચડાવી કરીયો ટંકાર,સઉખળ ભળ્યા રાજકુમાર; માંહામાંહી કરે છે વાત, કન્યા પરણશે એ સક્ષાત. ૧ દશ દિશાઓ ખળભળી ઉઠી,સનકાદિકની સમાધિ છુટી ગાજયો પાંડું તણો એ બાળ, પડી દુર્યોધનને ફાળ. ૩ ૦પ્યો સુરજ કેરોરે બાળ, એનો રૂદેમાં વાપ્યો કાળ; નક્કી અરજુન નિશ્ચે થયું, મારૂં હથિયાર ના રહ્યું. ૪ હવે બોલ રૂદે નહી સાંખું એને ત્યાંનેત્યાં મારી નાંખુ; કરયું કપટી કાળીયે કૃષ્ણ. ન સમજયો હું મનમાં પ્રશ્ન. ૫ છત્રપતિને ચિંતા થઇ, બોલાવ્યો તર્ત ત્યાંહી; આવ્યો કરણરાય ત્યા જ્યારે, દુર્યોધન બોલ્યા ત્યારે. ૬ ભાઈ આતે શું કહેવાય. મારા ચિતમાંચિંતા થાય; આતો કર્યોઅધરમીએ અન્યાય. ખોઇ બેહ્ના રૂપાળી કન્યાય ૭ હું આવ્યો તો પીડી ચોળી ,મારે હૈયે સળગે હોળી;આ થયું રે દારૂણ દાખ ઘેર શું દેખાડીશ મુખ. ૮આપણુ લઇ આવ્યા જાન,જાક ઠેકા-

ણે થશે કાણ; માટે બોલ મારો રૂદે ધરો, કહ્યું તે કામ કરો. ૯ બોલ્યો કરણ ત્યાં સરવથી,જીવતો ઉતરવા દેવાનો નથી. જેઉં કન્યા લેઈએ જાય એને મારૂ ત્રાસની માંહ ૧૦ તમે વિચારો અંતઃકરણ. એગે ઢાળી નાખીશ ધરણ,પછી કરીછ કન્યાનું હરણ; તમે હેઠે મારજો માર, એમ બોલ્યો સૂર્ય કુમાર. ૧૨ તુ ચિંતાતુર નવ થઇશ, હું કન્યા લઇ નાશી જઇશ; મારા ઉરનું અગ્ની હોલવુ, તુજ સાથએ પરણાવું. ૧૩ એની ચિંતા બેઠી હેઠી, જાણે ઘરમાં કન્યા પેઠી;હરખ્યો દુર્યોધન ભુપાળ, કરણ. ત્યાંથી ગયો તત્કાળ ૧૪ જઇબે-ઠા પોતાને આસન એનું માન્યું અતિશે મના દુર્યોધને બોલ્યામામ, તમેઆવો ને મારા સામા.૧૫ વાત સાભળી તત્પર થાઓ, મારા ભાઇઓને કહેવા જાઓ સૈન્ય સઘળી તૈયાર કરજો, આ બોલ રૂદેમાં ધરજો.૧૬માર્યા વિનામુકશોનહી અહીંયા તોફાન કરવું સહી;વાત સમજીગયો મનમાંહ,શોનેચેત.ત્યા મામાએ ત્યાં હ.૧૭સઉ રાજાએ વાત જાણી,થાશે દરૂપતનું ધુળ ધાણી;એમ સભામાં જણાઇ વાત બ્રાહ્મ રૂપીને થયો ઉચાટ.૧૮ ઉઠયો આપણી સભામાંથી,'એહ,મોઢું લાછન લાગેતેહ; બીજા રૂષિએ બોલ્યા એમ,એને મારવા દઇએ કેમ, ૧૯ આપણે વ-હારે એની ચડશું, સૌ રાજાઓ સાથે લડશું; આપણે મારીએ ભૈંસુત ગોળા, એમના ભરાય આંખના ડોળા. ૨૦ લઇએ ત્રીપુંડ કરની માંહ, છુટાં મારીશું કપાળ માંહ; મારી આચમનની પંચ પાત્ર,એમ નાંખી ઢીલા કરશું ગાત્ર. ૨૧ માળાઓને ગોમુખી,મારી કરીશું ઝાઝા દુઃખી;એમ ધાર્યું રૂષીરાય, પછે દરૂપતે વીચાર્યુ ત્યાંહ. ૨૨ હૈયામાંરે હરખ આવ્યો,દ્રુપદીને અહીંઆ લાવે; નક્કી થા-વાનો મચ્છવેધન, રાજાએ વીચાર્યુ મન. ૨૩ સંદેશો સેવક સાથે કહાવ્યો, સાંઢણીએ બેશી આવ્યો; સણગારી સાંઢણી ત્યાંહ, પછે મોકલી તેડવાય ૨૪ અટારી આગળ ઉભી જયારે,પડી ખબર સતીને ત્યારે,હેઠે ઉતરી લઇનેરે દાસ, ચમર ઢોળાય ચારે પાસ. ૨૫ સતી ઉતર્યાં તરત હેઠાં, હરખે સાંઢણી ઊપર બેઠાં સુખ્યાં શુંઢમાં કળશ ત્યાંહ, વરમાળા ઝાલી કરમાંહ. ૨૬ તે વેળા થઇ જોવાની ખુબી, આવી જાણકુંડાળે ઉભી; જુવે સઘળા સતીનું રૂપ, જોઈ રા-ય થાયે તદરૂપ. ૨૭ ભાઈ હવે થવાનું કેમ, બ્રહ્મ સભામાં ઉઠે ભેમ; બેઠેલો તે ઉભો થાય, વળી બેસાડે પરસ્પરય. ૨૮ હાથ ઝાલીને એને બેસાડે, તોયે મન-માં જવું એ ધારે; ત્યારે બોલ્યા સહદેવ ત્યાંહ,ભાઇની કાંતી કેવી એ દેખાય.

૫૧ ।। વસંત ।। બાંધવ મારા સાંભળો, કહું છું ધર્મ રાયરે; ધનુષધારી ત્રાસમાં ઉભો, કેવું રૂપ દેખાયરે.

કડવું ૩૫ મું રાગ ઉછળતી દેશી.

ભાળો ભાળો ભાઈનું રૂપ, શોભા સ્વયંવર તણીરે, જેની કાંતી કંદ્રપ સમાન, ઉગ્યા દીનમણીરે. ૧ લાખા ભોવનમાં ઉગારીયા, લાંબી આયુષની દોરી; દાણીક રાક્ષસને મારીયો. ભીમ પરણ્યો હેડંબા ગોરી. સોભા૦ ૨ હેડંબા સુર ચોરી કરી ગયો, ભીમ ન ગયો કોઇનો હારયો; સોમણનો લાડુ ચોવી મણ ચણા. ભીમે સાળો તે કુટી મારયો. શોભા૦ ૩ કદંબાસુર લઇ ગયો, ણુદ્ધીનો બહુ તોરી; ભીમ ભાઈને ખબર પડી, બીજીવાર ક્યાં થઇ ચોરી શોભા૦ ૪ શોત્ર કરતો ભીમ આવ્યો, ભીમે દાવા દુશ્મન દાખ્યા; સોભાઇ કબીરા તેમને, ભામે વાવની વિષે નાંખ્યા. શોભા૦ ૫ ત્યાંથી ચક્રા નગરીમાં આવીઆ ભીમે મારો મારો ભાખ્યો; સોમણનો લાડુ પચીસમણ દુધ પીને, બકરાક્ષસ ચીરિ નાંખ્યો. શોભા ૬ ચક્રાવતીમાંથી ચાલીયા, કર્મની રેખા જાગી; અરધિ રાત્રે કુન્તા માતાને, તરશા તરતીબે લાગી. શોભા૦ ૭ ભીમશેન કહે એ માવડી, વેડજ કયાંથી જાણી; એરે મારી માવડી, બેઠે બેઠે તરશા શાની લાગી. શોભા૦ ૮ કુન્તા કહેછે દીકરા મારા, કંઠે પડે છે કાંટા. એરે ભીમ દીકરા મારા, શી ગયા છે ધાંટા. શોભા૦૯ ગાંધર્વને ત્યાં જીતીયો હરખ મનમાં લાવ્યા; શ્રીહરીનું નામ દેતાં, દરોમ્ય રૂષિને આશ્રમ આવ્યા. શોભા૦ ૧૦ સેવા રૂષિનિ કરી. ના રહી ભાયગનીન્યુન્ય; ટાઢ તાપ બહુ વેઠીયા, આજે ઉગીયું તેનું પુન્ય. શોભા૦ ૧૧ સુર્ય સરખી કાંતી એની, જુએ સઉ રાજન; તેત્રીસ કોટા દેવ આવ્યા, થયા પ્રભુ મનમાં પ્રસન્ન. શોભ૦ ૧૨ ॥ વલણ ॥ સહેદેવ વાણી બોલીયા, પહોચ્યા મનના કોડ; વ્યાસ ત્રીકમ વાણી વદે, બોલો જેજે શ્રીરણછોડ.

કડવું ૩૬ મું રાગ ધોળની દેશી.

વદતા વાણી વૈશમપાયે વચનરે, સાંભળને તું જનમેજે રાજનરે; કુન્તા કુંવર ધનુપ લીધું છે હાથરે, સમર્યા જેને સારંગ઼ીનો નાથરે. ૧ ઊંચી દ્રષ્ટી કરી જોયું ગગનરે, મચ્છનું તો નવ દીઠુ લોચંનરે; વાયુ ચારે પાસે ઘણેરો વાયરે, તેથી પુછ લોચન ના દેખાયરે. ૨ ઉપરનો વાયુ ઘણેરો થાયરે, ચકર આકે ફુંદડી ફરતું જાયરે; ત્યારે એના ચીતમાં ચીંતા થઇરે, અંતર્યામી આબરૂ મારી ગઈરે. ૩ નથી સુઝતું શો કરવો ઉપાયરે. હવે તો આ કામ કેમ કરાયરે, મચ્છા તો ઉંચી ઘણી દેખાયરે, લોચન એનું કેવી રીતે વિંધાયરે. ૪ ગુંચવણ તો પડીયો ગુંચવાડા માંહરે, અંતરયામી શો કરવો ઉપાયરે; શામળીયાજી કરજો સહાયરે, નીશ્ચે જાણું આ કામ મુજથી ના થાયરે. ૫ મચ્છાનું તો ઉગા

ઉનું મળીયું છેટું રે,પ્રતિબિંબ જોઇ નાંખીસ કેમ હેઠુરે;એમ ઉદાસી મનમાં થયો છે જ્યારેરે,સાંભળીયાચે અરજ સાંભળીત્યારેરે.૬વાયુને તો વેગે ત્યાં બોલા વ્યા , ઉપર તમે બંધ રહેજો અત્યારેરે; અવીનાશીએ આપી આજ્ઞા ત્યાંહરે, ફરતુ મચ્છ બંધ રહ્યું છે જ્યાંહરે ૭ તેથી મચ્છ તરત રહ્યું છે સ્થીરરે, અરજુનને આવિ ધારણ ધીરરે; ધનુષ ઉપર બાણ ચઢાવ્યું જયારેરે, નિચે એને જળકુંડીમાં જોયું ત્યારેરે. ૮ પ્રતિબિંબ જળમાં સ્થીર દેખાયરે, હેવામાં તો હરખ અનિશે થાયરે પ્રથમ ભાગે વિષ્ણુનું કરીયું સ્થાપનરે, અડધે ભાગે મુક્યા પંચવદરે. ૯ ટોચ ઉપર મેલ્યા છે બ્રહ્મમાયરે, સઘળા આવા કરજો મ્હારી સ્હાયરે;પાંડુ પુત્ર એમ બોલ્યો અરજુનરે, કુંન્તા માનું પેહલું મેલ્યું છે પુન્યરે.૧૦ મોટા ભાઇ સંભાળ્યા ધમરાયરે, તેણે તોમનું તો સત્યમેલ્યું છે ત્યાં હરે;જળમાં જોયું મચ્છનું લોચન દેખાયરે,શક્તાનોમંત્રજ ભણીયાત્યાંહ રે. ૧૧વીજળી સરખી બાણુની થઈ સોભાયરે, દેવ સઘળા જુએ છે નભની માંહ;હવે બાણ મચ્છને વિંધવા જાયરે, જોરે કરીને ઝડપે મારે છે ત્યાંહરે.૧૨ ॥ વલણ ॥ જોર ઝાઝુરે જણાઢીયું, હૈયે ધારી હ ડ; વ્યાસ ત્રીકમ વાણી વદે બોલો જેજે શ્રીરણછોડ.

કડવું ૩૭ મું રાગ કટાવ છંદ.

અરજુન જુવે હુસ ધરીને;હૈયામાં વિચાર કરીને ધરણીધરમાં ચાત ધરીને, જળમાં જોયુ મનડુ મોહ્યું, મછ વિંધવા ચિત પરોયું, ઠરીને રહીને બાણજ સહીને, લોચન જોયું, નીચે જોયુ, જોર વપુનું નથીજ ખોયું, જોર કરીને મેલ્યું ઝડપથી, વીજળી સરખો થયો ઝબકારો, ભયનો ભારો. ક્ષત્રી સુતનો હોયજ ધારો, સુસવાડ કરતું નથીજ ડરતું, ધનુષમાંથી બાણ નીસરતું,જાણે જબરો અગ્નીઝરતું, સાદ થાય છે સરરરરરર, ઘોર થાય છે ધરરરરરર, ધરણી ધુજે ધરરરરરર, ઉપર ફેંક્યું ફરરરરરર, ઝાલ્યું લોચન ઝરરરરરર, થયો કાટકો કરરરરરર, ફાટ્યું લોચન ફરરરરરર, ગયું પુછડુ ખરરરરરર, વીંધિ નાખ્યું ઝરરરરરર, વિષ્ણુ કટકે ઊંચે ચડીયો, લોચનમાં તે જઇને અડીયો, મચ્છાને. તો ઘાટજ ઘડીયો, તે કડકો લઇ હેઠે પડીયો, શીવ મંત્રથી થયો સપાટો,કર્યો ઝપાટો આડો આંટો, ભેરવી લઇને, બાણુજ સહીને,નીચે પડ છે ધારણ ધાઇને, ત્રીજો કટકો ઝાલી લઇને, ભડાક દઇને, બહુજ બળમાં, લાવે પળમાં,ઉતરે હેઠે એની કળમાં, ઠેકાણે નાંખવું છે સ્થળમાં, ઝડપ લેઈને નાંખ્યું જળમાં આહાકાર થયોજ ભારી, જુવે છે સાહેલી સારી, પહેલીથી ધારણા,એમો ધારી ચુપ જુએ છે, નજરે ભાળી હરીયોમનની, નજર કાળી મામા ઉઠી .સઉ સ-

ભાળી એમ સઘળા વિચાર ધરતા દેવ પુષ્પની વૃષ્ટી કરતા,જેજેકાર સઉ મુખ ઓચરતા, થાય દુડભી ઉપર ડંકા, જુએ છે વ઼ં઼ા બન્યા બાવરા, બહુજ બંકા સઉના મનને થઇ છે શંકા, પાંડવ ત્યાં તે પ્રગટ થયા છે,રાય માત્ર ત્યાં જોઇ રહયા છે, કાંઇક રાજા ઉભા થયા છે, બાણુ તાકી મારવા ઉઠયા છે,પાંડુ પુત્રના પહોચ્યા કોડ, કરે રાજા મહી દોડા દોડ, હવે શો કરવાનો તોડ, ભાઈ બોલો જે જે શ્રી રણછોડ. ા।અરજુને મચ્છ વિંધીયો, નાંખ્યો જળની માંહ હથીયાર લઇ ઉભા થયા, કોરવો તો ત્યાહરે.

કડવું ૧૮ મું રાગ અહોરાયજીનો.

વૈશંપાયે રૂષી એણીપેરે બોલ્યા સાંભળને તું રાય; ત્યાર પછી શું નીપન્યું,કહ્યું વિસ્તારી મહિમાય અહોરાયજી સુણીયે૦૧મચ્છવેધ અરજુને કરીયો, હરખ મનમાં લાવી; સતિ સાધવી દ્રુપતિ તે, હાથણીએ બેશી આવી અ૦ ૨ રાજા માત્રને રીસ ચડી છે, ઉઠયા તેણીવાર; કૌરવ કળકળી ઉઠયા ભારે, કરતા મારો માર. અ. ૩ કરણરાજાને કાળ ચડયો છે. વિચારૂ અંતહ કર્ણ હથીઆર મારાં લેઇ ગયો, હવે કરૂં કન્યાનું હરણ. અ. ૪ એ જાણી ઉલટ આણી, આવે પાસે જયારે; બ્રહ્મ સભામાથી ભીમ ઉઠી, તરત આવ્યો ત્યારે. અહો૦૫ મોટા ભાઇનું કહયું ન માન્યું,કર્ણ હર્ણ કરવા જાય;એટલામાં ભીમ ભાઇ, આવિ પોહોંચ્યો ત્યાંય. અ. ૬ બે જણ બાઝયા ગાજ્યા અતીશે મનમાં કર્યો વિચાર ભીમસેનને રીસ ચડી ત્યાં, માર્યા તમાચા ચાર. અહો.૭ કરણરાજા હેઠે પડયો છે,ભીમ ગરવો થઇને ગાઠયો;હાથીણી ઉપરથી કન્યા લઇને, ભીમ તરત ત્યાં નાઠે. અહો૦ ૮ રાજા માત્ર ઉઠયા સરવે, કરતા સૌ મારા માર. બ્રમ પણ ઉભા થયા છે, પાંડુ પુત્રની કરવા વાર. અ૦ ૯ ચારે પાસેથી ચડીને આવ્યા, વાત રૂદેમાં ધારે;ભેગા થઇને બ્રાહ્મણ સઘળા,ભભુતના ગાળા મારે. અહો. કરણ રાજાને કૌરવ સરવે, વિચારી નિરવાણ; અરજુન ઉભો ત્રાસમાં, બહુ મારે છે બાણ. અ. ૧૧ શરીર એતું ચારણી સરખું, કર્યું ત્રાસની માંહ; રૂંવે રૂંવે બાણ ભેદયાં તેથી, રૂધિર ચાલ્યું જાય. ૧૨ શકિત શરીરમાં રહી નથી ત્યાં, અરજુનજીને જયારે; ત્રણ ભાઇઓ બ્રાહ્મણ સાથે, પાસે આવ્યા ત્યારે; અહો૦ ૧૩ ચારે પાસેથી માર પડે છે, અરજુન ઉપર અપાર; ધર્મ કહે હવે શુરે થવાનું, આરેજુગદાધાર. અ. ૧૪ સંતાપ સત્યવાદી કરી રહયા છે; આવ્યા છે અતીશે રૂષી; પવાલાં આચમનિયો ઉછાળે, મનમાં થઇને ખુશી. અહો. ૨૫ માળાઓ જવતલ ઉછાળે, ગઉ મુખી આસન ત્યાહ; છુટા સઉ રાજાને મારે, નવ ગણે લેખા માંહ. અ- ૧૬ બાણ બહુ ત્યાં ચાલ્યા કરે છે, આયુધ રહયા છે [illegible] ગોફણ [illegible] ગુજર મારે, તરવારને વળી ફરસી. અ. ૧૭ [illegible] રહયા છે, સ્વયંવરની માંહે, ભીમ નાઠો કન્યા લેઇને, [illegible] ૧૮

સ્વાસ સપાટે આવ્યો ઝપાટે,જીવ ઝાઝો થયો ખાટો;કુંભારને ઘેર આવ્યો નાશો, માતા કાહાડો ધાટો. અ. ૧૯ માતા મારી દ્વાર ઉઘાડો, હું ઉંચાં જુવે આવ્યો; બારણુ ઉઘાડો ઝડપથી, નવી વસ્તુ કાંઈ લાવ્યો. અ. ૨૦ માતા માંહીથી બોલી ઉઠયાં, દીકરા બોલ સહેજો; જે વસ્તુ તું લાવ્યો હઉં તે.તમે પાંચે વેંહેંચી લેજો. અ. ૨૧ એમ કહીને દ્વાર ઉઘાડયું, દીકરા આશો અન્યાય; ભીમ કહે મા બોલશો નહી, લાવ્યો રૂપાળી કન્યાય. અ. ૨૨ ભીમ ઉદાસી, માતા શું બોલયાં આજ; વચન તમારૂં કેમ પળાશે, રેહેવાની કેમ લાજ. અહો૦ ૨૩ ઘણા કષ્ટે આ કન્યા લાવ્યો, તેમાં શું કહું તમે આ કન્યાના કડકા કરીને, વેંહેંચી લેશું અમે. અ. ૨૪ કુતા કહે મા રૂ વચન ન જાયે,ગયો ઓરડા માંહ;કન્યા ઓરડામાં ઘાલી તાળુ દીધુ ત્યાંહ. અ. ૨૫ કુંચી કુન્તાજીને આપી, તર્ત થયો તઇયાર; માતા હવે રજા આપો તે, ભાઇને પડે ત્યાં માર. અ. ૨૬ એમ કહીને આજ્ઞા માગી, પાયે લાગી જાય; સુર સપાટે નાઠે આવ્યો સ્વયંવરની માંહે. અ.૨૭ દોટ મુકી ચતુર ન ચુકી,મોહોડે ન માય સ્વાસ;તરતદરવાજામાંપેઠે,આવ્યો સ્થંભનિપાસ.અ.૨૮ અરજુન ધામે ધામે ઉતરતો,જાણે પડી જઇશ;ભીમ કહે ભાઇ પડતુ મુકો,હુતો ઝીલી લઇશ.અ.૨૯ ઘણા ધાંટા ભીમે પાડયા,તોહે નવ સંભળાય;સહેદેવ ની કુળ ધર્મ રૂવે છે, હવે વલે શી થાય. અ. ૩૦ ભીમ કહે ભાઇ ફકર ન કરશો, વીચાર મનમાં કીધો; હેવામાં અરજુન પડયો કે ભીમે ઝીલી લીધો. અ. ૩૧ અરજુનજીને હેઠે સુવાડયો, પાસે ચારે ભ્રાત; ભીમસેનને કાળ ચડયો છે,ભરાવી સ્થંભને બાથ. અ. ૩૨ હચહચાવી થાંભલા કાહાડયો, ક્ષણુ ન લાગી વાર; માથા ઉપર ફેરવીને, દેવા માંડયો માર. અ.૩૩ લીલુ સુકુ નથી જોતો, સ્થંભ મારે નીરવાણ; જ્યાં મચ્છવેધનનો સ્થંભ પડે ત્યાં, વાળે કચરઘાણ. અ૦ ૩૪ ચારે પાસે ફરે ઉદાશે,ધર્મ નજરે ભાળે; રાજા રંકના ટાંટીયા ઝાલી, ગગનમાં ઉછાળે. ૩૫ બ્રાહ્મણે જાણ્યું ભોગ મળ્યા છે, હવે વલે શી થાશે; પેલા જાડાનો થાંભલો પડશે તો. જીવ સર્વના જાશે. અ. ૩૬ એવુ દેખીને નાઠા સરવે, નવ આવે ભીમના સામા;એટલામાં ભીમની નજરે ચડયા,કહીયે શકુનીમામા; અ. ૩૭ દુરજોધન તો દેખી નાઠે,ભીમે વીચાર ધાર્યો; શકુનીને ઉચકીને; દુરજોધનની છાતીમાં માર્યો. અ. ૩૮ કરણુરાયનો ટાંટીયો ઝાલી; વિચાર કાંય ન કીધો; માથા ઉપર ફેરવીને; ગગન ફેંકી દીધો. અ ૩૯ બીજા કૌરવને ફેંકી દીધા; સ્વયંવરની બહાર; કાળ આવ્યો કૌરવે જાણ્યું;બહુ પડે છે માર. અ. ૪૦ જાદવ પણ સઉ નાશી ગયા છે, સતિયા નાઠા ચાર; સ્થંભ લેઇને ભીમ ફરેછે,ધન પાંડુના કુમાર, અ. ૪૧ સ્વયંવરનું સત્યા નાશ વાળ્યું, રાખી નહી નીશાની; કોટ કાંગરા તોડી નાંખ્યા, વાત ન રાખી છાની. અ. ૪૨ મેદાન જગ્યા કરી નાંખી, રૂશી ઉતારે જાય; ધર્મ સહદેવ ને નીકુ-

ળજી, ચીતમાં ચીંતા થાય. અ. ૪૩ એટલામાં ભામભાઇ આવ્યા, વિચાર નીરવાણુ; અરજુનભાઇના શરીરમાંથી, ખેંચી કાહાડે બાણ. અ. ૪૯ રૂધરની ધારાઓ ચાલે છે,ઘણા મન ગભરાય;ચાર ભાઇઓ અરજુનનેલેઈ,કુંભારને ઘેર જાય. અ. ૪૫ ઘણા દુખ ઘેર લાવ્યા, પાણી ઉના મુકાવ્યા; કુંતાને ચારે ભાઇયોએ, અરજુનને નવરાવ્યા. અ. ૪૬ નવરાવને સુવાડી દીધો, ધર્મને ચંતા મન; કુંતાની આંખમાં આંસુ આવ્યાં, ભીમ બોલ્યો વચન. અ. ૯૭ માતા સંતાપ શાને કરોછો, હમણા ઉઠશે એહ. જે વાતે તમે દુખ ધરોછો, હું સમજ્યો છું તેહ. અ. ૪૮ કુંતા કહે ભાઇ નથીરે ચંતા, અરજુન સાજો થાય; પછી વાત સૌ માંડીને કહેજો, હૈયુ મારૂ હરખાય. અ. ૪૯ એમ સઘળાં વાતો કરેછે, તે ઠેકાણે ત્યાંય;રાજા દ્રુપત ઘોણી ગોર તે, નથી જણાતા સ્વયંવર માંય. અ. ૫ જાદવરાય પણ નથી જણાતા, રાત ગઇ અપાર; સઉ સઉની ખબર ન લેતા, બહુ પડયો છે માર. અ. ૫૧ વારાફરતી થોડે થોડે,સરવે ભેગા થાય;શ્રીકૃશ્નને સાથે લેઇને,દ્રુપતને ઘેર જાય. અ. ૫૨ રાતે સઘળા ભેગા થયા છે, કહે શું કરવું કામ; પાંડવ તો પ્રગટ થયા છે, ઓરે સુંદીર શામ. અ. ૫૩ કૃશ્ન કહે તમે ફકર ન કરશો, મોકલો તેડવાય; પરજાપતને ઘેર ઉતરા, કહીએ આપો ને કન્યાય. અ. ૫૪ મંડપ મોટો રચાવ્યો રાયે, માટે હરખ લાવો; વાજીત્ર વીધવિધ મોકલીયે, તમો પરણવા આવો. અ. ૫૫ એમ વિચારી બે વીર મોકલ્યા, કન્યાને તેડવાય; કુંભારને ઘેર કુંતા રૂવેછે, શો કરવો ઉપાય. અ. ૫૬ અરજુન ઉઠયો મનમાં રૂડયો, માતા રૂવોછો કેમ; રોતાં રોતાં નવ કહેવાયું, ત્યારે બોલ્યો ઉઠયો ભેમ. હું કન્યા લઇ અહીયાં આવ્યો, કહ્યુ માયે બોલ્યા સહેજો;જે નવી વસ્તુ લાવ્યો હોય તે, પાંચે વહેચી લેજો. અ. ૫૮ તેને માટે માતા રૂવે છે, શો કરવો ઉપાય, માતા કહે મારૂ વચન જાય તો, બેસે બ્રહ્મ હત્યાય અ. ૫૯ અરજુન કહે માતા મારી, સત્ય બોલુંછું આપ; પાંચે ને પરણાવે તો પરણું, નીકર બ્રહ્મ હત્યાનું પાપ. અ. ૬૦ અરજુનજીનાં વચન સાંભળી મન થયુ પ્રસન્ન, એટલે પરજાપતને ઘેર આવી પહોચ્યા રાજન. અ. ૬૧ કુંભાર કહે છે ભીમભાઇને, રાજા કેમ અહી આવ્યા; ભીમ કહે અમે એના ઘરની, કન્યા હરણ કરી લાવ્યા. અહો૦૬૨ માટે તુજને પુછીને મારશે,થયો એવો સંજોગ; કુંભાર કહેછે કુંતામાતા,મળયા મારા ભોગ. અહો૦૬૩ મેં ગરીબજાણી ઉતારો આપ્યો, તેનું ફળ થયું આવું; ભીમ કહેછે મને પકડશે તો, તારૂ નામ બતાવું. અહો૦ ૬૪ તેથી કુંભાર રોયા કરે છે, ધર્મ છાનો રાખે ત્યાંય; રાજકુંવરસાથે વાત કરીને,કન્યા લઇને જાય. અહો૦૬૫ બ્રાહ્મણ ભીમ રામ રમાડે છે,પાંડવપ્રગટયા જયારે;કઉરવને કલેશ થયો છે, શું કરશું ત્યારે અહો૦ ૬૬ નગર બહાર સઉ ભેગા થઇને, વીચારેછે મન; મામા શકુની કહે હવે શું કરશું,ત્યારે કરણ

બોલ્યો વચન અહો૦૬૭ દુરજોધનને કરણે કહ્યુછે, એકન્યાનુ કરાવુ હરણુ;અ હીથી પરણીને જીવતાન મુકુ,પાંડવ પમાડુમરણ અહો૦૬૮ એમકહીસઉઉભા રહ્યાછે,રાજકુંવરે કરી ઘેર વાત; પાંચે ભાઇને પરણાવવી પડશે, ઓરે મારા તાત અહો૦ ૬૯ દ્રુપત કહે ઓરે મહારાજા, શો કરવો ઉપાય; પાંચે જણને એક પરણાવવી, એ મોટો અન્યાય. અહો૦ ૭૦ ॥ વલણ ॥ દ્રુપતરાજા રોવા બેઠા, વીષ પાલો લઇ હાથ; એટલે વેદમંવ્યાસ આવ્યા, સમજાવે સાક્ષાતરે.

કડવું ૩૯ મું રાગ દોહરાની સાખીનો.

વઇશંપાયે વાણી વદે, સાંભળને તું રાય; ત્યારપછી શું નીપનું, કહુ વીસ્તારી મહીમાય. ૧ વીશનો પ્યાલો લેઇને,ફોડી નાંખ્યો ત્યાંહ.પાંચે જણનેએ વરશે, તેમાં નહી અન્યાય. ૨ તારા મનમાં જો ગમે તો, બોલાવ્ય પુત્રીતારી; એને બોલાવી પુછી જોજે, વાત સઘળી સારી. ૩ રાયે પુત્રી બોલાવી, કહીછે માડી વાત; પુત્રી કહે પીતાને તમે,શું કરોછો ઉતપાત.૪ પાંચેજણને પરણુ વાની, ફરી તમારી મતી; અન્યા અધર્મ નથી થવાનો,હું કહેવાઇશ સતી.૫ માગ ભવીશમાં એવું છે, એ વાત કાને નવ ધરશો; તમારૂ ડાપણ કરશો તો, પાપે અટવાઈ મરશો. ૬ દ્રુપત કહે કેમ સતી કહેવાશો,તે મુજને ચંતાય;ત્યારે સતી બોલી ઉઠયા, સાંભળો પીતાય. ૭ પરણતા પહેલી ચાર ચીતાઓ,સળ ગાવોને તેહ;વારાફરતી પરણીને હું,પડીશ ચીતામાં હ.૮ સ્નાન અગનીનુ કરીશને, પછી નીકળીશ બહાર; પછી બીજાપુરૂષને પરણીને,પાછી ચતામાં સાર. ૯ એમ પાંચેને પરણવાની,નથી થવાનો અન્યા;દ્રુપતરાજાને કહેછેત્યાં, સતી સાધવી કન્યા ૧૦ મંડપ રચાવો રૂડી રીતે. કરજો કાસ્ટચંદન; ચંદનની ચતામાં પડીને,કરીશસ્નાન તે દન.૧૧ સળગાવીને રાખજો તમે,પડીશચીંતા માંહ; સતી થઇને બહાર આવુ. તે તમે જોજો ત્યાંહ. ૧૨ દ્રૂપતરાયે સાચુ મા નયુ, પોતાના મનમાં એહ;પાંચ પાંડવ કેમ માનું, તેનો છે સંદેહ.૧૩ કશ્નપ્રભુને તેડાવીને, પુછે દ્રૂપતરાય; પાંડવ મારે કેમ ઓળખવા, તેનો કરો ઉપાય. ૧૪ કશ્નપ્રભુ ત્યાં આવી ઉભા, બોલ્યા જુગજીવન;પાંચ ઓરડા તારા ઘરના, ખાલી કરાવો રાજન. ૧૫ એકમાં સીંહાસન મુકો, બીજામાંરે ગદાય,ત્રીજામાં ધનુષ બાણ મુકો, ચોથામાં પુસ્તકાલય. ૧૬ પાંચમામાં શણગાર મુકો,બોલ્ય રૂદેમાં સહેજો; વરઘોડો એ ઘેર આવે કે, પહેલી પરીક્ષા લેજો. ૧૭ તાળાંવાસે લાં વારાફરતિ, ઉઘાડે જે રાય; તેને તેવુ નીકળેતો, જાણો સાચા થાય. ૧૮ શ્રીકશ્નએ એવું ગોઠવ્યું, બોલ્યા વિઠલ વનમાળી; એક નાનાજાળીયામાં તું તો જોજે ભા.ળી ૧૯ તારી કોઇને ખબર પડે નહી, આવાત મનમાં સહેજે,તુ તારી મેળે એકલો, એમની પરક્ષા લેજે. ૨૦ એવું શીખવી શ્રીહરી ચાલ્યા, પોતે જુગદાધાર; પાંડવને તેડવા મોકલ્યું, સતીતણા કુમાર. ૨૧ બોલાવીને વાત કરીછે, બેસારા તે ઠાર, વારા ફરતિ ઓરડા ઉઘાડે, જુવે જાળીયે નિર-

ધાર. ૨૨ કહ્યા પ્રમાણે પાંચે ઉઠયા, જેને જોઇએ જેવું; તેને ઓરડા ઉઘાડયા તો, નિકળ્યું તેનેતેવું ૨૩ ધર્મશર્મ ન રાખી ઉઠયા,નીકળયાં સિંહાસન,બીજે વાયુ પુત્ર બાઝયો, ગદા લીધી ભીમસેન.૨૯ ધનુષબાણે અરજુન વળગ્યો લા ઽયો પોથી સેહેદેવ;શણગાર વસ્ત્ર લાઽયો સપાટે,નીકુળ ત્યાંતતખેવ.૨૫ પાંચે ભાઈએ વિચાર કરે છે, બોલ્યા ધર્મ વચન;ઇંદ્ર પ્રસ્તમાં હું જઇનેહાલવું કરાવું સિંહાસન. ૨૬ ભીમ ભાઈ પણ બોલી ઉઠયા, વિચાર મનમાં ધારૂ; દસહ જાર મણુનિ ગદાથી, દુરજોધનને મારૂ. ૨૭ સેહેદેવ શાસ્ત્ર શીખવાને. કરીયો વિચાર જયારે; આમાંના પુસ્તક લેઇ જાવું, ઇંદ્ર પ્રસ્ત અત્યારે. ૨૮ શણગાર વસ્ત્ર ઉપર કહીએ, નીકુળને લેહે લાગી; ઇંદ્ર પ્રસ્તમાં હું જઇને, ઘણી કરૂ વરણાગી ૨૯ એમ જોઇને વીદાય કરીયા, પાંડુ પુત્ર જેહ; પાછળથી તેડવા મોકલે; તેમાં નહી સંદેહ, વરઘોડો ચડાવી વેહેલા આવો, અહી સઘળુ છે સાજન; પ્રેમે તમને પોખાવી લેઉ, પછે દેઉ કનયાદાન. ૩૧ વાજાં વિધ વિધ- નાં મોકલયાં, કુભાર કેરે ઘેર; વરઘોડો વિવેકે ચડાઽયો, થઇ લાખેણી લેહેર. ૩૨ ધર્મ કહે છે માતા મારિ, કોણ માથે મોડ ઘાલે; રામણદીવો હાથમાં લેઇ, કોણ વરઘોડે ચાલે. ૩૩ કુનતા કહે છે કુંવર મારા, કહુંછું સાચી વાત; જેને આપણે ઘેર રહયા તે, તમારા માત તાત.૩૪ ધર્મ કહેછે પ્રજાપતને,હરખતમે લાવો: તમારી સઉ નાત તેડીને, પરણાવવા આવો.૩૪ સત્યવાદીનું વચનસાં- ભળી, તમો નવ રાખી કાંઇ બાકી;શણગાર વસ્ત્ર પેહેરી સપાટે,પેમકોર પુરી પાકી. ૩૬ નાત જાતને સગા સઉ તે, આઽયા તેણીવાર; પેમકોર કાકી વસ્ત્ર પેહેરી,તર્ત નિકળયા બાર.૩૭રામણ દિવો ઝાલ્યો હાથમાં,સાહેલી સઉ સાથે મોડ મોટા ભમરીવાળો, તરત પહેરી માંથે. ૩૮

કડવું ૪૦ મું રાગ ઓખાહરણનો.

અનીહાંરે સતી સુત ચાલીયા, જેના હઇયામાં હરખ અપાર. ટેક.હરખભેર સઉ ઉઠીયારે. સાજન સઘળુ સાથ; કંકુવાળા હાથ કરીનેરે,શ્રીફળ ફોફળ લીધા હાથ. સતી૦ ૧ જાંનની જુકતી સારી થઇરે, જાદવ જુગદાધાર; રૂશીખુ- શી થઈ આવિયારે, વળી રાજ તણા કુમાર. સતી.૨કુંભારણે મોડ ઘાલીયોરે. હરખ અતીશે મન; નગ્રની શોભા શી કહુરે, સઉ જુવે છે પુરના જન. સતી. ૩ જાણે વિવા ઘેર આવિયોરે, અજવાળા માંડીને ગોખ;તરીયા તોરણ બાંધી- યારે, વળી મોતીયે પુરયા ચોક. સતી. ૪ ધિમે ધિમે સઉ ચાલતાંરે,હરખે ભીષ્મ પીતાય; ઘોણ ગુરૂ ધારી રહયારે. મારા શેવકની છેરે શોભાય. સતિ૦ ૫ વીદુર કાકા આવિયારે, સામલીયો સઉ સાથ; સાજનની શોભા શી કહુરે, એક કે એકનો ઝાલ્યો હાથ. સતી. ૬ પ્રજાપત સઉ ગામનારે, જેવા મળ્યા સઉ લોક; રસ્તે રાજી થઇ સઉ ચાલતાંરે, લોક ઉભા છે થોકા થોક. સતી. ૭ ચ મરચારે પાસ થાય છેરે,શોભાનો નહી પાર;ગીત ગોરી સઉ ગાય છેરે.ત્યાં તો

મળી નગરની નાર. સતિ. ૮આખા નગરમાં ફરી વળીરે,આવ્યા ધ્રુપત ઘેર; તેડવા સામા રાય આવિયારે, ત્યાં તો થઇ છે લીલાલહેર. સતી.૯ તોરણે લાવી ઉભા કર્યારે, હરખ હઇયામાં લાવી; ધ્રુપત વેદા પેહેરીને,પુખવા પ્રેમે આવિ. સતી ૧૦ ધ્રુશળ મુશળ રવઇઓરે, સતિઓ સંપુટ ત્રાક;એંડી પેડી ઉતારીયા, તીલક કરીને તાણ્યું નાક. સ. ૧૧ સભા સાજન સઉ બેશાયારે, આવ્યા ધ્રુપતરાય; ગોરે ગણપતી પુજાવીયારે,ત્યાં તો બેઠા છે જાદવરાય. સ. ૧૨કીરપાચારજ આવીયારે,મંત્રના ઉચાર થાય;દ્રષ્ટદુમન શીખંડી લાવીયારે કન્યા પધરાવો મંડપ માંહ. સતી. ૧૩ અંતરપટ આડુ ધરૂરે,ગોત્ર ઉચ્ચારજ થાય; હસ્તમેળાપ કરાવે હેતશુરે, પહેલા બેઠા ધર્મરાય. સતી. ૧૪ ધ્રુપત હરખે અતી ઘણોરે, સઉ જુવે છે રાજન; નગ્રના લોક જોઈ રહ્યારે, હવે દે છે કન્યાદાન. સ. ૧૫ ॥ વલણ ॥ કન્યાદાન દે ધ્રુપતરાજા. હરખ હૈયા માંહ; આપે છે તે અતીઘણું. લેછે ધર્મરાય.

કડવું ૪૧ મું રાગ શોભા ઘણેરીરે.

સમે વરતે સાવધાન થાય, શોભા ઘણેરીરે; ત્યાંતો દેછે કન્યાદાન, શોભા ઘણેરિરે, ૧ પ્રથમ બેઠા છે ધર્મરાય, શોભા ઘણે. ગોર વેદ તે ભણતા જાય; શોભા કંન્યાનું ફળ અપાય. શોભા. ૨ હસ્ત મેળાપ કરાવો રાય. શોભા૦ તેની શી કહુંછુ શોભાઈ, શોભા. દાન લેઇ હઇયામાં હરખાય. શોભા. ત્યાંતો વાલીપાને તરેગંઠ, શોભા. વરને માળા આરોપી કંઠ; શોભા૦ ત્યાંતો વેદરે મંત્ર ભણાય, શોભા. ત્યાંતો કંન્યાદાન અપાય; શોભા. ત્યાંતો પેહેલું મંગળ વરતાય,શોભા. તાંતો શાંશાં દાન અપાય. શોભા.પહેલી આપે સવછી ગાય, શોભા. ધર્મરાજા લે છે કરમાંહ; શોભા. બીજું મંગળ ત્યાં વરતાય, શોભા. ત્યાંતો પૃથ્વીનાં દાન અપાય. શોભા. દાન લેઈને હરખજ થાય શોભા હવે ત્રીજુ મંગળ વરતાય.શોભા.આપેછે કરની મુદ્રીકાય.શોભા૦ ચોરિ ચોથુ મંગળ વરતાય. શોભા. તેમાં શાંશાં દાન અપાય, શોભા. હવે અશ્વનાં દાન અપાય. શોભા. એમ મંગળ વરત્યાં ચાર, શોભા. વર કન્યા આરોગે કંસાર; શોભા. કંસાર આરોગે મન ભાવે, શોભા. સઉ ચાંલલો કરવા આવે. શોભા. પછે ગોત્રજ પુજવા જાય; શોભા. પ્રેમે પગે લાગે છે ત્યાંહ. સોભા. પરણી રયાં સતી નાર; સોભા૦ પડયા ધ્રુપતી ચીતામાંહ; સોભા. થોડી વારે નીકળ્યાં બહાર. સોભા. પાછા આવ્યા મંડપ મોઝાર. સોભા. બેઠા પરણવા પવન કુમાર સોભા૦ તેને નીતીવડે પરણાવ્યો. સોભા૦દાન લેઇ કંસાર આરોગાવ્યો. સો. પછે લાગ્યા ગણપત પાય. સોભા. સતી જઇ પડયા અગનીમાંહ.સોભા૦ તેતો બહાર આવ્યા છે જયારે સોભા. સઉને કઉતક લાગે છે ત્યારે, સોભા આતો ઇશ્વરીનો અવતાર. સોભા. વેદ ભણતા બ્રંમાના કુમાર. સોભા. સતી નિકળ્યા બહાર જયારે. સોભા. બેઠા પરણવા અરજુન ત્યારે. સોભા. એના

ચારે મંગળ વરતાય. સોભા. તેમાં દાન ઘણા અપાય. સોભા પછે સતીરે અગ્નીમાં નાહાય,સોભા. ત્યાંતો બેઠા સેહેદેવરાય સોભા.એનાં મંગળ વરત્યાં ચાર. સોભા ત્યાંતો થાય છે જેજેકાર. સોભા પછી સતી અગ્નીમાં નહાય. સોભા, પછે બેઠા છે નિકુળરાય. સોભા. એના મંગળ વરત્યાં ચાર. સોભા૦ તેમાં દાને ઘણા અપાય. સોભા જુએ છે જુકતી જાદવરાય. સોભા. એમના હૈયામાં હરખ ન માય. સોભા. ॥ વલણ ॥ સોભા સારી થઇ રહી. પહોંચ્યા મનના કોડ; એકવાર સઉ બોલજો, ભાઈ જેજે શ્રીરણછોડ.

કડવું ૪૨ મુ રાગ ધનાસરી સાખીનો.

વઇશમપાયે રૂશી એણીપેરે બોલ્યા,સુણ જનમેજયરાય; ત્યારપછીશું નિપજ્યું, કહુ વિસ્તારી મહીમાય. ૧ પાંડવ ઉપર પ્રેમ ધરીને, હરખ મનમાંરે લાવ્યા; દરૂપતરાજાએ પોતાને ઘેર, ગોરવ જમવાને બોલાવ્યા. ૨ સ્વયંવરની સભા મધે, આસન માંડીરે બેઠા; પોત પોતાના સ્થાનક આવી,જમવાબેઠા હેઠા. ૩ જમવાની જુકતી ઝાઝી કરીછે, જોડે જાદવરાય; થાળ રૂપાના પવાલાં લોટ, જળની ઝારી ત્યાંય. ૪ રૂષી સઘળા રાજી થઇ આવ્યા,ખુશી થયામનમાંય; દરૂપત રાજાના અનુચર તે,પ્રેમે પીરસવા જાય.૫ ભોજન નીકળયાંભાતભાતના, જોઇ જમતાં થાય પ્રસન; જુકતી ઝાઝી ગોઠવી છે, રાજી થાય રાજન. ૬ અનેક જાતનાં પકવાન પીરસયાં, શાક ભાત અથાણું; સકળસભા તમે સાંભળજો, એક જીભ્યાથી વખાણું. ૭ બરફી પેંડા અને જલેબી, ધારીને ઘેબર તાજાં; સાકરીઆ ચણા સુતરફેણી, લાકડશાઈને ખાજા. ૮ મોતીચોરને મગજ મગદળ,મરકી આદોઆંક;મુકતી વરીઆળી દાણા.હલવોને કોપરાપાક ૯કણસઈશાલમ ગુંદરપાક,બદામપાક પસાર;મેસરપાકમાવો મુરબ્બો પરસુદી કંસાર. ૧૦ માલપુવા શીરોનેસેવો, દહીથરાની ઠંડ; ચુરમુ ખારીપુરી દુધપાક, બાસુદી શીખંડ.૧૧ વેઢમી મલઇ શેવ ગાંઠીયા.સંજોર દાડમપાક; મુળામોગરિ રવઇઉ કોરૂ, વાલોરવંતાક. ૧૨ તાંદલજો મેથીની ભાજી,કુંવાડની ગરણ,લુણી કોથમી પુદેનો,મહી સવા ને સુરણ.૧૩ કુંજની કુબી રતાળુ અળવી,કાકડીને કંકોડાં; કાલેળાં બટાકા ડરીઆં. ગવારફળી ને ગીલોડાં. ૧૪ તુડબુચાં ટેટી ને પાપડી, પરવર ને પંડાળુ;વાડકાલેરાં વાંકડીઓ ગવાર,ભીંડા ભુરૂં કોળુ. ૧૫ હવે મગફળી કોઠમડાં, સાંગળી સારા સીંગ;ચોળાફળીને ચીબડાં, તેમાં વઘાર મધ્યે હીંગ. ૧૬ મીઠાં લીંબુ ખાટાં લીંબુ.વાલ વટાણા ચણા;ગલકાં કુશમણ લીલમણ લાલવા, મહી મરી મસાલા ઘણા. ૧૭ પોઇનાં પાંદડા ને પતાસા,ગરકેરીનુ ગરમાણું; રાયતીકેરી રાજગરો;મહી ઓડવાનું અથાણુ.૧૮ શેતુર શીફળ ફાલસા, ઉંમથડાં રાણ શીંગોડાં;કુકળુ ળાં કાજુકળીઆ, કમળક થોડાં થોડાં. ૧૯ ચોઢીઆ લાડુ ચીકણુ મીઠાં, દ્રાખ ઓરને ચોરી;દાડમ દુધને દહી

વડાં. ભજીઆં મરચાંની ચીરી. ૨૦ પતરવેલીઆં મીઠા ધુવરા, ઢોકળાં ધોળી જાત; સરગવા શીંગો દઇવડાં, ને ઘેસ કમોદનોભાત.૨૧ લીંબાં શ્રીફળ લવીંગ લીમચાં, ખીર ખાંડ ફુલવડી;ખજુર ખક્ષવા ખુમચાં,મહી છુટીદાળને કઢી.૨૨ જમવાની જુકતી કરીતિ.સરવેની પહોચી આશ;પાન સોપારી લવીંગએલચી, આપ્યાં ત્યાં મુખવાસ. ૨૩ સભારે સઘળી ભરીને બેઠા, રાજીમનમાં થાય;સઉ રાજાના દેખતાં, હવે પેહેરામણીરે અપાય. ૨૪ પહેરામણી પરીપુરણ આપી, હરખ્યા દ્રુપતરાય; હાથ જોડીને કહે ધર્મને. લાગુ તમને પાય.૨૫ ધર્મ કહે છે ધન છે રાજા, પહોચી પહેરામણી; તારા જેવુ કોઇ કરે નહી,શોભા વધિ ઘણી. ૨૬ પગેરે લાગ્યા. પાંચે જણને, બોલ્યા પડયો નહિ હેઠો; પવનપુત્રને રીસચડી છે, આઘો જઇને બેઠો. ૨૭ ત્યારે ભીમ પાસે આવ્યા રાજા.વચન તમારૂ થાપુ. માગવુ હોય તે માગી લ્યોને, જે માગો તે આપું.૨૮ પવનપુત્ર કહેછું આપવાના, અમે રાજીસદા. તેથી જો આપવી હોય તો, આપો તમારી ગદા ૨૯. દ્રુપત કહેછે સાંભળો તમે, ગદા આપુ મહારાજ;હાથી ગાંડોએકછે મારો.ડાહયો કરી કરો કાજ. ૩૦ એ જો તમારે વશ થાય તો. બોલયું વીર કરી થાપું;તોતો એ ગદાને હાથી, બંને તમને આપું. ૩૧ એવું સાંભળી ભીમ ઉઠયો. કુંચી લઇને ગયો; આવા તાળુ ઉઘાડે છે. મનમાં રાજી થયો ૩૨ બાંધેલો છે ઘણા દહાડાનો. હાથી એ મસ્તાન; ઉઘડતાં ત્યાં નાઠો આવ્યો. કરવાને તોફાન. ૩૩ ભીમ ખસ્યો ને હાથી ચાલયો ચીંતામાં ના પેઠો;ગદા લઇને છલંગમારી હાથી ઉપર બેઠા.૩૪ એટલે હાથી હેઠો બેઠો.માની ભીમની શરમ;સભામાં લઇ ચાલયો આવ્યો,કર્યો ક્ષત્રીનો ધરમ ૩૫ દ્રુપતરાજા થયોરે પરસન.વાણી થીર કરી થાપી; પાંડવ ઉપર પ્રસન થઇને. એક ક્ષોણી સેના આપી ૩૬ રાજા રૂષી વિદાય થયા છે. જાદવરાય ત્યાં જાય;પરેમ આણી પાંડવને તયાં.હવે કરે વિદાય ૩૭ એ કથા રહી એટલે તુ. સુણજનમેજય રાય; પણે પેલા કુંભારના તો. ઘરમાં તે શું થાય.૩૮ પ્રજાપત ગયો ચણારે લેવા. દીઠા નહી તયાં જયારે;જીવ લેઇને નાઠો આવ્યો, ભાગોળે ત્યાં ત્યારૂ. ૩૯ ભીમભાઇને કહેવા માંડયું;સાંભળો સરવથી; કોઠારમાં ચણા જોયા તો. એકે દાણો નથી ૪૦ ભીમે ધ્રુપતને બોલાવ્યો; વચન મહારૂ સહેજો;કુંભાર જેટલા ચણા માગે;તેટલા આપી દેજો.૪૧ એવું કહીને આજ્ઞા આપી. તરત થયા વિદાય; સુખપાલમાં સતીરે બેઠાં; કુંતા જોડે ત્યાંઇ. ૪૨ ભીમ હાથી ઉપર બેઠો; ગદારે લીધી હાથ; એક ક્ષોણી સેન્યા લઇને; ચાલયો પાંડવ સાથ. ૪૩ ॥ વળણ ॥ સતા સ્વયંવર પુરો કીધો; પોચ્યા મનના કોડ; વ્યાસ ત્રીકમ વાણી વદે: બોલો જે જે શ્રી રણછોડ.

મચ્છવેદ સંપુર્ણ.

—o()o—

શીવ પુરાણ.

—— :(૦): ——

આ ગ્રન્થમાં બ્રહ્મા વીષ્ણું અને મહેશ્વરનું ઉ[illegible] કામદેવનું દગ્ધ થવું, શીવ વીવાહ કાર્તીક સ્વામીનું જન્મ થવું, દક્ષ કથા તારકાસુર આખ્યાન [illegible] શીવકથા [illegible] ગણેશ ની ઉત્પત્તી, ત્રીપુરાસુર, આખ્યાન, લીંગ કથા—મહીમા, ગંગાની ઉત્પત્તી, તથા કાશી મહાત્મ્ય [illegible], ચંદ્ર ઉત્પત્તી [illegible] ધર્મ, શીવ સહસ્ત્ર નામ શીવરાત્રી કથા, પંચાક્ષર રૂદ્રાક્ષ મહાત્મ્ય, રેવા મહાત્મ્ય. પતીવ્રતના [illegible] તથા આખ્યાનો તેમાં આવેલા છે રામાયણ [illegible] તથા વીભુતી મહાત્મ્ય એ વીગેરે ઘણી મોટા અક્ષરનું તથા મોટા કદનું છતાં કિંમત. ૧—૮—૦ તથા ભારતના જેવું રસીક બનાવેલું,

વેચવાનાં પુસ્તકો.

કથા	કિંમત રૂ. આ. પૈ.
શ્રી કૃષ્ણ ચરિત્ર ગોકુળલીલા મથુરા લીલા અને દ્વારકાલીલા ચિત્ર સહિત	૧—૮—૦
મહાભારત-વલ્લભરામ સુરજરામ કૃત ચિત્ર સહિત	૩—૦—૦
ગિરધરકૃત રામાયણ નહાનું	૦ ૧૨—૦
ગિરધરકૃત રામાયણ મ્હોટું	૨—૦—૦
મહાભારત વ્યાસ ત્રિકમલાલ ઇચ્છાશંકર કૃત.	૨—૦—૦
પ્રલ્હાદ આખ્યાન	૦—૨—૦
નળાખ્યાન (પ્રેમાનંદ કૃત.)	૦—૨—૦
ઓખાહરણ મોટા અક્ષર	૦—૮—૦
ચંદ્રહાસ આખ્યાન	૦—૪—૦
સુભદ્રાહરણ-(વલ્લભકૃત)	૦—૪—૦
મત્સ્યવેધ— (,,)	૦—૪—૦
સુદંન્વા આખ્યાન (,)	૦—૪—૦
અભિમન્યુ ચકરાવો (,)	૦—૪ ૦
રામાયણના ચંદ્રાવળા	૦—૧૨ ૦
ચંડીપાઠ પ્રાકૃત (શીવદાસ કૃત)	૦—૮—૦
લેઉવા પુરાણ-પાટીદાર જાતીના જન્મ ચરિત્ર સહિત	૦—૧૨—૦
મહાભારત-(સંપુર્ણ ચિત્ર સહિત ખંભાત નિવાસી કવી રેવાશંકર કૃત પૃષ્ઠ ૬૬૦૦ જુદા થઇ એક પુસ્તક	૧૫ ૦—૦
મહાભારત જગજીવન આશારામ કૃત	૪—૦—૦
સુદામાના આખ્યાન (પ્રેમાનંદ)	૦—૪—૦
શ્રી કૃષ્ણ જન્મખંડ-(ગિરધરકૃત)	૧—૮—૦
વિશ્વામિત્રી મહાત્મ્ય-	૦ ૪—૦